LESSON PREPARATION

"પાઠની તૈયારી"

[illegible]

LESSON PREPARATION

BY

E. A. AND E. M. ANNETT.

TRANSLATED INTO GUJARATI

BY

REV R H BOYD, B A.

"પાઠની તૈયારી"

આન્નેટ સાહેબકૃત

ભાષાંતર કર્તા: રેવ. આર. એચ. બૉયડ, બી. એ.

સુરત:

ગુજરાતની ધર્મપુસ્તકપ્રસારક મડળીને સારૂ ઍરિશ મિશન
છાપખાનામાં એચ. આર. સ્કોટે છાપ્યું તથા પ્રગટ કર્યું.

ઈ. સ. ૧૯૧૫.

પ્રત ૧,૦૦૦] [કિંમત ૨ આના.

સુચના.

ટીચર ટ્રેનિગ કૉલેજના "લઘુ અભ્યાસક્રમ"ને સારૂ ઇન્ડીઆ સન્ડે સ્કુલ યુનિયન જે પુસ્તકો વાપરે છે. તેમાંનુ આ બીજુ છે.

અનુક્રમણિકા.

પ્રસ્તાવના.

પાઠની તૈયારી.

પ્રસ્તાવના.

તૈયારી.

સાબ્બાથશાળાના શિક્ષકનું કામ સફળ થાય માટે એકજ ઉત્તમ ઉપાય છે, એટલે કે પાઠની તૈયારી કરવી. આગળથી મેળવેલું જ્ઞાન, તેમજ સમયસૂચકતા તથા બહોળો અનુભવ મૂલ્યવાન છે ખરાં, પરંતુ તકનો લાભ લેવાને માટે શિક્ષકે દરેક પાઠની સંપૂર્ણ તૈયારી કરવી.

શિક્ષકે બે ભૂલથી હમેશાં સાવચેત રહેવું જોઇએ, પહેલી ભૂલ એ કે પાઠ સંબંધી જોઇએ તે કરતાં ઓછું જ્ઞાન, અને બીજી એ કે જોઇએ તે કરતા વધારે ને નિરૂપયોગી જ્ઞાન, એટલે કે છોકરા ગ્રહણ કરી નહિ શકે તેટલું જ્ઞાન. જો ઓછું જ્ઞાન હશે તો ઠરાવેલા વખતથી ઓછી મુદતમા પોતાનું કામ પુરૂં કરશે, ને જો વધારે જ્ઞાન હશે તો છોકરાંને ગુચવણમા નાખશે, ને તેઓ ધ્યાન દઇને સાંભળશે નહિ. એ ઉપરથી માલમ પડે છે કે, પાઠની તૈયારી કરવી એટલે કેવળ જ્ઞાન સંપાદન કરવું એટલુંજ નહિ, પણ જે ખાસ કામ કરવાનું છે તેને માટે જોઇએ તેવું ને જોઇએ તેટલું જ્ઞાન સંપાદાન કરવું. તે જ્ઞાન છોકરાંની ગરજ સારે તેવું હોવું જોઇએ, ને શિક્ષક બરાબર શીખવી શકે માટે તે સારી રીતે ગોઠવેલું હોવું જોઇએ.

દરેક પાઠની તૈયારી કરતાં શિક્ષકે ખાસ તથા સાદા નિયમ ધ્યાનમાં રાખવા જોઇએ. દરેક પ્રસંગે બે ચાર ખાસ વાતની જરૂર પડશે.

૧. પ્રાર્થના કરવી એ સૌથી અગત્યની વાત છે. કદાચ તમે કહેશો કે, તે વિષે કહેવાની કંઇ અગત્ય નથી, કારણકે આપણે બધા કબૂલ કરીએ છીએ કે, જ્યારે કંઇ પણ આત્મિક કામ શરૂ કરીએ છીએ ત્યારે પ્રાર્થના કરવી જોઇએ. પણ "કહેણી જુદી ને કરણી જુદી"—પ્રાર્થના કરવી એ આપણે જાણીએ છીએ, તેમ છતાં નમ્ર ને આશા ભરેલી પ્રાર્થના કર્યાં વગર આપણે ઘણીવાર કામ શરૂ કરીએ છીએ.

પ્રાર્થના.

દરેક પ્રસંગે શા માટે પ્રાર્થના કરવી? તેનાં બે કારણ છે. પહેલુ એ કે, બાળકોને આકાશના રાજ્યનો મર્મ શિખવવાને વાસ્તે આત્મિક અજવાળુ (જ્ઞાન) જોઇએ, ને બીજુ એ કે આપણા શિક્ષણની અસર બાળકનાં મન તથા વર્ત્તણુક ઉપર પડે માટે આત્મિક શક્તિ જોઇએ.

૨. પાઠ સપૂર્ણ રીતે સમજવો જોઇએ. પાઠ બરાબર સમજવાને માટે ધ્યાન દઇને બે ચાર વખત વાંચવો તમે પોતે શીખ્યા વગર બીજા લોકોને શીખવી શકતા નથી. પાઠમાં જો કોઇ અઘરૂ વાક્ય કે શબ્દ આવે, તો તેનો અર્થ બરાબર સમજવો જોઇએ; અને પાઠની વિગતો પણ બરાબર અનુક્રમે મનમાં ગોઠવાવી જોઇએ. જે શિક્ષકો પોતે પાઠની અગત્યની વાત સમજતા નથી, તેમ છતાં પણ બીજા લોકોને શિખવવા યત્ન કરે છે, તેઓ વિષે ઘણી રમુજી, પણ ખરૂં જોતાં ખેદકારક વાતો સાંભળવામાં આવે છે.

પાઠનો અભ્યાસ.

૩. પાઠ વિષે આપણે પોતે પોતાને ત્રણ સવાલો પૂછીએ.

(ક) આ પાઠ ઉપરથી શી આત્મિક શિખામણ આપવી? નાનાં બાળકોના મનમાં આત્મિક શિખામણ ઠસાવવી તે સહેલું કામ નથી. ઘણા શિક્ષકો એકજ વખતે છોકરાંની શક્તિ કરતાં વધારે શિખામણ આપવા જતાં પોતાનું કામ નિષ્ફળ કરે છે. પણ દરેક

ત્રણ સવાલ.

ડાહ્યો શિક્ષક દરેક પાઠની આગળથી એક પસંદ કરેલી મુખ્ય વાત પર વિશેષ ભાર મુકશે. આ મુખ્ય વાત સોનેરી વાક્યમાં મળે, પણ તેનો અર્થ સમજવાને માટે ને બીજાને સમજાવવાને માટે શિક્ષકે એનો ખુલાસો સાદા અને દરરોજ વપરાતા શબ્દોમાં ગોઠવી રાખવો જોઇએ, કારણકે આખરે પાઠ કેવો થશે તેનો આધાર ઘણે ભાગે આ મુખ્ય વાત પર છે.

(ખ) આ આત્મિક શિખામણ મારા વર્ગનાં બાળકોને કેવી રીતે લાગુ પડે છે? જો ધર્મતત્વજ્ઞાન ને એવા વિષયો વિષે બાળકને વાત કરશો, તો તેની છાપ તેના મન પર ઝાંખી પડશે ને તરત ભૂસાઇ જશે. છોકરાંના મન પર પડેલી શિક્ષણની અસર કાયમ રહે, માટે દરરોજની વર્તણુક ને કામને તરતજ લાગુ પડે એવી શિખામણ આપવી, એ ઉત્તમ રીત છે. બાળકોનો સ્વભાવ એવો છે કે, તેઓ કામ જાતે કરવાથી શીખે છે માટે જો તેઓ સમજી શકતાં નહિ હોય કે આ અપાએલી શિખામણ એમની દરરોજની ચાલચલગતને લાગુ પડે છે, તો તે શિખામણ તેઓના અંત:કરણમાં પેસશે નહિ ને અસરકારક થશે નહિ તૈયારી કરતી વેળાએ શિક્ષકે ઠરાવ કરવો જોઇએ કે, આવી અસર હું કેવી રીતે ઠસાવીશ ને પાઠની આત્મિક શિખામણ કેવી રીતે લાગુ પાડીશ. આ શિક્ષકના કામનો એક અગત્યનો ને મુશ્કેલ ભાગ છે માટે તે શિખવવાને વર્ગમાં આવે, ત્યાં સુધી જો એ વિષે વિચાર કરે નહિ તો કંઇ પણ વળે નહિ.

(ગ) આ પાઠમાં બાળકનુ મન વિશેષ ખેંચે એવુ શું છે?

છોકરાંઓ મોટાં થતાં જાય છે, તેમ તેમ તેઓનાં મન જુદી જુદી બાબતો તરફ ખેંચાય છે. પાઠ તરફ છોકરાંનુ મન બરાબર ખેંચાય માટે શિક્ષકે છોકરાંના સ્વભાવ વિષે ઉપરની વાત સમજવી જોઇએ. દરેક પાઠમાં પોતાના વર્ગનાં છોકરાંનું મન ખેંચાશે એવું શું છે, તે શિક્ષકે નક્કી જાણવું જોઇએ.

૪. ઉપરના ત્રણ સવાલોના સંતોષકારક જવાબ મળ્યા પછી શિક્ષકે પોતાના મનમાં વિચાર કરવો જોઇએ કે, આ પાઠની વાર્તા કેવી રીતે કહેવી. વિચારથી પસંદ કરેલા અભ્યાસક્રમના દરેક પાઠમાં કોઇ વાર્તા કે બનાવની હકીકત આવવી જોઇએ. અને જો એવી વાર્તા કે હકીકત ન હોય તોપણ શિક્ષક પોતાની યુક્તિથી જાણે કે તે પાઠમાં વાર્તા કે હકીકત હોય તેવી રીતે શીખવી શકે છે પ્રાથમિક અથવા જુનિયર વિદ્યાર્થીઓને શિખવવાને આ પ્રમાણે કરવુ એ વિશેષ જરૂરનું છે. છોકરાં જેમ જેમ મોટાં થતાં જાય છે, તેમ તેમ તેની જરૂર ઓછી પડતી જાય છે પરંતુ યુવાવસ્થાના વિદ્યાર્થીઓનુ પણ મન ખેંચવાને માટે તે ઉપયોગી છે. જો કોઇ વાર્તા સારી રીતે કહેવી હોય, તો શિક્ષકે તેના દરેક બનાવનો ચિતાર પોતાના મન આગળ ખડો કરવો જોઇએ. વાર્તામાંનાં મુખ્ય પાત્રો કેવાં દેખાય છે, તેમનો પોશાક કેવો છે તથા તેમનો ધંધો કેવો છે, તેમજ જે જગ્યાએ આ બનાવ બન્યો તેનો દેખાવ કેવો છે, અને બનાવના આસપાસના સંજોગો કેવા છે, આ બધાંની કલ્પના શિક્ષકે કરવી જોઇએ. એ ચિતાર વધારે સ્પષ્ટ દેખાય માટે, જો તેની જીંદગીમાં આના જેવો અનુભવ થયો હોય, તો તેણે વિચાર કરવો, કે મેં તે વખતે શું કર્યું હતું ને કેવી રીતે કર્યું હતું. તૈયારી કરતી વેળાએ જો શિક્ષક એ પ્રમાણે કરશે, તો જ્યારે વર્ગમાં શિખવવાને આવશે, ત્યારે તે એવી સહેલાઇથી વાર્તા કહેશે, ને વાર્તા એવી અસરકારક થશે કે તેથી તેને પોતાનેજ નવાઇ લાગશે. અલબત, વાર્તા કહેવામાં શિક્ષક પહેલ વહેલાં બિનાનુભવી હોય, અથવા કદાચ તેની કલ્પનાશક્તિ મંદ હોય, ને બનાવની હકીકત સ્મરણમાં રહેતી ન હોય, તેમ છતાં કહેવત પ્રમાણે "કામ કામને શીખવે છે."

પાઠની વાર્તા

પણ યાદ રાખવું કે, બૈબલની વાર્તા કહેવામાં કલ્પનાશક્તિ કબજામાં રાખવી જોઇએ. જેટલે દરજ્જે બનાવ તથા

લોકોના આસપાસના સંજોગો ને વિગતો વધારે સ્પષ્ટ અને ખરાં દેખાય, તેટલે દરજ્જે તે વાપરવી જોઇએ. નવા નવા બનાવ ઉત્પન્ન કરવાને માટે, અથવા શાસ્ત્રની વાર્તામાં જે પાત્રો છે તેઓ સિવાય બીજાં દાખલ કરવાને માટે કલ્પનાશક્તિ નહિ વાપરવી.

જ્યારે બૅબલની વાર્તા કહીએ છીએ ત્યારે તે વાર્તાની વિગતો તથા તેના બનાવની દરેક ઝીણી હકીકત છોકરાંના મનમાં પ્રવેશ કરે એ શિક્ષકનો હેતુ નથી, પરંતુ વાર્તાનો સાર છોકરાંના મનમાં ઠસી રહે એજ તેનો હેતુ છે. જો એમ કરવામાં આવે તો આ શીખવેલો પાઠ એકલી શિખામણને વાસ્તે છે, એમ તેમને લાગશે નહિ; પણ તે શીખવાથી તેમના મન ઉપર એવી છાપ પડશે કે, ભવિષ્યમાં જ્યારે પાઠની વાર્તા સ્મરણમાં આવશે, ત્યારે તેની સારી છાપ તેમની મનોવૃત્તિ ને ઇચ્છાને લાભકારક થશે. યાદ રાખવું કે, બાળકને હમેશાં નવી નવી વાતો સાંભળવાની ઇચ્છા થાય છે. જો છોકરાંઓ એવી વાર્તાઓ ખરા અંતઃકરણથી લક્ષમાં રાખશે, તો શિખામણ કે બનાવની હકીકત કે જેથી તેમના જ્ઞાનમાં વધારો થાય છે, તે કરતાં આ વાર્તાઓ વધારે અસરકારક થશે, એમ સંભવે છે. વાર્તા કહેતી વેળાએ જો છોકરાંનો ચહેરો જોશો, તો નક્કી સમજાશે કે, વાર્તા ગ્રહણ કરવાને વાસ્તે તેઓની વૃતિ કેવી જાગૃત છે.

૫. છોકરાંનુ મન શરૂઆતથી પાઠ તરફ ખેંચાય, માટે સારી અને લાગુ પડે એવી પ્રસ્તાવના કરવી જોઇએ. તેમનું મન પાઠ તરફ ખેંચાય, ત્યાર પહેલાં પાઠ વાંચવો પણ નહિ.

પ્રસ્તાવના.

કોઇક વખત પાઠ વિષે સુચક પ્રશ્નો પુછવા; ને કોઇક વખતે ગયા અઠવાડિયાના પાઠ વિષે સવાલ પુછવા, કે જેના જવાબથી આજનો પાઠ નીકળી આવે. વખતે કદાચ વાર્તા વધારે ઉપયોગી થાય; અથવા કોઇ વાર તમે એકાએક કહેશો કે, આજે હું ફલાણા વિષે વાર્તા કહેવા માગું છું. શિક્ષકે હમેશાં આગળથી

સારી પ્રસ્તાવના તૈયાર કરવી જોઇએ, એ માટે કે, દરરોજ એકજ રીતે શરૂ કરવાથી છોકરાંને કંટાળો લાગે નહિ. પ્રસ્તાવના ગમે તેવી હોય તોપણ નક્કી સમજવું કે તે માત્ર પ્રસ્તાવના છે, માટે ટુંકી હોવી જોઇએ. બનતાં સુધી શિક્ષકે ઠરાવેલા પાઠનો વિષય જેમ બને તેમ વહેલો શરૂ કરવો જોઇએ.

જોકે આવતાં પ્રકરણોમાં, જ્યારે જુદા જુદા વર્ગના વિદ્યાર્થીઓનાં લક્ષણોનો અભ્યાસ કરીશું, ત્યારે મજકુર સામાન્ય સૂચનાઓમાં ઓછો વધતો ફેરફાર થશે, તોપણ જ્યારે શિક્ષક દર અઠવાડીઆનો પાઠ તૈયાર કરવા બેસે, ત્યારે જો ઉપર આપેલી નિયમિત રીતે પાઠ તૈયાર કરશે તો ઘણો લાભ થશે.

પ્રશ્નો.

૧. તૈયાર નહિ થએલા શિક્ષકને કઇ કઇ અડચણો નડે છે?

૨. 'પાઠ વિષે શિક્ષકનું જ્ઞાન ઘણું વધારે હોવાથી અડચણ નડે છે' એનો તમારા પોતાના શબ્દોમાં ખુલાસો કરો.

૩. નિયમિત રીતે પાઠ તૈયાર કરવાના પાંચ નિયમો લખો.

૪. પાઠ તૈયાર કરતી વેળા શિક્ષકે તે પાઠ વિષે પોતાને કયા ત્રણ સવાલ પુછવા?

૫. પાઠમાં રહેલી આત્મિક શિક્ષા દરેક છોકરાંને લાગુ પડે છે, એ શોધી કાઢવાની શી અગત્ય છે?

૬. ઘણાખરા પાઠોમાં વાર્તા અથવા બનાવની હકીકત શા માટે હોવી જોઇએ?

૭. "વાર્તાનો ચિતાર ખડો કરવો" એટલે શું, તે તમારા પોતાના શબ્દોમાં સમજાવો.

૮. બૈબલની વાર્તા કહેવામાં કલ્પનાશક્તિ કેટલે દરજ્જે વાપરવી?

૯. બૈબલની વાર્તા કહેવાનો મુખ્ય હેતુ કયો છે?

૧૦. દરેક પાઠની સારી પ્રસ્તાવના તૈયાર કરવાની શી અગત્ય છે?

ખંડ ૧ લો.

પ્રાથમિક વિદ્યાર્થી.

પ્રકરણ ૧ લું.

પ્રાથમિક વિદ્યાર્થીનાં લક્ષણ.

આ વાતના સંબંધમાં બાળકની જીંદગીના ચાર જુદા જુદા વિભાગ પાડી શકાય છે, ને એ દરેક વિભાગ ચાર ચાર વરસનો છે. જો કે આ વિભાગ ચોક્કસ નથી, તોપણ સહેલાઇથી યાદ રાખી શકાય તેવા છે. તેઓ નીચે પ્રમાણે.—

એક વરસથી ચાર વરસ સુધી, બચપણ.

ચાર વરસથી આઠ વરસ સુધી, બાલ્યાવસ્થા—પ્રાથમિક વિદ્યાર્થી.

આઠ વરસથી બાર વરસ સુધી, કિશોર વય—જુનિયર વિદ્યાર્થી.

બાર વરસથી સોળ વરસ સુધી, યુવાવસ્થા—જુવાન વિદ્યાર્થી.

છોકરાં બાલ્યાવસ્થામાં સાબ્બાથશાળામાં આવવા લાગે છે. માટે પહેલો વિભાગ પડતો મુકી પ્રથમ પ્રાથમિક વિદ્યાર્થીઓ વિષે વિચાર કરીશુ.

ખાસ લક્ષણો.

પ્રાથમિક વિભાગના દરેક બાળકમાં જે છ ખાસ લક્ષણો હોય છે તેમાંનાં બે, એટલે ચપળતા તથા અલ્પજ્ઞાન શિક્ષકને પ્રતિકુળ હોય છે. અને બીજાં ચાર લક્ષણો, એટલે કલ્પનાશક્તિ તથા જીજ્ઞાસા, ચિત્ર જોવાની તેની ઇચ્છા તથા તેને કહેલી સર્વ વાતોનો ભરોસો, એ બધાં લક્ષણ શિક્ષકને અનુકુળ છે.

બાળકનું જ્ઞાન પરિમિત છે. તેમજ તેનો વિચારસંગ્રહ પણ થોડો છે. યાદ રાખવું કે, હજી સુધી જ્ઞાન મેળવવાની તક

તેને મળી નથી. રાજા કે શહેર. કે દેશ કે ફોજ એ શું હશે. તે વિષે તે લગભગ અજાણ્યો છે. એવા વિષયના વિચારો તેના જ્ઞાનની હદથી બહાર છે, કારણ કે હજુ સુધી તે તેના અલ્પ અનુભવમાં આવ્યા નથી. જે વિષે તે વાકેફગાર છે ને જે દરરોજ તેના જોવામાં આવે છે, તે વિષે તે સમજે છે. પણ તેના જોવામાં, અડવામાં, ને ચાખવામાં આવે છે, તે શિવાય બીજા વિષે તે થોડુંજ જાણે છે. તેનો શબ્દસંગ્રહ પણ પરિમિત છે, માટે ઘણા ખરા પ્રાથમિક વિદ્યાર્થીઓને શિખવવાને વાસ્તે શિક્ષકે સાદા એટલે ઘરમાં દરરોજ વપરાતા શબ્દો વાપરીને શિખવવું ; નહિ તો છોકરાં સમજે કે નહિ સમજે, તે કહી શકાય નહિ.

નાનાં બાળકની કલ્પનાશક્તિ તેજ છે, અને હજી સુધી કયું ખરૂં છે અને કયું કલ્પિત છે, શું શકય છે અને શું અશકય છે તેનો ભેદ બાળક બરાબર સમજી શકતુ નથી દરેક નાનું બાળક આ દુનિયામાં નવું આવેલું છે, માટે ઘણી બાબતો તેને નવી લાગે છે. તેથી તેની કલ્પનાશક્તિની મદદથી દુનિયા તેને સારી લાગે છે, ને ખુશી ઉપજે છે. આપણે બધા જાણીએ છીએ કે તેની જીજ્ઞાસા અપાર છે, તે ધ્યાનમાં રાખવાથી આપણને માલમ પડે છે કે, તેની અશાંત ચપળતા શી રીતે ઉપયોગમાં લઈ શકાય છે. [એટલે જો જીજ્ઞાસા તૃપ્ત થાય, તો અશાંતપણું પોતાની મેળે કબજામાં આવે]. તેમની આસપાસની ચેતન ને જડ વસ્તુઓની વાર્તા સાંભળવાને તેઓ તૈયાર છે; અને તેઓ વિષે જેટલું જાણી શકે, તેટલું જાણવા આતુર છે. ચિત્રો, પણ વિશેષે કરીને જે વસ્તુઓ તેને જાણીતી છે, તેનેજ જોવા માટે તે વધારે ચાહે છે. તેઓ તેના જાણીતા જેવા છે, અને તેઓ તાદૃષ્ય છે એટલે પોતે જોએલાં જેવાં દેખાય છે કે નહિ, તે જોવાને માટે બાળક આતુરતાથી તેને તપાસી જુએ છે. એવાં ચિત્રોને લીધે વિદ્યાર્થીઓ પાઠ વધારે સહેલાઇથી સમજી શકે છે.

બાળકના ધર્મનું મુખ્ય લક્ષણ ભરોસો છે. તેને જે જે કહીએ છીએ તે તે પૂર્ણ શ્રદ્ધાથી માને છે. માટે તેના વિશ્વાસનો પાયો હમણાંજ નાખવો જોઇએ. પરમેશ્વર મારી પાસે છે, તથા ઇસુ મારા પર પ્રેમ કરે છે ને મારી કાળજી રાખે છે, એ વાતો આ ઉમ્મરે બાળક સહેલથી સમજી શકે છે. તેને એવી રીતે શિખવવું કે કુદરત પણ પરમેશ્વરના ડહાપણ તથા પરાક્રમ વિષે સાક્ષી પુરે છે, અને તે જાણશે કે પરમેશ્વર બધે છે. એટલુજ નહિ, પણ પરમેશ્વરને રાજી કરવાને માટે તેના અંતઃકરણમાં ભલુ કરવાની ઇચ્છા ઉપજાવવી જોઇએ. અદૃશ્ય વસ્તુઓ પણ છેજ, ને તે મારી પાસે છે, એવુ તેને લાગશે. તે પ્રાર્થના કરશે ત્યારે તેની પ્રાર્થના સરળ તથા લાગણી ઉપજાવે એવી થશે. આ વર્ગમાં જો સારૂ કામ કરવામાં આવે તો બાળકના મનમાં પરમેશ્વર પર એવા વિશ્વાસનો પાયો નાખવામાં આવશે, કે જે જીંદગી પર્યંત સ્થિર રહેશે.

ઉપરનાં વિશેષ લક્ષણોથી ત્રણ અનુમાન કરી શકાય. પહેલુ, વાર્તાઓ બાળકનું લક્ષ જરૂર ખેંચશે. બીજુ, તે

વાર્તાઓ.

વાર્તાઓ તેના અલ્પ અનુભવને લાગુ પડે એવી હોવી જોઇએ. ત્રીજું, નાનાં બાળકો સહેલાઇથી સમજી શકે એવી સરળ રીતે વાર્તા કહેવી. જો આકાશમાંની બાબતો પર તેમનું લક્ષ લગાડવુ હોય તો પૃથ્વીની બાબતો કે જે વિષે બાળક ઓછુ વધતું સમજે છે, તેની સાથે તેનો સંબંધ હોવો જોઇએ. એ ઉપરથી સાફ દેખાય છે કે, શિક્ષકે બાળકો સાથે માનસિક સબંધ જોડવો જોઇએ. બાળકના અગાઉથી પ્રાપ્ત કરેલા જ્ઞાન સાથે આ સબંધ જોડાય તેમ કરવું જોઇએ. બાળકના અગાઉથી મેળવેલા જ્ઞાન સાથે જે સંબંધ રાખતું નહિ હોય તેવું જ્ઞાન શિખવવું નહિ, પણ તેના અગાઉથી પ્રાપ્ત કરેલા જ્ઞાન સાથે સંબંધ જોડ્યા પછી નવું જ્ઞાન શિખવવું. જો એ પ્રમાણે કરીશું તો નવા જ્ઞાનને બાળકના મનમાં અટકાવ વગર પેસવાનો માર્ગ મળશે.

જે વાર્તાઓ છોકરાંનું લક્ષ ખેંચે છે, તે જાણીતી વસ્તુઓ અથવા જે વિષયો તે સમજી શકે છે તે વિષેની વાર્તાઓ છે. બીજાં નાનાં બાળકો અને તેઓનાં સાહસ કામ તથા અનુભવ વિષે વાત કરશો, તો છોકરાંઓનું મન એકદમ જાગૃત થશે. બાળક મુસા કેવી રીતે નદી કિનારે મળ્યો, નાઅમાનની નાની દાસી, બાળક શમૂએલ, ઇસુ ખ્રીસ્તનું નાનપણ, યાઐરસની દીકરી, એવી એવી વાર્તાઓ પ્રાથમિક વિદ્યાર્થીઓને ઘણી રમુજી લાગે છે. પણ વાર્તાઓ કરતાં કુદરત વિષેની વાતો વધારે રમુજી લાગે છે એમ કહીએ તો ચાલશે. શાસ્ત્રના પાઠનો અર્થ દેખાડવાને અને મનમાં ઠસાવવાને માટે જાનવરોની તથા પક્ષીઓની વાતો હમેશાં કામમાં આવે છે. તેઓની ગરજ તથા તેમના અનુભવ બાળકના જેવા છે, તેઓની જીંદગી તેમના જેવી સાદી છે, ને તેને રમાડવાને વાસ્તે તેઓ જાણે કે ખાસ ઉત્પન્ન થયાં નહિ હોય એમ તેને લાગે છે. જો તમે કેવળ સૂચના આપશો કે, આજે હું એક જાણીતા જનાવર કે પક્ષી વિષે વાર્તા કહીશ, તો બાળકનું મન આનંદથી ઉભરાઇ જશે. ફુલ તથા ઝાડ પર પણ તે પ્રેમ રાખે છે. કદાચ હાલતાં ચાલતાં જાનવરો કરતાં તે ફુલઝાડ પર ઓછો પ્રેમ રાખતું હોય એવુ દેખાય, પરંતુ ફુલો વિણી શકાય, વધારે સહેલાઇથી પકડવામાં આવે, માટે તેઓ તેને વધારે ગમે છે. હવે જો તમે તપાસ કરશો તો માલમ પડશે કે, બૈબલ કુદરત વિષેની વાર્તાઓથી ભરપુર છે.

પ્રાથમિક વિદ્યાર્થીઓને માટે ઇતિહાસનો અભ્યાસક્રમ નહિ જોઇએ. કારણકે, ઇતિહાસની સાલ, અનુક્રમ બીનાઓ તથા માણસોની ઉમ્મર તેઓને બહુ ગમતાં નથી. જે વાર્તાઓ છોકરાંને લાયક હોય ને વિષયને લાગુ પડતી હોય, તે શિવાય બીજી કહેવી નહિ. જે શિખામણ બાળકની આત્મિક ગરજ પૂરી પાડનારી છે, તે દરેક વાર્તામાં સ્પષ્ટ દેખાવી જોઇએ; અને શિક્ષકે એવી રીતે વાર્તાની શિખામણ લાગુ પાડવી કે,

બાળકના મનમાં એવો વિચાર ઉત્પન્ન થાય કે, મારા પ્રેમાળુ બાપની ઇચ્છા પ્રમાણે વર્તવું એ મારી ખાસ ફરજ છે. જો પાઠમાં કોઇ ગૂઢ અર્થ કે આત્મિક શિખામણ હોય, તો છોકરાં મોટાં થાય ત્યાં સુધી તે કહેવાને મુલતવી રાખવી જોઇએ. બૈબલની વાર્તા કહેતાં, બૈબલમાં જે વાત છે તેમાં કંઈ પણ ફેરફાર કર્યા વગર કહેવી, નહિ તો છોકરાંઓ જ્યારે બીજીવાર એ ને એજ વાત જુદી રીતે સાંભળશે, ત્યારે તે ફેરફાર જાણીને તેઓને તિરસ્કાર આવશે. જેમ ઉડાઉ દીકરાએ બાપની આગળ પોતાની હકીકત જણાવી, તેમ પાઠનાં દરેક પાત્રોને પોતપોતાની હકીકત જણાવવા દેશો તો સારૂં. જો એમ કરશો તો વાત ખરીજ છે એમ લાગશે.

પ્રશ્નો.

૧. પ્રાથમિક વિદ્યાર્થીઓનાં એવાં બબ્બે લક્ષણો આપો કે જે શિક્ષકને પ્રતિકુળ ને અનુકુળ છે.

૨. પ્રાથમિક વિદ્યાર્થીઓનાં અલ્પજ્ઞાનના કારણથી શિક્ષણ કેવુ હોવુ જોઇએ ?

૩. બાળકની કલ્પનાશક્તિ તેજ ને જીજ્ઞાસા અપાર છે, એને લીધે શિક્ષકનુ કામ વધારે સહેલુ કે વધારે કઠણુ થાય છે? કારણ સહિત જવાબ આપો.

૪. પાંચ વરસના બાળકનાં ધર્મનાં ખાસ લક્ષણો કેવાં હોવા જોઇએ? તમારા પોતાના શબ્દોમાં જવાબ આપો?

૫. શા વિષેની વાર્તાઓ પ્રાથમિક વિદ્યાર્થીઓને વિશેષ રમુજી લાગે છે?

૬. પ્રાથમિક વિદ્યાર્થીઓને વાર્તા કહેવાના નિયમો આપો.

પ્રકરણ ૨ જું.

વાર્તારૂપી પાઠ—દાનીયેલ સિંહોના બીલમાં.

શિક્ષકનો અભ્યાસપાઠ.—દાનીયેલ ૬ ઠો અધ્યાય.

સોનેરી વાકય.—"તમારી સર્વ ચિન્તા તેના પર નાખો, કેમકે તે તમારી સંભાળ કરે છે." ૧ પીત. ૫; ૭.

પ્રાર્થના કર્યાં પછી તથા એકચિત્તે પાઠનો અભ્યાસ કર્યા પછી શિક્ષકે નક્કી ઠરાવ કરવો કે, આ પાઠ ઉપરથી મારે શી આત્મિક શિખામણ આપવી. આ આત્મિક શિખામણ સોનેરી વાકયમાં છે, એટલે "તે તમારી સંભાળ કરે છે." અથવા એ વાકય વધારે સરળ લાગે તો એ પ્રમાણે કહીએ કે, "પરમેશ્વર પોતાનાં બધાં છોકરાંની સંભાળ કરે છે." વાર્તા કહેવાનો હેતુ આ છે કે, આ મુખ્ય વાતની અસર છોકરાંના મન પર પડે, માટે શિક્ષક તૈયારી કરે છે ત્યારે શરૂઆતથી તે અંત સુધી મુખ્ય વાત ઉપર ધ્યાન રાખવું. દાનીયેલ ભલો માણસ હતો, માટે તેને એવી ખાતરી હતી કે, ગમે તે થાય પણ પરમેશ્વર મારી સંભાળ કરશે.

આત્મિક શિખામણ.

આ પાઠ ઉપરથી દેખાડી શકીએ છીએ કે, અસલના જમાનામાં જેમ પરમેશ્વરે સિંહોના બીલમાં દાનીયેલનું રક્ષણ કર્યું તેમ હાલના જમાનામાં પણ તે નાનાં બાળકનું દરરોજ સંરક્ષણ કરવાને તત્પર છે. પરમેશ્વર તેઓને તાવ અથવા બીજા મંદવાડથી, ઈજા, અકસ્માત, સર્પ અને વિંછીથી બચાવે એની જરૂર છે. બનતાં સુધી છોકરાંઓ પોતે એ બધાં જોખમ વિષે વાત કરે તેમ કરો. જો એ બધા બાહ્ય જોખમથી બચાવ પામવાને પરમેશ્વરની સહાય જોઇએ, તો પાપ અને શેતાનના આત્મિક હુમલાઓથી બચવાને વાસ્તે તેની મદદની કેટલી વિશેષ જરૂર છે. એ બધાંમાંથી પરમેશ્વર

શિખામણ કેવી રીતે લાગુ પાડવી.

તેઓનું સંરક્ષણ કરી શકે છે, પણ તેઓએ દાનીયેલના જેવા થવું જોઈએ. તે દરેક પ્રસંગે પરમેશ્વરના હુકમ પાળતો, પરમેશ્વરની પ્રાર્થના કરતો, પરમેશ્વર પર પ્રેમ કરતો ને તેની ઇચ્છા પ્રમાણે વર્તતો. શિક્ષકે છોકરાં ખાસ હુકમો પાળે ને અમુક બાબત વિષે ખાસ પ્રાર્થના કરે એવું ઉત્તેજન તેમને આપવું જોઇએ. આ બાબત વિષે છોકરાં પોતે આતુરતાથી સૂચના કરશે. જેમકે, માને મદદ કરવી, નાનાં ભાઇબહેનો પર પ્રીતિ રાખવી, હુકમ પાળવો, બીજાં છોકરાંઓને પોતાનાં રમકડાં રમવાને આપવાં, દરરોજ સવારે તથા સાંજે પ્રાર્થના કરવી. શિક્ષકે એવી રીતે શિખવવું કે, તેઓને એમ ખાતરી થાય કે, જો એ પ્રમાણે કરીશું તો પરમેશ્વર રાજી થશે, અને જેમ દાનીયેલ કરતો હતો તેમ અમે પણ કરીએ, માટે જેવી રીતે પરમેશ્વરે તેનું સંરક્ષણ કર્યું, તેવીજ રીતે આપણું પણ સંરક્ષણ કરશે.

આગળનાં પ્રકરણમાં આપણે જોયુ કે જનાવર અથવા પશુ વિષેની વાર્તા નાનાં બાળકનાં મનનું વિશેષ આકર્ષણ કરે છે.

રસિક વાર્તા.

માટે આ વાર્તામાં જે તેઓનું લક્ષ વધારે ખેંચશે, તે સિંહનું બીલ છે. વળી વાર્તામાં જે દૂતની હકીકત છે તે તરફ બાળકનુ મન ખેંચાશે, કારણ કે જો યોગ્ય રીતે દૂતો વિષે વાત કરીશું તો એવી વાર્તા બધાં છોકરાંને સારી લાગશે. પવિત્ર દૂતો વિષે કદાચ તમારા વર્ગનાં છોકરાં બહુ જાણીતાં નહિ હોય. પણ તમારે એવી રીતે શિખવવુ કે છોકરાંઓ માનશે કે દૂતો છેજ. વાર્તા શિખવતી વેળાએ માત્થી ૧૮; ૧૦ યાદ રાખો.

પાઠનો ચિતાર તમારા મનની આગળ ખડો કરવાને માટે વાર્તાની મુખ્ય વાત પસંદ કરો. આ વાર્તામાં પાંચ મુખ્ય

વાર્તા.

વાત છે. શિક્ષકના મનની આગળ ચિતાર સ્પષ્ટ રીતે ખડો થાય, ત્યાં સુધી તેણે દરેક વાતનો વિગતવાર અભ્યાસ કરવો જોઇએ. હવે એ પાંચ વાત વિષે આપણે અનુક્રમે વિચાર કરીએ.

૧. દાનીયેલ બારી પાસે પ્રાર્થના કરે છે.

દાનીયેલ પોતે ભલો માણસ હતો, ને ખરા દેવની ભક્તિ કરતો. પરંતુ તે મૂર્તિપૂજક રાજાની નોકરી કરતો હતો. તેના ભુંડા શત્રુઓએ રાજાને ફોસલાવ્યો તેથી તેણે એવો કાયદો જાહેર કર્યો કે, ત્રીસ દિવસ સુધી જે કોઈ પરમેશ્વરની પ્રાર્થના કરશે તેને સિંહના બીલમાં નાખવામાં આવશે. ત્યાર પછી દાનીયેલ, કાયદો છતાં, પોતાની રીત પ્રમાણે પ્રાર્થના કરશે કે કેમ તે જોવાને માટે તેઓ તેની વાડીનાં ઝાડોમાં સતાઈ રહ્યા હતા.

તેઓ જુએ છે, એટલામાં દાનીયેલ એક મોટી ઉઘાડી બારી, જે વાડીમાંથી બરાબર દેખાય છે, તેની પાસે આવે છે. તેને જુઓ. તે ઘરડો છે, તેને લાંબી ધોળી દાઢી છે, તેનો ચહેરો માયાળુ છે, તે પોતાની દરરોજની રીત પ્રમાણે ઘુંટણ ટેકવીને પરમેશ્વરની પ્રાર્થના કરે છે.

૨. તેના શત્રુઓ રાજા પાસે જાય છે.

રાજા રાજ્યાસન પર બેઠો છે, તેનાં ભપકાદાર લુગડાં સોનેરી, આસમાની તથા કિરમજી છે. તેના હાથમાં રાજદંડ, ને તેના માથા પર મુગટ છે. ભાલાવાળા સિપાઈઓ ચોતરફ ઉભેલા છે. હજુરીઆ ચમર ઢોળે છે. દાનીયેલના શત્રુઓ રાજમહેલમાં આવીને રાજા સાહેબની આગળ રાજ્યાસનનાં પગથિયાં ઉપર ઘુંટણ ટેકવે છે ને એવી ફરિયાદ કરે છે કે, દાનીયેલ કાયદો તોડે છે. હવે રાજા દાનીયેલ પર પ્રેમ કરે છે, તેમ છતાં પણ સિંહોના બીલમાં નાખવાને માટે દાનીયેલને તેઓને સોંપી દે છે.

૩. દાનીયેલ સિંહોના બીલમાં.

તે બીલ ચારે તરફ પત્થરથી ચણેલું ભોંયરૂં છે, ને તેમાં જ્યાં ત્યાં હાડકાં પથરાએલાં છે. તે ગંદુ છે ને તેમાંથી દુર્ગંધ નીકળે છે. તેમાં અનેક પીળાશ પડતા કેશવાળા સિંહો આમતેમ ફર્યાં

કરે છે. તેઓ પોતાનાં પુછડાં ક્રોધથી હલાવે છે તથા ગર્જના કરે છે; તેઓ હાડકાં સુંઘે છે ને તાજું લોહી શોધે છે.

સિંહોની વચમાં દાનીયેલને નીચે ઉતારવામાં આવે છે. પોતાનું રક્ષણ કરવાને તેની પાસે કંઈ હથિયાર નથી. તેના દુશ્મનો બીલના મ્હો પર પત્થર મૂકે છે. દાનીયેલ નિર્ભય ઉભો રહે છે, ને આકાશ તરફ નજર કરીને પ્રાર્થના કરે છે. તેના અજાયબ જેવા ભરોસા વિષે વિચાર કરો.

પરમેશ્વરનો એક દૂત આવે છે, તે દાનીયેલ પાસે ઉભો રહે છે, ને સિહોનાં મ્હો બંધ કરે છે. પરમેશ્વર કેવી રીતે સરક્ષણ કરે છે તે વિષે વિચાર કરો. યોગ્ય વખતે તે પોતાના દૂતને મોકલે છે.

૪. બેચેન રાજા.

જુઓ, રાજાનું શયનભુવન ને તેનો સુંદર પલંગ (એસ્તેર ૧; ૬, ૭). રાજા બેચેન તથા ચિન્તાતુર થઈને પલંગ પર તરફડીયાં મારે છે; તે ખોરાકથી ને વાજીંત્રના નાદથી દિલાસો મેળવવા ચહાતો નથી.

૫. રાજા સવારમાં બીલ પાસે આવે છે.

રાજાને જુઓ, તેનો પોષાક જથરપથર છે, તે થાકેલો ને દુ:ખિત જણાય છે. દાનીયેલ વિષે તે ચિંતા કરે છે. તે દાનીયેલને હાંક મારે છે કે, શું તારો દેવ તને બચાવી શકયો છે?

દાનીયેલ જવાબ આપે છે! ખ્યાલ કરો કે, આસપાસના ઉભા રહેલા લોકો કેવો અચંબો પામે છે, ને રાજા કેવો આનંદીત થાય છે. હવે દાનીયેલને સહીસલામત બીલમાંથી બહાર કાઢવામાં આવે છે, ને તેને બદલે તેના શત્રુઓને બીલમાં નાખવામાં આવે છે.

આ પ્રમાણે આપણે પાંચ ચિતાર આપણા પોતાના મન આગળ ખડા કર્યા છે. તેઓની દરેક વિગત સ્પષ્ટ દેખાય છે. પાઠની વાર્તા કહેવા જેવી હમણાં તૈયાર છે, કારણ કે તે કેવળ

આ ચિતારનું વર્ણન છે. શિક્ષકે એવી આબેહુબ રીતે તેનું વર્ણન કરવું કે, જેમ વાર્તાના ચિતાર તેના પોતાના મન આગળ ખડા થયા છે, તેમજ તે બાળકના મન આગળ સ્પષ્ટ ખડા થશે. વાર્તાની મુખ્ય અસર એવી હોવી જોઇએ કે, છોકરાંઓ ખાતરીપૂર્વક જાણુશે કે, જેઓ પરમેશ્વર પર પ્રેમ કરે છે તથા તેની સેવા કરે છે, તેઓને તે અજાયબ જેવી રીતે સભાળે છે.

હવે છોકરાંની જીજ્ઞાસા જાગૃત કરવાને માટે તથા તેમના અગાઉથી પ્રાપ્ત કરેલા જ્ઞાન સાથે આ પાઠને જોડવાને માટે વાર્તાની પ્રસ્તાવનાની જરૂર છે. એટલે છોકરાંને મળેલા અનુભવ સાથે માનસિક સબંધ થવો જોઇએ. જો આપણે સિંહો વિષે નીચે મુજબ બે ચાર સૂચક પ્રશ્નો પુછીએ ને તે સવાલોના જવાબ છોકરાંઓને આપવા દઇએ, તો તેમની જીજ્ઞાસા સહેલાઇથી જાગૃત થશે. જેમકે, શુ તમે કોઈ દિવસ સિંહ જોયો છે? તે કેવડો હોય છે? જો સિંહ તમને મળે તો તે દયા રાખે? જો તમને તે મળશે તો તે શું કરશે? એવા સવાલ પુછ્યા પછી આ પ્રમાણે આગળ ચલાવો કે આજે હુ તમને સિંહ વિષેની એક વાર્તા કહેવા માગું છુ.

પ્રસ્તાવના.

ઉપર મુજબ કરવાથી આપણે પાઠની વાર્તા કહેવા લાગીશુ. તે પહેલાં છોકરાંનુ મન ખેંચાશું, ત્યાર પછી જો સારી રીતે વાર્તા કહીશું તો શરૂઆતથી તે અંત સુધી તેમનુ લક્ષ રાખવાને મુસ્કેલ પડશે નહિ.

પ્રકરણ ૩ જું.

દૃષ્ટાંત—બે ઘર.

શિક્ષકનો અભ્યાસપાઠ. માત્થી ૭; ૨૧-૨૭ અને લુક ૪; ૪૪-૪૯.

સોનેરી વાકય: "પણ તમે વચનના પાળનારા થાઓ કેવળ સાંભળનારાજ નહિ." યાકુબ ૧; ૨૨.

આત્મિક શિખામણ.

જેમ આત્મિક શિખામણ સોનેરી વાકયમાં જેવી જોઇએ તેવી સરળ મળશે. આ પાઠની વાર્તાનો મુખ્ય હેતુ આ છે કે, છોકરાંઓ વર્ગમાં જે શિખામણ સાંભળે છે, તે પ્રમાણે ચલવાને તેઓને ઉત્તેજન મળે, અને તે પ્રમાણે કરવાને તેઓની ઇચ્છા વધારે દૃઢ થાય. આ વાત ભુલી જવી નહિ.

આત્મિક શિખામણ કેવી રીતે લાગુ પાડવી.

જ્યારે આ પાઠ વિષેની શિખામણ લાગુ પાડીએ, ત્યારે ગઈ જીંદગી વિષે વિશેષ વિચાર કરીએ તો સારૂં. શું આપણે ડાહ્યા છીએ કે મૂર્ખ તે કેવી રીતે જાણીએ? આપણે આગલા પાઠની સાંભળેલી શિખામણ પ્રમાણે ચાલીએ છીએ કે નહિ, તે ઉપરથી જાણીશું. આગળના રવિવારોએ ખાસ ફરજ વિષે જે સૂચનાઓ છોકરાંઓને આપી તે સૂચનાઓ વિષે શિક્ષક બીજીવાર પુછશે કે, છોકરાંઓએ તે ફરજો કેવી રીતે બજાવી. એમ કરવાથી ઘણો લાભ થશે, કારણ કે, તેથી આગળ ઉદ્‌ભવેલી સુઇચ્છાઓ ફરીથી જાગૃત થશે; અને જે બાબત વિષે છોકરાંઓ બેપરવા થતાં જાય છે તેનો વિચાર કરવાને તેઓને ઉત્તેજન મળશે.

બધાં છોકરાંઓ ચાલુ અથવા આગળ વધતું કામ જોવા બહુજ ચાહે છે, માટે આ વાર્તામાં બાંધવાનું કામ તેઓનું મન વિશેષ ખેંચશે. જુદા જુદા સાધનોનો ઉપયોગ કરતાં ઘર અથવા ભીંત કેવી રીતે વધે છે, તે જોઇને છોકરાં ખુશી થાય છે; પ્રાથમિક વિદ્યાર્થીઓને રેલ જરા બિહામણી લાગે છે, પરંતુ તે પણ તેમનું મન ખેંચશે. કદાચ તેઓએ એના જેવો બનાવ કોઇ દિવસ જોયો ન હોય, તોપણ તેની કલ્પના તેઓ સહેલથી કરી શકે છે. પાયા તરફ તેઓનું મન પોતાની મેળે વિશેષ ખેંચાશે નહિ, કારણ કે તેઓનો અનુભવ એટલો અલ્પ છે કે પાયાની અગત્ય હજી બરાબર સમજતાં નથી. પણ પાયા વિષેની વાત પાઠનો અગત્યનો ભાગ છે, માટે તે વિષે શિક્ષકે ખાસ ધ્યાન આપવું.

રસીક વાત.

હકીકતના પાઠની માફક આ દૃષ્ટાંતના ચિતાર મનની આગળ ખડા કરી શકીએ છીએ. નીચેના ત્રણજ ચિતાર જોઇએ.

૧. બે માણસ ઘર બાંધે છે.

આ બેમાંનો દરેક અકેક ઘર બાંધે છે. એક રેતીની સપાટી પર બાંધે છે, પણ બીજો ખોદ્યા કરે છે, રેતી કહાડે છે અને કઠણ ખડક મળે ત્યાં સુધી ખોદીને આ ખડક પર પોતાનું ઘર બાંધે છે. તેના કામ કરતાં પહેલા માણસનું કામ સહેલું છે, તેનું ઘર બહુજ જલદી પુરૂં થશે. આ બે માણસો કેવી રીતે બાંધે છે તે જુઓ. આખરે બન્ને ઘર પુરાં થાય છે, બેઉ સારાં ને સગવડ ભરેલાં દેખાય છે, લોકો તેઓમાં રહે છે.

૨. તોફાન.

આકાશ અંધકારથી છવાયું છે, મુસળધાર વરસાદ પડે છે, પવનના સુસવાટા થાય છે, વિજળી ચમકે છે, નદીમાં પળેપળ પાણી ચઢે છે, ને આખરે તે ઉભરાય છે. ત્યાર પછી આ બે

ઘરની આસપાસ પાણી વમળ મારે છે. જોકે પવનના સપાટા લાગે છે, રેલ આવે છે, તોપણ બીજા માણસનુ ઘર સ્થિર અને સલામત રહે છે. પણ પહેલા માણસના ઘરનું શુ થાય છે? ભીંતની નીચે પાણી ઉતર્યું છે, ને રેતી ધોવાઇ જાય છે, ઘર પડવા લાગે છે. તેમાં રહેનારાઓ ગભરાય છે. ત્યાર પછી પવનના સપાટાથી તે એકાએક પડી જાય છે, ભાંગી જાય છે, તેનો પાયો નથી માટે છેક ધોવાઇ જાય છે.

૩. તોફાન પછી.

સૂરજ પ્રકાશે છે, વાદળાં વેરાઇ જાય છે, વિજળી બંધ થઈ છે, હવા સ્વચ્છ છે, નદીનું પાણીનુ ઉતરી ગયું છે, પક્ષીઓ બોલે છે, એક ઘર સહીસલામત ઉભું છે; ને તેમાં રહેનારાંઓ સુખી છે. બીજું ઘર ધોવાઈ ગયુ છે ને તેનો કંઈ પત્તો લાગતો નથી.

આ વાર્તાની શિખામણ લાગુ પાડીએ તે પહેલાં આપણે તેનો ખુલાસો કરવો જોઈએ. ખુલાસો ટુંકો ને સહેલથી સમજાય એવો હોવો જોઈએ. એક ઘર શા માટે ઉભું રહ્યુ ને બીજું ઘર શા માટે પડી ગયુ, તે વિષે છોકરાંઓની પાસે કહેવડાવો, ને ધ્યાન આપો કે, તેઓ બરાબર સમજે કે આ બે ઘરમાં કેટલો બધો ફેરફાર હતો. પ્રભુ ઇસુ ખ્રીસ્તે કહ્યુ હતું કે કેટલાએક લોકો એક ડાહ્યા માણસના જેવા છે, કે જેણે ખડક પર ઘર બાંધ્યું, ને બીજા કેટલાએક મૂર્ખના જેવા છે કે જેણે રેતી પર ઘર બાંધ્યું. જેઓએ તેનું સાંભળ્યું હતું ને તે પ્રમાણે કર્યું હતું, તેઓ ડાહ્યા માણસના જેવા હતા. જ્યારે દુઃખ તથા મરણરૂપી તોફાન થયું ત્યારે તેઓ ગભરાયા નહિ, અને તેઓને કંઈ પણ ઇજા કે નુકસાન થયું નહિ. જેણે ખડક પર બાંધ્યું, તે તોફાન છતાં સુખી હતો. તેજ રીતે તેઓ પણ સુખી થયા. જેઓએ કેવળ સાંભળ્યું હતું પણ તેના કહ્યા પ્રમાણે કર્યું નહોતું, તેઓ મુર્ખના જેવા હતા. દુઃખના દિવસોમાં તેઓને સહાય કરવાને માટે તેઓની પાસે કોઈ નહોતું. માટે તેઓને ઘણું દુઃખ તથા હાની વેઠવાં પડયાં.

આ ખુલાસો કર્યાં પછી શિખામણ લાગુ પાડવી.

આપણે આગળ જોયું કે આ પાઠમાં છોકરાંનું મન જે વિશેષ ખેંચશે, તે ચાલુ બાંધકામ છે માટે પ્રસ્તાવના કરવાને વાસ્તે તે ચાલશે. જેમકે, શું તમે કોઇ વાર ચણવામાં આવતું ઘર જોયું? શુ કડિયા છાપરેથી માંડીને કામ કરવા લાગ્યા? પહેલવહેલાં તેઓએ શુ નાખ્યું હતું? (છોકરાંઓ "પાયો" એ જવાબ આપે તેવો યત્ન કરો). આજની વાર્તા પ્રભુ ઇસુ ખ્રીસ્તે એક પ્રસગે કહી હતી. તે બે માણસો વિષે છે, કે જેઓએ પોતપોતાને માટે એકેક ઘર બાંધ્યુ

પ્રસ્તાવના.

પ્રકરણ ૪ થું.

નીતિ બોધ. એક ધન્ય વચન.

શિક્ષકનો અભ્યાસપાઠ. ૧ શમૂ. ૧; ને ૨;

સોનેરી વાકય: "મનમાં જે શુદ્ધ છે તેઓને ધન્ય છે, કેમકે તેઓ દેવને જોશે." માત્થી ૫; ૮.

આ પાઠમાં વાર્તા નથી એટલુંજ નહિ, પણ તેની આપણે વાર્તા ઘડી શકીએ એમ નથી. વખતે એવા પાઠ પણ શિખવવા પડે છે. કારણ કે જોકે તેઓમાં વાર્તા નહિ હોય, તોપણ તેઓમાં નાનાં છોકરાંઓને સારૂ ઘણી અગત્યની શિખામણ રહેલી હોય છે. નાનાં બાળકોને શિખવવાને વાસ્તે વાર્તા કહેવાની રીત ઉત્તમ છે, તે ધ્યાનમાં રાખીને આ ધન્ય વચનનો ખુલાસો કરવાને માટે શાસ્ત્રના એક બીજા પુસ્તકમાંથી એક વાર્તા પસંદ કરીને વાપરી શકીએ. જો આજકાલના કોઇ છોકરા વિષે શિક્ષક તેમને લાયક ને લાગુ પડે તેવી વાર્તા જાણતો હોય તો તે ચાલશે. પરંતુ બૈબલમાં પણ એવી એક સારી વાર્તા મળશે. શમૂએલે પરમેશ્વરને જોયો નહોતો, પણ તેણે પરમેશ્વરની વાણી સાંભળી હતી. તેના વિષેની વાર્તા આ ધન્ય વચનનો અર્થ બરાબર દેખાડશે, અને મનમાં ઠસાવશે. આજનો પાઠ શમૂએલ વિષેનો નથી, પણ ધન્ય વચન ને તેનો અર્થ છોકરાંનાં મનમાં ચોંટી રહે એ આજના પાઠનો મુખ્ય હેતુ છે. માટે શમૂએલ વિષે જો વાર્તા કહીએ, તો જરા યુક્તિ કરવી જોઇએ કે તેના વિષેની વાર્તા આજના પાઠને બરાબર બંધ બેસે.

આત્મિક શિખામણ.

આત્મિક શિખામણ સોનેરી વાકયમાં સ્પષ્ટ દેખાય છે. એટલે કે, જેઓનું મન શુદ્ધ છે તેઓને ધન્ય છે. અર્થાત્ તેઓ સુખી છે. દરેક છોકરો મનમાં શુદ્ધ થવાની ઇચ્છા રાખે એ આપણી મતલબ છે.

આ પાઠની શિખામણ લાગુ પાડવાને વાસ્તે, આગળથી વિચાર કરવો જોઇએ કે, નાના બાળકનું ને વિશેષે કરીને મારા વર્ગનાં બાળકોનાં મનનું વલણ કયા કયા ખાસ પાપ તરફ છે. જેમકે, ચોરી કરવી, અશુદ્ધ હાથ, જુઠું બોલવું, અશુદ્ધ હોઠ, ક્રોધ અને અનાજ્ઞાંકિતપણું, અને અશુદ્ધ મન. છોકરાંઓ પોતે આ પાપ વિષે કહે એમ કરો. દાખલાઓ સહિત પાઠની શિખામણ સમજાવો. જેમકે, જો તમારાં સ્વચ્છ કપડાં કીચડમાં પડે તો શું થાય? અથવા તમારા સાફ હાથ સાહી કે રંગને અડકે તો શું થાય? દરેક બાળકને કહેજો કે આજે આપણે જે પાપ વિષે વાત કરતા હતા, તે પાપ ન કરવાનો યત્ન આવતે અઠવાડીએ કરો. જો ઇસુ ખ્રીસ્તની સહાય માગીશું તો તે આપણું મન શુદ્ધ કરી શકે છે.

શિખામણ કેવી રીતે લાગુ પાડવી.

આ પાઠ કોઈ બિનાની હકીકત નથી, માટે શમૂએલ વિષેની વાર્તા કે જે ધન્ય વચનનો ખુલાસો કરવાને વાપરીએ છીએ, તે તરફ બાળકનુ મન વિશેષ ખેંચાશે. તે છોકરા તરફ ને કદાચ તેના નાના ડગલા તરફ વિદ્યાર્થીઓનું મન ખેંચાશે.

રસિક વાત.

વાર્તા.

તૈયારી કરતી વેળાએ વાર્તાના ત્રણ ચિતાર મનમાં ખડા કરી શકાએ.

૧. શમૂએલને મંદિરમાં લેવામાં આવે છે.

લાંબા વખત સુધી શમૂએલની માએ દીકરો મેળવવાની પ્રાર્થના કરી હતી. પછી જ્યારે પરમેશ્વરે તેને શમૂએલ આપ્યો, ત્યારે તેણે વચન આપ્યું કે તે જોઇએ તેટલો મોટો થશે, ત્યારે મંદિરમાં પરમેશ્વરની સેવા કરવાને માટે હું તેને અર્પણ કરીશ. તેમને લાંબી મુસાફરી માટે નીકળતાં જુઓ (૧ શમૂ. ૧; ૨૪, ૨૫). એક મોટો ને બળવાન ખેડુત છે, તેની વહુ ને તેનો નાનો દીકરો તેની સાથે છે. તેમજ મંદિરમાં

અર્પણ કરવાનાં સાધનો તેઓ લાવે છે. આગળ ચાલતાં ચાલતાં તેમની ઠરાવેલી જગ્યાએ તેઓ આવી પહોંચે છે. તે મંદિર એક મોટા કાળાશ પડતા ભુરા ચામડાનો મંડપ હતો. અંદર નીલા, જાંબુઆ તથા કિરમજી રંગના પડદા હતા. એલી પ્રમુખ યાજક હતો, તે ઘરડો ને માયાળુ હતો, તેની દાઢી લાંબી હતી, તેનો પોષાક સુંદર હતો, તે શમૂએલને તેના માબાપના હાથમાંથી લે છે.

૨. બાળક મંદિરમાં સેવા કરે છે.

તે યાજકને મદદ કરે છે, તેના જેવાં લુગડાં પહેરે છે. તે સણનો એફોદ પહેરે છે. તે એફોદ શણગારેલી એક જાતની બંડી હતી, કે જે તેના ખભાથી કમ્મર સુધી પહોંચે એટલી લાંબી હતી દરેક વરસ એક મોટુ પર્વ પાળવામાં આવતું હતું, તે વખતે લોકોનાં ટોળેટોળાં મંદિરે આવતાં હતાં. શમૂએલની મા પણ આવતી ને દરેક પ્રસંગે તેને માટે એક સારો નવો અંગરખો લાવતી. શમૂએલ શિવાય મંદિરમાં બીજો કોઈ છોકરો નહોતો કેવળ યાજકો હતા. તેણે પરમેશ્વર તથા તેની સેવા પર પ્રેમ રાખ્યો. તે એલીની સાથે સહીસલામત તથા સુખી રહેતો હતો. તે બહુ ભલો છોકરો હતો, માટે પરમેશ્વરે તેને આશીર્વાદ દીધો, જેથી તે બધાને પ્રિય લાગતો હતો.

૩. પરમેશ્વરનું તેડું.

શમૂએલ મંદિરમાં એલી પાસે સુતો હતો, દીવા ઝાંખા પણ આખી રાત પ્રકાશતા હતા. મધ્ય રાત્રે તેણે જાગીને એક વાણી સાંભળી તે એવી કે "શમૂએલ, શમૂએલ." તે ધારતો હતો કે એલી મને બોલાવે છે, માટે એકદમ તેની પાસે દોડી ગયો. ત્રણ વખત તેણે એ પ્રમાણે કર્યું. ત્યારે એલીએ તેને કહ્યું કે, તે પરમેશ્વરની વાણી છે. વળી તેણે તેને કહ્યું કે, જો બીજીવાર વાણી સાંભળવામાં આવે, તો કહેજે કે, બોલ યહોવાહ, કેમકે તારો સેવક સાંભળે છે. હવે ધ્યાન દઈને આ વાતનો ચિતાર મનની આગળ ખડો કરો. તે છોકરો અદબથી પરમેશ્વરનું

કહેવું સાંભળે છે પણ બિહીતો નથી, કારણ કે પરમેશ્વરની વાણી હમેશાં દયાળુ તથા મીઠી છે. છોકરાંઓને સમજાવો કે, તે પ્રસંગે પરમેશ્વરે એલી સાથે કે બીજા યાજકો સાથે વાત કરી નહિ પણ એકલા શમૂએલની સાથે વાત કરી, તેનું કારણ એ હતું કે તે મનમાં શુદ્ધ હતો. હવે સોનેરી વાક્ય વિષે બોલવાનો પ્રસંગ છે, માટે એ વિષે વાત કરો, ને તેને મુખપાઠ કરાવો.

આ પાઠની શરૂઆત કરતી વેળાએ **શુદ્ધ** શબ્દ પર વિશેષ ભાર મૂકો, અને શું શું શુદ્ધ છે તે છોકરાંઓ પાસે કહેવડાવો.

પ્રસ્તાવના. જેમકે, કેવું પાણી સારૂં લાગે છે? (શુદ્ધ પાણી). શુદ્ધ એટલે નિર્મળ, સ્વચ્છ ને ચોકખુ ; જેમકે, સ્વચ્છ લુગડાં, ચોકખાં મ્હોડાં. શું તમે કદી શુદ્ધ મન વિષે સાંભળ્યું છે? શુદ્ધ મન એટલે શું? એવા સવાલ પૂછયા પછી શમૂએલ વિષેની વાર્તાની શરૂઆત કરો, એટલે એક છોકરો જે મનમાં શુદ્ધ હતો તેના વિષેની વાર્તા.

પ્રકરણ ૫ મું.

નીતિ બોધ. ગીત. ૨૩.

શિક્ષકનો અભ્યાસપાઠ. ગીત. ૨૩.

સોનેરી વાક્ય.—"યહોવાહ મારો પાળક છે."

આગળના પાઠના જેવો આ પાઠ પણ કોઈ બિનાની હકીકત નથી. પરંતુ તે એટલો બધો મનોરંજક છે કે, તેનો અર્થ દર્શાવવાને માટે બીજા પુસ્તક કે અધ્યાયમાંથી વાર્તા લેવાની જરૂર નથી. જેમ વાર્તાનો અર્થ સ્પષ્ટ દેખાય છે, તેમ આ પાઠનો અર્થ સ્પષ્ટ દેખાડી શકીએ છીએ, અને કુદરતનું શિક્ષણ હમેશાં નાનાં છોકરાંને સારૂં લાગે છે. જોકે ઘણું કરીને વિદ્યાર્થીઓએ કેવળ સોનેરી વાક્ય મોઢે કરવું, તોપણ પ્રાથમિક વર્ગના વિદ્યાર્થીઓ આખું ગીત મોઢે કરે તો સારૂ; કારણ કે આ ગીત મોઢે કરવા લાયક છે.

આત્મિક શિખામણ.

સોનેરી વાક્યના સુંદર શબ્દો કરતાં આપણે વધારે સરળતાથી આત્મિક શિખામણ આપી શકતા નથી. આપણે ચાહીએ છીએ કે દરેક વિદ્યાર્થી અંતઃકરણથી સમજે કે પ્રભુ ઇસુ મારી સાથે નિકટનો સંબંધ રાખે છે; એ માટે "મારો" એ શબ્દ પર વિશેષ ભાર મૂકવો. અમે એકલા નથી, ઈસુ અમારી સાથે છે, એવું તેઓ અંતઃકરણથી સમજે માટે આપણે ખાસ યત્નો કરવા જોઇએ.

શિખામણ કેવી રીતે લાગુ પાડવી.

ઈસુ ખ્રીસ્તના હલવાન થવુ એ કેવી સારી વાત છે! ખોટું કરવાથી આપણે તેની પાસેથી કદી ભટકી ના જઇએ. કોઈ પણ વખતે આપણે તેની પ્રાર્થના કરી શકીએ છીએ. અને જો તેની પાસે રહેવું હોય તો તે પ્રમાણે કરવું.

છોકરાંઓને સમજાવો કે, તેઓ દરરોજ સવારે આ પ્રાર્થના કરે કે, "હે મારા ઘેટાંપાળક, આજે મને તારી પાસે રાખજે."

ઘેટાં તરફ છોકરાંનું મન વધારે ખેંચાશે. નાનાં હલવાનો એટલાં રમુજી તથા નમ્ર છે, અને ઘેટાં એટલાં નિર્દોષ તથા ગરીબ છે કે, જો આપણે તેમના વિષે વાત કરીશું તો છોકરાંઓ ધ્યાન દઇને સાંભળ્યા વગર રહેશે નહિ.

રસિક વાત.

આ ગીતમાં પાલેસ્તાઇન દેશનો ઘેટાંપાળક તથા તેના ઘેટાંના અનેક ચિતાર અનુક્રમે આપવામાં આવે છે. જો શિક્ષક ધ્યાન દઇને યોહાનની સુવાર્તાનો દશમો અધ્યાય વાંચે તો સારૂં, કારણ કે, જો એમ કરશે તો તેના મનમાં જે ચિતાર ખડા થશે, તેની વિગતો વધારે સ્પષ્ટ દેખાશે.

વાર્તા.

૧. તે પોતાનાં ઘેટાંને ખવડાવે છે.

આનો ચિતાર મન આગળ ખડો કરો. ઘેટાં તથા હલવાન મીઠું ને લીલું ઘાસ ખાય છે. ઘેટાંપાળક લાકડી તથા છડીથી તેમનું સરક્ષણ કરે છે. પરાયો માણસ આવે તો તેને કાઢી મુકવાને કુતરો તૈયાર છે. જો છોકરાંઓએ કદી ઘેટું જોયુ હોય, તો તેઓ સહેલથી પોતાના મનમાં આવો ચિતાર ખડો કરી શકશે. ઇસુ ખ્રીસ્ત પોતાનાં હલવાનને કેવી રીતે ખવડાવે છે, તે તેઓને કહેવુ જોઇએ. જે પ્રમાણે આપણે પ્રાર્થના કરીએ છીએ કે દિવસની રોટલી આજ અમને આપ; તે પ્રમાણે ઇસુ રોજનો ખોરાક આપે છે. આપણે બૈબલ વાંચતા હોઇએ ત્યારે તે આપણા આત્માને ખવડાવે છે, અને પાપની સામે થવાને માટે આપણને શક્તિવાન કરે છે.

૨. તે પોતાનાં ઘેટાંને દોરી જાય છે.

પાલેસ્તાઇન દેશનો ઘેટાંપાળક ટોળાની આગળ ચાલે છે, અને ઘણી વખતે નાના હલવાનંને પોતાની બાથમાં લઇ

જાય છે. તેની મા પાળકની પાસે પાસે ચાલી આવે છે, ને પાળકના મ્હો તરફ આનંદથી જોયા કરે છે. બીજાં ઘેટાં તેની પછવાડે આવે છે. સૌથી છેલ્લાં ઘેટાંની પાછળ કુતરો ચાલે છે કે, ટોળામાંનાં છેલ્લાં ઘેટાં છટકી ન જાય. ભલો ઘેટાંપાળક પોતાનાં ઘેટાંને ક્યાં દોરી જાય છે? શાંત પાણીની પાસે દોરી જાય છે, તેથી તેઓ સુખી થાય છે. ન્યાયીપણાને માર્ગે તેઓને દોરી જાય છે, તેથી તેઓ ભલાં થાય છે. જેઓ ઈસુની પાછળ ચાલે છે, તેઓ સુખી તથા ભલાં છે.

૩. તે પોતાનાં ઘેટાંને તાજાં કરે છે.

જુઓ, પર્વત ઉપર એક ખોવાએલુ ઘેટું છે. તે થાકેલું છે. તેનું ઉન ઉઝરડાયલું છે, તેના શરીરના ઘામાંથી લોહી નીકળે છે, તે ભુખ્યુ છે, તરસ્યું છે, એકલુ છે ને ગભરાએલુ છે. તેનો પાળક તેની પાસે આવે છે, તે પણ થાકેલો છે, કારણ કે દૂરથી તેની શોધને માટે તે આવ્યો છે, તે તેને ઉચકી લે છે, અને પોતાના ખભા ઉપર મૂકીને ઘેર લઈ જાય છે.

ઘેટાં સહેલથી ભુલાં પડે છે. તેઓની શોધ કરવી પડે છે, કારણ કે તેઓને પોતાની મેળે માર્ગ જડી શકતો નથી (યશા. ૫૩, ૬). આપણે પણ ભુલા પડીએ છીએ. કેવી રીતે? પાપ કરવાથી. માટે આપણે શું કરવુ? સારા ઘેટાંપાળકને વિનંતી કરવી કે તે આપણી શોધ કરે, અને આપણને પાછા તેના માર્ગમાં લઇ જાય. જો પ્રાર્થના કરીશું તો તે એ પ્રમાણે કરશે? હા, કારણ કે, પોતાનાં ઘેટાં તથા હલવાનને મદદ કરવાને તે કદી ના પાડતો નથી.

૪. તે પોતાનાં ઘેટાંનું સંરક્ષણ કરે છે.

જુઓ! ઘેટાં ગભરાએલાં છે, ખીચોખીચ ટોળે વળ્યાં છે, કુતરો પણ બીહે છે. તેઓને ફાડી ખાવાને એક સિંહ આવે છે. ઘેટાંપાળક પોતાની લાંબી છડી લઇને ઘેટાં આગળ ઉભો રહે છે, સિંહ સાથે લડે છે ને આખરે તેને હાંકી કાઢે છે.

આ ચિતારની દરેક વિગત તમારા મન આગળ સ્પષ્ટ દેખાય ત્યાં સુધી તમે એનું મનન કરો. ઘેટાંના શત્રુઓ ઘણા છે, જેમકે સિંહ, વરૂ, રીંછ. જો ઘેટાંપાળક નહિ હોય તો બિચારાં ઘેટાંને કોણ મદદ કરશે? ઈસુના હલવાનના પણ શત્રુઓ છે. જેમકે, ચોરી, જુઠ, રીસાળપણું વગેરે. જો તેની પ્રાર્થના કરીએ તો તે આપણને મદદ કરવાને શક્તિવાન છે. દરેક પ્રસંગે તે આપણા શત્રુને હરાવી શકે છે.

પ. તે પોતાનાં ઘેટાંને રહેવાની જગ્યા આપે છે.

શિયાળામાં ઘેટાંપાળક તેમને વાડામાં પુરે છે. વાડામાં તેમને જુઓ. ઠંડા પવનથી તથા ભુખ્યા શત્રુઓથી તેઓ સહી-સલામત છે. ઘેટાંપાળક તેઓને મુકી દેતો નથી, પણ તેમને રીતસર ખવડાવે છે, ને રોજ રોજ તેમની ચાકરી કરે છે. ઈસુનાં ઘેટાં તેની સાથે તેના ઘરમાં કેવી રીતે રહેશે, તે ગીતની છેલ્લી કલમમાં વાંચીએ છીએ.

પુનરાવર્તન કરશો ત્યારે આ પાઠની પાંચ મુખ્ય વાત છોકરાંઓની આંગળીનાં ટેરવાંથી અનુક્રમે કહેવડાવો.

પ્રસ્તાવના.

આરંભ કરવાને ઘેટાં વિષે એ ચાર સવાલ પૂછો. જેમકે, કોણે ઘેટું જોયું છે? ઘેટું કેવું દેખાય છે? તે કેવો ડગલો પહેરે છે? શું તે ક્રુર છે? શું તે બહુ મજબૂત છે? તમારામાંના કોણે હલવાનને બાથમાં લીધું છે? ઘેટાંને કોણ સાચવે છે? આમ કરવાથી આપણે પાઠ શિખવવાને માટે તૈયાર થઈએ છીએ.

પ્રાથમિક વિદ્યાર્થીઓના પાઠોના પ્રશ્નો.

૧. નીચે લખેલી હકીકતોમાં પ્રાથમિક વર્ગના વિદ્યાર્થીઓને માટે કઈ કઇ વાત વિશેષ રસિક છે?

(ક) ઉત્પત્તિ. (ઉત્પ. ૧;)
(ખ) વિધવાનું તેલ. (૨ રાજા. ૪;)
(ગ) લાલ સમુદ્ર ઓળંગવો. (નિર્ગ. ૧૪;)

૨. નીચે લખેલા પાઠ ઉપરથી પ્રાથમિક વર્ગના વિદ્યાર્થીઓ માટે તમે કઇ આત્મિક શિખામણ લેશો?

(ક) નુહ તથા વહાણની હકીકત. (ઉત્પ. ૬; ને ૭;)
(ખ) બી વાવનારનું દૃષ્ટાંત. (માત્થી ૧૩;)

તમારો જવાબ થોડા ને સરળ શબ્દોમાં આપો.

૩. નીચે લખેલા પાઠ ઉપરથી તમારે કઈ આત્મિક શિખામણ લેવી, અને તે પ્રાથમિક વર્ગના વિદ્યાર્થીઓને કેવી રીતે લાગુ પાડવી?

(ક) ભલા સમરૂનીનું દૃષ્ટાંત. (લુક ૧૦;)
(ખ) યાઐરસની દીકરીને સજીવન કરી. (લુક ૮;)

૪. નીચે લખેલા પાઠોની પ્રાથમિક વર્ગના વિદ્યાર્થીઓને શિખવવાને ઉપયોગી બબ્બે ટુંકી ને જુદી જુદી પ્રસ્તાવના કરો.

(ક) ઇસુનો જન્મ. (લુક ૨;)
(ખ) પાંચ હજારને જમાડયા. (યોહાન ૬;)
(ગ) પાઉલના વહાણનું ભાગી જવું. (પ્રે. કૃ. ૨૭;)

૫. નીચે લખેલી વાર્તાઓ પ્રાથમિક વર્ગના વિદ્યાર્થીઓને શિખવવાને માટે તમારા મનની આગળ કેવા ચિતાર ખડા કરશો? માત્ર તેનું મથાળું (નામ) આપો.

(ક) એલીયાહ તથા કાગડા. (૧ રાજા. ૧૭; ૧-૬.)

(ખ) અશક્ત માણસને સાજો કરવાની વાર્તા. (યોહાન ૫; ૨-૯.)

૬. આગળના પ્રકરણોના દાખલાઓને અનુસરીને પ્રાથમિક વર્ગના વિદ્યાર્થીઓને માટે નીચે લખેલા વિષય પર પાઠ તૈયાર કરો.

(જવાબમાં ૫૦૦ શબ્દ કરતાં વધારે શબ્દો ન લખવા).

હકીકત.

(ક) માણસના પડવા વિષે (ઉત્પ. ૩;). સોનેરી વાક્ય. દ્દષ્ટાંત. ૨૮; ૧૩.

(ખ) સમુદ્ર શાંત કરવો (માર્ક ૬; ૪૭-૫૧) સોનેરી વાક્ય: સમુદ્ર તેનો છે, ને તેણે તે બનાવ્યો છે. ગીત. ૯૫; ૫.

(ગ) નાઅમાન શુદ્ધ થયો (૨ રાજા ૫;). સોનેરી વાક્ય: મને નવાડ તો હુ હીમ કરતાં ધોળો થઇશ. ગીત. ૫૧; ૭.

(ઘ) પહેલા શિષ્યોનું તેડું (માર્ક ૧; ૧૪-૨૦). સોનેરી વાક્ય: માર્ક ૧; ૧૭.

દૃષ્ટાંત.

(ઙ) આકાશના પક્ષીઓ તથા ખેતરનાં ફૂલ (માત્થી ૬; ૨૫–૩૪). સોનેરી વાક્ય: માત્થી ૬; ૨૬.

(ચ) લગ્નનો પોષાક (માત્થી ૨૨;). સોનેરી વાક્ય: હલવાનના લગ્ન જમણને સારૂ જે તેડાયલા છે તેઓને ધન્ય છે (પ્રકટી. ૧૯; ૯).

નીતિ બોધ.

(છ) આઠમો હુકમ. ચોરી ન કરવી (નિર્ગ. ૨૦;).
સોનેરી વાકય : ચોરી ન કરવી.

(જ) ધન્ય વચન. દયાળુઓને ધન્ય છે (માત્થી ૫,).
સોનેરી વાકય : દયાળુઓને ધન્ય છે.

(ઝ) તમે જગતનું અજવાળું છો (માત્થી ૫,).
સોનેરી વાકય. તમે જગતનુ અજવાળું છો.

(ञ) આકાશી શહેર (પ્રક. ૨૧ ને ૨૨).
સોનેરી વાકય. પ્રકટી. ૨૧ ; ૨૭.

ખંડ ૨ જો.

જુનિયર વિદ્યાર્થી.

પ્રકરણ ૬ ઠ્ઠું.

જુનિયર વિદ્યાર્થીઓનાં ખાસ લક્ષણો.

જુનિયર વિદ્યાર્થીઓનાં ખાસ લક્ષણો કે જેના પર તેઓને શિખવવાની રીતનો આધાર છે, તે વિષે વિચાર કરીએ.

ખાસ લક્ષણો. આ ઉમ્મરે છોકરા તથા છોડીઓના વિચારો ઘરની હદથી બહાર જાય છે. તેઓ આસપાસના જગત વિષે વિચાર કરવા લાગે છે. તેઓને એમ લાગે છે કે, મનુષ્યની જીંદગી તે એક યુદ્ધક્ષેત્ર જેવી છે, જેમાં પુરૂષો તથા સ્ત્રીઓ પરાક્રમી કૃત્યો કરે છે. તેઓને અનુસરવાની પ્રેરણા છોકરાંનાં મનમાં સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છે. પોતાથી જેઓ મોટાં છે તેઓનાં કૃત્યોની નકલ કરવાને જુનિયર વિદ્યાર્થીઓ તત્પર છે, અને જેઓને તેઓ બહુ ચાહે છે તેઓના જેવા થવાની દઢ ઇચ્છા કરે છે. ફરજ બજાવવા તરફ તેઓનું મન બહુજ ખેંચાતું નથી, પણ સાહસ તથા પરાક્રમી કામ તેઓનું મન રંજન કરે છે. અમે કેવા બહાદુર છીએ, એ દેખાડવુ તેમને ગમે છે. રમત ગમતમાં પણ તેઓ સ્પર્ધા કરે છે, અને હરેક હરીફ ઉપર જય પામવા તેઓ બહુજ ચાહે છે.

જોકે ન્યાય અથવા ઇનસાફ વિષે તેઓનો વિચાર અધુરો છે, તોપણ આ ઉમ્મરે છોકરા તથા છોડીઓનાં મન આ સદ્‌ગુણ તરફ ઘણાં ખેંચાય છે. હજી સુધી તેઓ ઉંડો વિચાર કરતાં નથી ; માટે જો તેઓને શિખવવું હોય, તો દરેક વાત ઉપયોગી ને તરત કામમાં આવે એવી હોવી જોઇએ. ચાલતા દિવસ વિષે તેઓ વિશેષ વિચાર કરે છે. ભવિષ્યમાં મળનાર ઇનામ કરતાં તરતનું ઇનામ તેમના મન ઉપર વધારે અસર કરે છે.

પોતાનો ધર્મ તથા પોતાના સદ્‌ગુણો પુખ્ત ઉમ્મરનાં માણસો પ્રગટ કરે છે, તેજ રીતે આ નાની ઉમ્મરનાં છોકરાં પ્રગટ નહિ કરશે, તેમાં કંઈ ફેર માલમ પડશે. એટલે આપણે શું ધારવું, અથવા આપણી વર્તણુક કેવી હોવી જોઇએ, તે પર છોકરાંઓ ભાર મુકતાં નથી; પણ આપણે શું કરવું તે પર તેઓ વિશેષ ભાર મુકે છે. તેમની મુખ્ય વાત શું હોવુ જોઇએ એવી નથી, પણ શું કરવું જોઇએ એ છે.

જુનિયર વિદ્યાર્થીઓનો ધર્મ.

વળી ખ્રીસ્તના બોધ કરતાં તેનાં કૃત્યો છોકરાંનું લક્ષ વિશેષ ખેંચે છે. તેણે કેવી રીતે નાણાવટીઓને ચાબુકથી કાઢી મુક્યા, તોહમત મુકનારાઓની સામે તે કેવી હિમ્મતથી ઉભો રહ્યો, એવા બનાવો વિષે તેઓ વિશેષ સાંભળવા ચાહે છે. છોકરાંઓને શિખાડો ત્યારે એ દેખાડવું જોઇએ કે, ઇસુ ખ્રીસ્ત મહાવીર, મિત્ર, આગેવાન તથા તારનાર છે.

જોકે પુખ્ત ઉમ્મરના માણસોની પેઠે તેઓને એમ નહિ લાગતું હોય કે પાપ ભયંકર તથા નાશકારક છે, અને જોકે આ લાગણીને લીધે તેઓ જેમ જોઇએ તેમ પોતાની ભૂલોનો પસ્તાવો કરતાં નહિ હોય, તોપણ આપણે એમ ન ધારવું કે છોકરાં ખરી રીતે ધર્મ પાળી તથા સમજી શકતાં નથી. મનમાં નિશ્ચય કર્યાથી તેઓ ધર્મ પાળવા લાગશે. એટલે તેઓ નિશ્ચય કરશે કે ખ્રીસ્તના પક્ષના થઇશું, અને તેના શત્રુઓની સાથે ચાલીશું નહિ. જુનિયર વિદ્યાર્થીઓના ધર્મનાં ખાસ લક્ષણો આ છે કે ખ્રીસ્ત મારો તારનાર છે એવો ભરોસો તેના પર રાખવો, અને ખ્રીસ્ત મારો આગેવાન છે માટે તેની પાછળ મારે ચાલવું. વિશ્વાસ વિષે તથા જુદા જુદા મત વિષે બોલવામાં છોકરાંનો ધર્મ રહેલો નથી, પણ સાચું બોલવામાં, બહાદુરીમાં, ન્યાયીપણામાં તથા દયામાં તેમનો ધર્મ રહેલો છે. **પ્રેમથી ભરેલાં હૃદયથી જે સેવા છોકરાંઓ કરે છે, તે કોઇએ કદી અવિચારીપણાથી તુચ્છકારવી નહિ.**

આ ઉમ્મરે જે વાર્તાઓ છોકરાંઓને વધારે રસિક લાગે છે, તેઓ મુખ્યત્વે કરીને મુસાફરી કરવા વિષે, સાહસિક તથા શૂરા

રસિક વાત.

માણસો વિષેની છે. તેઓની વૃતિ હિમ્મતવાન તથા પરાક્રમી કામ વિષેની વાર્તાઓ માટે તલ્પે છે. જો તમે કહી શકો કે આ વાતો ખરી છે, તો છોકરાંને લાભ થશે. કારણ કે, કલ્પિત વાત સાંભળવાને તેઓ બહુ ચહાતાં નથી, પણ ખરી વાત સાંભળવા આતુર હોય છે. યાદ રાખવું કે દરેક વાર્તામાં ઓછાં વધતાં સાહસ તથા મરદાઈ હોવાં જોઇએ. "જે આપણે સહેલથી સમજી શકીએ અને જે આપણામાં આનંદ ઉપજાવે છે, તેની આપણે ઝાઝી ટીકા કરતા નથી તથા સામે થતા નથી, પણ તે ઘણી ખુશીથી સ્વીકારીએ છીએ." જુના કરારના મોટા ભાગમાં ખરી વાર્તાઓ આપવામાં આવી છે, અને નવા કરારમાં ને ગીતના પુસ્તકમાં જીંદગીના હેતુઓ ને સદ્વર્તનના સિદ્ધાંતો વધારે આપવામાં આવ્યા છે. માટે નવા કરાર તથા ગીતના પુસ્તકના હેતુ તથા સિદ્ધાંતો કરતાં જુના કરારની વાર્તાઓ જુનિયર વર્ગના વિદ્યાર્થીઓને માટે વધારે લાયક તથા ઉપયોગી છે.

આપણો મુખ્ય હેતુ કેવળ આજ નથી કે, છોકરાંઓ પાસે ખ્રીસ્તને અનુસરવાનો નિશ્ચય કરાવીએ; પણ તે સિવાય આ

મુખ્ય હેતુ.

પણ છે કે ધર્મનું સત્ય શિખવાથી તેઓનો દરેક સદ્દગુણ પ્રફુલ્લિત કરાવીએ, એ અગત્યનું છે. જો ઉપરના જેવી વાર્તાઓ કહીશું તો એમ બની શકશે. કારણ કે પરાક્રમી કામ કરવા વિષે વાત કરવાથી સ્વાભાવિક રીતે છોકરાંના મન આપણે ખેંચીએ છીએ. જ્યારે છોકરાં એવી વાર્તા સાંભળે છે ત્યારે તેમનાં મનમાં તેમને અનુસરવાની અપેક્ષા ઉત્પન્ન થાય છે. "જે વિષે છોકરાંના હૃદયમાં લાગણી ઉત્પન્ન થાય છે, તે તે કદી ભુલી જતો નથી; પણ જે વિષે તે કેવળ સાંભળે છે તે કદાચ પાંચ મિનિટ પણ સ્મરણમાં નહિ રહે, એવો સંભવ છે." ધર્મને બહાને

હિંદુસ્તાનનાં છોકરાંઓને વીર પુરૂષો વિષે અશુદ્ધ વાર્તાઓ કહેવામાં આવે છે, અને નાનપણથી આવી વાર્તાઓ સાંભળ્યાથી તેઓનાં મન પર કેવી ભુંડી અસર થાય છે, તે આપણે સમજી શકતા નથી. છોકરા તથા છોડીઓની પ્રકૃતિ એવી છે કે જો આપણે સ્પષ્ટ રીતે દેખાડી શકીએ કે, જે સુંદર, હિમ્મતવાન તથા સાચું છે તે ખંતથી ગ્રહણ કરવા યોગ્ય છે ને વખાણવા લાયક છે, તો તેઓનું મન તેઓના તરફ પોતાની મેળે દોડી જશે. નીતિ કેવી છે તથા તેના નિયમો કેવા છે, તે દેખાડવા કરતાં નીતિ સુંદર તથા મહિમાવાન તથા વખાણવા લાયક છે, એ દેખાડવાનું મારૂ ખાસ કામ છે એમ શિક્ષકે સમજવું જોઇએ. તેથી એવું થશે કે છોકરાંઓ પોતાની જાતે નિર્ણય કરશે કે, નીતિ સારી છે તથા તે પ્રમાણે અમારે વર્તવુ જોઇએ.

જ્યારે ખ્રીસ્ત વિષે શીખવીએ છીએ ત્યારે પણ આપણો મુખ્ય હેતુ આ નથી કે, કેવળ તેની જીંદગીના મુખ્ય બનાવો શિખવવા. અલબત એ બનાવો અગત્યના છે, પણ આપણો મુખ્ય ઉદ્દેશ આ છે કે વિદ્યાર્થીઓ તેને વખાણે તથા તેની કદર કરે. વખાણ તથા કદર કરવાથી પ્રેમ ઉપજે છે. જ્યારે પ્રેમ વધશે ત્યારે પસંદગી થશે, અને જેનો પાયો પ્રેમ છે એવી પસંદગી દૃઢ તથા ટકનારી થશે. હમણાંજ જેને તેઓ વખાણે છે, તેની ભવિષ્યમાં પસંદગી કરશે. જુનિયર વિદ્યાર્થીના હૃદયમાં પેસવુ હોય, તો તેના સાનંદાશ્ચર્યના દ્વારે થઇને પેસવું.

હવે આપણે બરાબર સમજવું જોઇએ કે જો આ ઉમરનાં છોકરાંઓને વાર્તા જેવી હોય તેવી સારી રીતે કહીશું, તો તેમાંની શિખામણ આપણા કહ્યા વગરજ તેઓને યોગ્ય અસર કરશે. જો તમે સારી રીતે વાર્તા કહેશો, તો છોકરાંઓ એનો મુખ્ય મુદ્દો જલદી સમજશે. એ વિષે જો તમારા મનમાં શક હોય તો વાર્તા કહ્યા પછી પરીક્ષા લેશો તો માલમ પડશે.

વાર્તા કહેવામાં એક વાત ધ્યાનમાં રાખવી તે એ કે, તમારે એવી રીતે વાર્તા કહેવી કે તેઓને સાફ દેખાય કે ભલું

તે ભલુજ છે, ને ખોટું તે ખોટુંજ છે. વાર્તાનાં પાત્રો કેવાં છે તે વિષે છોકરાંઓ પોતે પોતાના અભિપ્રાય આપે, એવી ગોઠવણ કરો. જે ભુંડું તે નીચ તથા અયોગ્ય છે, એવો નિર્ણય તેઓ પોતાની મેળે કરે એવી રીતે યોજના કરો. જો તેઓ પોતે એવો નિર્ણય કરશે, તો તેની અસર ઉંડી તથા દૃઢ થશે. આ કરવાને માટે આપણે પોતે વાર્તા પર પ્રેમ રાખવો. આપણો હેતુ પુરો પાડવાને માટે વાર્તાને કેવળ જાણવી એ બસ નથી. આ ઘણી અગત્યની વાત છે, કારણ કે જો આપણે પોતે વાર્તા પર પ્રેમ રાખતા હોઇએ, તો વાર્તા કહેવાની રીત જોઇને વિદ્યાર્થીઓ આપણા પ્રેમના ભાગીદાર થશે. જે શિક્ષકો હોંસથી પોતાના વિદ્યાર્થીઓનાં પ્રફુલ્લિત થતાં મનને ઉપરની રીત પ્રમાણે મદદ કરશે, તેમનું કામ દરરોજ તેમનાં પોતાનાં મનનું વધારે આકર્ષણ કરશે.

પ્રશ્નો.

૧. જીંદગી વિષે પ્રાથમિક તથા જુનિયર વિદ્યાર્થીઓ જે ધારે છે, તેનો મુકાબલો કરો.

૨. જુનિયર વિદ્યાર્થીઓનાં ખાસ લક્ષણો, જેના પર શિખવવાની રીતનો આધાર છે તે લખો.

૩. જુનિયર વિદ્યાર્થીનું મન કેવી રીતે ધર્મ તરફ ખેંચાય છે, તેનો પોતાના શબ્દોમાં જવાબ આપો.

૪. આઠથી દશ વરસની ઉમ્મરનાં છોકરાંઓને પરાક્રમી કામ વિષેની વાર્તાઓ વિશેષ સારી લાગે છે, તેનું કારણ શું?

૫. જુનિયર વિદ્યાર્થીની વર્તણુક પર વાર્તાઓથી કેવી અસર થાય છે?

૬. જુનિયર વિદ્યાર્થીઓની આગળ કેવી રીતે ખ્રીસ્તને દેખાડવો જોઇએ, કે જેથી તેઓ તેનો અંગીકાર કરવા વિશેષ આતુર થાય?

પ્રકરણ ૭ મું.

વાર્તારૂપી પાઠ. ઇસુનું પરીક્ષણ.

શિક્ષકનો અભ્યાસપાઠ.—માત્થી ૪; ૧–૧૧· માર્ક ૧; ૧૨, ૧૩: લુક. ૪, ૧–૧૩.

સોનેરી વાકય.—"કેમકે તેનું પરીક્ષણ થયાથી તેણે દુઃખ ભોગવ્યાં, માટે જેઓનું પરીક્ષણ થાય છે તેઓને સહાય કરવાને તે શક્તિવાન છે." હેબ્રી. ૨; ૧૮.

આ પાઠ ઉપરથી જે શિખામણ લેવી તે એ કે આપણો એક શત્રુ છે, કે જેને આપણે હરાવવો જોઇએ. પાઠ શિખવવામાં

આત્મિક શિખામણ

આપણો મુખ્ય ઉદ્દેશ એ હોવો જોઇએ કે, પ્રભુ ઇસુ માણસ જાતનો પહેલવાન તથા મોટો વીર છે, કે જેણે એ માટે યુદ્ધ કર્યું કે, આપણે જય પામીએ એવું દેખાડવુ. છોકરાંઓને એમ લાગશે કે, ખ્રીસ્તનું પરીક્ષણ ખરૂ યુદ્ધ હતું, બનાવટી યુદ્ધ નહોતું. ઇસુ ખ્રીસ્તે મનમાં ઘણું દુ:ખ વેઠયુ પણ આખરે જય પામ્યો, માટે તે વખાણવા તથા ચહાવાજોગ છે તે બતાવવાનો આપણો હેતુ છે. ભારે યુદ્ધ કર્યાં વગર માણસના સૌથી બળવાન શત્રુ ઉપર જય મેળવી ન શકાય એવુ આપણે સ્પષ્ટ દેખાડવુ જોઇએ.

જેમ ઇસુને ખરેખર શેતાન સામે થવુ પડયુ ને ખરૂં યુદ્ધ કરવું પડયુ, તેમ આપણને પણ કરવું પડે છે. જય મેળવવાને

આત્મિક શિખામણ કેવી રીતે લાગુ પાડવી.

વાસ્તે આપણી સૌથી પહેલી ફરજ એ છે કે, આપણે ખાસ કરીને તારનારની મદદ માગવી ને તેના પક્ષના થવુ. પોતાની શક્તિથી કોઇ પણ છોકરો કે છોડી જય મેળવી શકતાં નથી. જયવંત આગેવાન ખ્રીસ્તને અનુસરવાનો નિશ્ચય કરવાની અગત્ય

છે, માટે શિક્ષક આ તકનો લાભ લઇને છોકરાંઓને એવી રીતે સમજાવે તો સારૂં. તેઓ ઉઘાડી રીતે અને એક બીજાની સમક્ષ એવો નિશ્ચય કરે એ કદાપી યોગ્ય નહિ લાગે, પણ આ નિશ્ચય કેવી રીતે કરવો તે તેઓને સમજાવો ને તે વિષે તેઓને વિચાર કરવા દો.

આ પાઠમાં યુદ્ધ તથા જય તરફ છોકરાંનું મન ખેચાશે. વિશેષે કરીને છોકરાં હરીફાઇ કરવા ચાહે છે ને જય મેળવવા આતુર હોય છે. શેતાન આપણો શત્રુ છે એ વાત પાઠ શિખવતાં ધ્યાનમાં રાખો, અને કોઈ અમુક પરીક્ષણ વિષે લાંબી વાત કરવામાં ઘણો વખત ન ગાળો. જુનિયર કરતાં વધારે મોટાં છોકરાં પરીક્ષણનો ખરો અર્થ કદાચ સમજી શકે, પણ જુનિયર વિદ્યાર્થીઓને શિખવતાં યુદ્ધની વાત મુખ્ય વાત છે.

રસિક વાત.

જે દરજ્જે આપણે સ્પષ્ટ ને આબેહુબ રીતે વાર્તા કહીશું, તે દરજ્જે પાઠની અસર છોકરાંના મન પર વધારે થશે એવુ સંભવે છે.

વાર્તા

૧. યુદ્ધક્ષેત્ર.

પાઠની તૈયારી કરતાં ભૂગોળની મદદ લેવી, પણ શિખવતી વેળાએ સંભાળ રાખવી કે ભૂગોળ વિષે લંબાણથી બોલવામાં વખત ન ગુમાવાય; રખેને છોકરાંનું મન પાઠ ઉપરથી ઉઠી જાય. યરૂશાલેમથી ઇશાન ખૂણે જે ખડબચડો પહાડી દેશ છે, ત્યાં ઇસુનું પરીક્ષણ થયું હતું એવું સંભવે છે. તે યરેખોના માર્ગ પાસે છે. તેનાથી દૂર એક લીલી ખાણમાં યરેખો શહેર છે. તે જગ્યા ઉજડ હતી, અને ત્યાં જંગલી પશુ શિવાય કોઇ રહેતું નહોતું.

જુઓ, ઇસુ એકલો છે, તેની ચોતરફ ખડક ને કાંટાવાળાં ઝાડ છે, ત્યાં તે પ્રાર્થના કરે છે. સખત તડકાથી તેનું આચ્છાદાન કરવા છાંયો નથી, પરીક્ષણ સામે ચાળીસ દિવસ અખંડ યુદ્ધ

કરવાથી તેનો ચહેરો ઉતરી ગએલો ને ભુખને લીધે સંકોચા-એલો છે.

ખ્રીસ્તને બધુ પ્રતિકુળ હતું, આ વાત ઉપર છોકરાંનું લક્ષ બહુ આગ્રહથી ખેંચો. પરંતુ તેની આસપાસના બીજા સજોગો પર જોઇએ તે કરતાં વધારે લબાણથી ના બોલો.

૨. પહેલું પરીક્ષણ.—પત્થરની રોટલી બનાવવા વિષે.

આ પરીક્ષણમાં શી લાલચ હતી? (ક) ચાળીસ દિવસ ઉપવાસ કર્યા પછી ભુખ મટાડવાની સ્વાભાવિક ઇચ્છા તે. (ખ) સવાલ પુછવાની રીત કે, "જો તું ..." ઇત્યાદી. એમાં શેતાન ખ્રીસ્તના મનમાં શક ઉપજાવવાનો યત્ન કરે છે કે તું દેવનો દીકરો નથી. આ ચમત્કાર જો કરે તો તે આ શક મટાડી શકે છે. શેતાનની સૂચના પ્રમાણે કરવામાં શુ પાપ હતું? જે રીતે પોતાના શિષ્યો કરી શકતા નહોતા, એ રીતે ભુખ મટાડવી તેજ પાપ હતું. તે કેવી રીતે જય પામ્યો? પવિત્ર શાસ્ત્રના જ્ઞાનથી તથા તેનો સારો ઉપયોગ કરવાથી. ખ્રીસ્ત જય પામ્યો ને શેતાન હારી ગયો.

૩. બીજું પરીક્ષણ.—મંદિરના બુરૂજ પરથી પોતાને હેઠળ પાડવા વિષે.

જ્યારે મંદિરના આંગણામાં હજારો ભજનારાંઓ હાજર હતાં, ત્યારે ખ્રીસ્તે તે પ્રમાણે કર્યું હોત તો તેમના મનમાં કેટલી અસર થાત એની કલ્પના કરો. આ પરીક્ષણમાં શી લાલચ હતી? જો પોતાને પાડી નાખશે અને બધા લોકોનાં દેખતાં સહીસલામત જમીન પર પહોંચશે તો તેનું દેવપણું સાબીત થશે, અને લોકો તેનો સ્વીકાર જરૂર કરશે. શેતાનની સૂચના પ્રમાણે કરવામાં શું પાપ હતું? પરમેશ્વરનું પરીક્ષણ કરવું, ને તેના પર ભરોસો ન રાખવો, ને શેતાનની રીત પ્રમાણે પરમેશ્વરનુ કામ કરવાનો યત્ન કરવો, તે પાપ હતું. તે કેવી

રીતે જય પામ્યો? પવિત્ર શાસ્ત્રના જ્ઞાનથી તથા તેનો સારો ઉપયોગ કરવાથી. ખ્રીસ્ત જય પામ્યો ને શેતાન હારી ગયો.

૪. ત્રીજું પરીક્ષણ.—જગતનાં રાજ્યો મેળવવાં.

એજ હેતુથી તે આવ્યો હતો ને તે જાણતો હતો કે, વધસ્તંભ પરના દુઃખ તથા મરણથી મારે તે હેતુ પુરો પાડવો જોઇએ.

આ પરીક્ષણમાં શી લાલચ હતી? યુદ્ધ કર્યાં વગર ને રાહ જોયા વગર એકદમ તેનો હેતુ પુરો પાડવો તે. શેતાન કહે છે કે, તારી વિરૂદ્ધ હું કશું નહિ કરૂં, ને તેમ જગત આપોઆપ તારૂં થશે. શેતાનનું માનવામાં શું પાપ હતું? શેતાનની ભક્તિ કરવી, પરમેશ્વર કરતાં શેતાનનું માનવું, ભલુ થાય માટે ભુંડું કરવું, તે પાપ હતું. તે કેવી રીતે જય પામ્યો? પવિત્ર શાસ્ત્રના જ્ઞાનથી તથા તેનો સારો ઉપયોગ કરવાથી. ખ્રીસ્ત જય પામે છે ને શેતાન હારી જાય છે. "શેતાન આઘો જા; તું હારી ગયો છે." આ શબ્દોથી આ પરીક્ષણની વાત સમાપ્ત કરો.

૫. યુદ્ધ પછી.

લાંબા તથા મુશ્કેલ પ્રયાસથી ઇસુ છેક થાકી ગયો છે. જુઓ, દૂતો તેની પાસે આવીને ભજન કરે છે, અને કદાચ તેઓ તેને ખોરાક આપે છે. તેમના પ્રભુએ તેના તથા આપણા શત્રુને હરાવ્યો તેમાં તેઓ અભિમાન માને છે, તેઓ તેને દિલાસો તથા મદદ આપે છે.

પાઠની પ્રસ્તાવના કેવી હોવી જોઇએ તેનો આધાર વર્ગનાં છોકરાંઓ પર હોય છે. થોડા દિવસ પહેલાં ક્રિકેટ મેચ કે ફુટબોલની મેચ કે દોડવાની શરતો થઈ હોય, તો તેની હકીકત પ્રસ્તાવના કરવાને માટે ચાલશે. કોણ જીત્યો? તેઓ કેવી રીતે જીત્યા? બેસી રહેવાથી કે રમત વિષે વાત કરવાથી કે સારી રીતે રમવાથી? કયું વધારે ચાહીએ છીએ? હાર કે જય. ઇસુ ખ્રીસ્તે કેવી રીતે મોટો જય મેળવ્યો તેની વાત સાંભળો. અથવા તમે આ

પ્રસ્તાવના.

પ્રમાણે પ્રસ્તાવના કરી શકો કે, શું તમને કોઇ પણ પરાક્રમી જય વિષે કંઈ યાદ આવે છે? એવો સવાલ પૂછવામાં આવે ત્યારે જે કંઈ જવાબ મળે તેનો બનતાં સુધી ઉપયોગ કરો. જય કેવી રીતે મળ્યો હતો? સહેલથી? લડ્યા વગર? દુઃખ વેઠ્યા વગર અથવા ભારે લડાઇ કર્યાં વગર કદી જય મળતો નથી. ખ્રીસ્તને એક મોટો જય મળ્યો હતો. આજનો પાઠ તે વિષે છે.

પ્રભુના જીવન ચરિત્રના અભ્યાસક્રમમાં આ પાઠ ઘણું કરીને આવશે. માટે પ્રસ્તાવના કરતી વેળાએ આગળના રવિવારના પાઠ સાથે તેનો સબંધ જોડવો જોઇએ.

પ્રકરણ ૮ મું.

દૃષ્ટાંત. ઘેટાં તથા બકરાં.

શિક્ષકનો અભ્યાસપાઠ.—માત્થી ૨૫, ૩૧-૪૪.

સોનેરી વાક્ય:—આ મારા ભાઇઓમાંના બહુ નાનાઓમાંથી એકને તમે તે કીધુ એટલે મને કીધુ." માત્થી. ૨૫; ૪૦.

આ એક દૃષ્ટાંત છે ખરૂં, પણ ભવિષ્યમાં શું થશે તે વિષે એક દર્શન પણ છે. જોકે તે શબ્દના સામાન્ય અર્થ પ્રમાણે આ પાઠ હકીકતનો ન ગણાય, તોપણ હકીકતની પેઠે તે કહી શકીએ છીએ.

આપણે બધાં ઘેટાં અથવા બકરાં જેવાં છીએ. એટલે બીજા લોકો પર આપણે દયા રાખીએ છીએ અથવા તો દયા રાખતા નથી. આ દૃષ્ટાંતમાં જે સારાં કામો વિષે વાંચીએ છીએ તેઓ અનિયમિત કામ કે જે આપણી પાડેલી ટેવથી ઉલટુ છે તે નથી, પણ તે આપણું દરરોજનું સાધારણ કૃત્ય છે. આ આપણી નિયમિત ટેવથી જણાશે કે, આપણે કોના પક્ષના છીએ? પ્રભુને નામે બીજાનું સારૂં કરીએ છીએ તે આપણે પ્રભુનેજ કરીએ છીએ એમ પ્રભુ ગણે છે; અને તેમ ગણીને તે તેનો બદલો આપશે.

આત્મિક શિખામણ.

છોકરાં તથા છોડીઓ કેવી રીતે દેખાડી શકશે કે, અમે કોના પક્ષનાં છીએ? રમત ગમતમાં, કામકાજમાં, મિત્રમંડળમાં, ઘેર અને નિશાળે દયા કરવાના અને નિઃસ્વાર્થી થવાના પ્રસંગો અસંખ્ય છે. આ સંબંધમાં જે કામ કરીએ છીએ, તે આ પાઠનાં ખાસ આપેલા કામના સરખાં અગત્યનાં ગણવામાં આવે છે. શિક્ષકે સૂચના આપવી જોઇએ કે, તેઓ કેવી રીતે આ પાઠની શિખામણ પ્રમાણે તરતજ કરી શકે છે.

આત્મિક શિખામણ કેવી રીતે લાગુ પાડવી.

જેમકે, વર્ગનો કોઇ છોકરો માંદો કે ગેરહાજર હોય તો તેને મળવા કે ખબર લેવા જવુ. પણ તેઓ દરરોજ એક બીજાને માટે શું કરી શકે છે તેના પર વિશેષ ભાર મુકવો જોઇએ.

જુનિયર વિદ્યાર્થીનું એક ખાસ લક્ષણ ન્યાયીપણું છે, માટે તેઓનું મન ઇનસાફ કરવા તરફ ખેંચાશે. અને ઇસુ કે જેનો ન્યાય કરાયો હતો અને મોતની શિક્ષા ભોગવી હતી તે પોતે ન્યાયાધીશ છે, એ વાત તેઓના મનનું વિશેષ આકર્ષણ કરશે.

રસિક વાર્તા.

આગળના પ્રકરણોની રીત પ્રમાણે વાર્તાનો ચિતાર મનની આગળ ખડો કરીશુ તો ઘણો લાભ થશે. વાર્તાની વિગતો કેવળ વાંચવી એ બસ નથી. પણ તેનો ચિતાર પોતાના મનની આગળ બરાબર ખડો કરવાને યત્ન કરવો. જો ચિતાર ખડો કરવાની યુક્તિ શીખીશુ તો તે કળા દરેક બાબતમાં ઉપયોગી થશે.

વાર્તા

૧. ન્યાયાધીશ.

મહિમાવાન ઇસુ [રૂપાન્તરની હકીકત. માત્થી ૧૭, ૨: લુક ૯, ૨૯. તેમજ પ્રકટી. ૧; ૧૩—૧૮ વાંચો. આની કલ્પના એવી સરળ રીતે કરો કે, જેથી તેનું વર્ણન તમારા શબ્દોમાં કહી શકો. મુએલાંમાંથી ઉઠેલો તારનાર કે જે રાજ્યાસન પર બીરાજેલો છે (પ્રકટી. ૧૪; ૩); ને જેની ચોતરફ પવિત્ર દૂતો છે (યશા. ૬, ૨. પ્રકટી. ૫: ૧૧). તેમનુ વર્ણન લખશો તો સારૂ].

યોહાનના મનમાં પ્રકટીકરણના પહેલા અધ્યાય પ્રમાણે જેવી અસર થઈ તેવીજ અસર છોકરાંના મન પર થવી જોઇએ. ઘણા પાઠોમાં પ્રભુ નમ્ર તથા દુખિત માણસ દેખાય છે, પણ આ પાઠમાં તે સ્વાધિકારી તથા સર્વસમર્થ રાજા જેવો છે. ઈસુ ખ્રીસ્તની ચાલુ મોટાઇ તરફ છોકરાંનું મન ખેંચવું જોઇએ. માટે આ ચિતાર સ્પષ્ટ ને અસરકારક દેખાય એવો પ્રયત્ન કરો.

૨. સભાનું વર્ણન.

લોકોની મહા સભાની કલ્પના કરો.—પુરૂષો, સ્ત્રીઓ તથા છોકરાં, હિંદુસ્તાનનાં, બ્રિટીશ બેટનાં, ચીનનાં, અમેરીકાનાં તથા આફ્રીકાનાં, દરેક રંગના લોકો; શ્રીમંત તથા ગરીબ, રાજાઓ તથા અધિકારીઓ, વેપારીઓ તથા મજુરો, દરેક વર્ગનાં માણસો. જ્યાં જોશો ત્યાં માણસ, માણસ ને માણસ.

ઘણી ભીડ અથવા મેળો કે જેમાં તમે હજારો માણસોને જોયાં હોય તે વિષે તેમને કહો. તેઓનું વર્ણન કેવી રીતે કરશો તે વિષે વિચાર કરો. છોકરાંઓ પોતાની કલ્પનાશક્તિથી તેઓને જુએ એવો યત્ન કરો. પછી સભામાંથી કોઇ કોઇને પસંદ કરીને તેનું વર્ણન કરો. પીલાત, કે જેણે તારનારને દોષિત ઠરાવ્યો તે; મરતો ચોર, કે જેણે તેની નિંદા કરી તે, પીતર, કે જે તેની પાછળ ગયો તે; દાઉદ બહાદુર રાજા, યહોરામ નાલાયક રાજા; એસ્તેર, કે જેણીએ પોતાના લોકોને માટે જીવ જોખમમાં નાખ્યો; ઇઝેબેલ કે જેણીએ દેવનો દ્રેષ કર્યો તે. વળી એ પણ કહેશો કે, જો આપણે ઝીણી રીતે તપાસ કરીએ તો જણાશે કે આપણે પોતે પણ ત્યાં હાજર થવાના.

જુઓ, તેઓના બે ભાગ પાડવામાં આવ્યા છે. ડાબી તરફનાંના ચહેરા નિરાશ દેખાય છે ને જેઓ જમણી બાજુએ છે તેઓ હર્ખાય છે. જમણી બાજુએ પીતર, દાઉદ, હનોખ, તીમોથી, યોહાન, મરીયમ, એસ્તેર, રૂથ ને એ શિવાય બીજા ઘણાં છે. ડાબી બાજુનાં ઉંધુ ઘાલીને ચુપ રહ્યાં છે. આપણી સામુ જોવાથી શરમાય છે. દષ્ટાંતમાં આ બે બાજુઓને ઘેટાં તથા બકરાં એ નામ આપવામાં આવે છે. શા માટે? તેઓના સ્વભાવને લીધે. ઘેટાં ભલાં, નમ્ર, આજ્ઞાંકિત તથા શાંત સ્વભાવનાં માણસો છે તેમને દેખાડે છે. પણ બકરાં હઠીલાં, નિમકહરામી, તોફાની તથા નકામા માણસો છે તેમને દેખાડે છે.

૩. ચુકાદો.

ઉપરના બે ભાગ પાડવામાં કેમ આવ્યા? હમણાંજ, ન્યાયને દિવસે નહિ, પણ જ્યારે તેઓ હૈયાતીમાં હતા ત્યારે દરરોજ પાડવામાં આવતા હતા. છોકરાંઓને સમજાવો કે, આખરે તેઓ જમણી કે ડાબી બાજુએ છે તેનો આધાર જીંદગીની દરરોજની વર્તણુક ઉપર છે. તેમનું દરેક કામ દયાળુ અથવા નિર્દય, આજ્ઞાંકિત અથવા અનાજ્ઞાંકિત, જાણે કે પ્રભુને માટે કર્યું હોય એમ ગણાય છે. તેમની વતણુક ઉપરથી તેમનો ખરો સ્વભાવ ઓળખાયો હતો. (ઉદાહરણ, જેમ પાણીમાં તરવાથી માછલી, ને વખત દેખાડવાથી ઘડીઆળ, તેમજ પોતાની વર્તણુકથી ખ્રીસ્તી ઓળખાય છે).

ન્યાય ઠરાવનાર રાજા તરફ જુઓ. પહેલાં તે પોતાની જમણી તરફ નજર કરે છે (વાંચો કલમ ૩૪–૪૦). ન્યાયીઓનાં આંસુઓ તથા પૃથ્વી પરનાં દુ:ખો જતાં રહ્યાં છે, અને તેઓ રાજાને મળવાને આવે છે ત્યારે સુંદર, શક્તિવાન તથા સુખી દેખાય છે.

ત્યાર પછી રાજા ડાબી તરફ નજર કરે છે (વાંચો કલમ ૪૧–૪૫). કેવા વિલાપ, ભયંકર દુ:ખ તથા નિરાશા! હમણાં તેઓ પોતાને સંતાડી શકતાં નથી. તેઓએ પોતાની આખી જીંદગી પર્યંત પોતાના આગેવાન તથા તારનાર તરીકે ખ્રીસ્તનો ઇનકાર કીધો હતો; હવે તેઓ રાજ્યમાં કદી પેસી શકતાં નથી.

પ્રસ્તાવના.

દર્શન એટલે શું? (ભવિષ્યમાં શું થવાનું છે એવો જવાબ છોકરાંઓ આપે એવો યત્ન કરો). બૈબલમાંનું કોઈ દર્શન યાદ આવે છે? (દાનીયેલનું તથા યોહાનનું). આજનો પાઠ એક દૃષ્ટાંત છે કે જેમાં એક વિચિત્ર દર્શનની હકીકત આવે છે, અને તે દર્શન તમને, મને તથા આપણા બધા મિત્રોને લાગુ પડે છે.

પ્રકરણ ૯ મું.

નીતિ બોધ. પહેલી આજ્ઞા.

શિક્ષકનો અભ્યાસપાઠ. પુનર્નિયમ ૧૩.

સોનેરી વાક્ય :—"મારી સમ્મુખ તારે કોઈ અન્ય દેવો ન હોય."

દેવના રાજ્યની નીતિના મોટા કાયદાઓ અને મુખ્યત્વે કરીને જે કાયદાઓ દશ આજ્ઞાઓમાં સમાયલા છે તે છોકરાંઓને શિખવવા એ વિશેષ અગત્યનું છે. આપણી હમેશની રીત પ્રમાણે છોકરાંઓને સ્વાભાવિક રીતે જે સારૂ લાગે છે, તેની સાથે સંબધ જોડીને શિખવવુ જોઇએ. કેવળ હુકમ કે નિષેધ કર્યાથી છોકરાંનું મન ખેંચાશે નહિ. જોકે હુકમ કે નિષેધ બરાબર ગોખાવી શકો છો, તોપણ તેમ કરવાથી તે છોકરાંનાં મન તથા અંતઃકરણમાં પેસશે ને વર્તણુક પર અસર કરશે તે વિષે તમને ખાતરી નથી. આ કરવાને માટે એવી રીતે શિખવવું કે, છોકરાંઓને રસિક લાગે તેવો સબંધ જોડવો. દાખલા વાપરીને આજ્ઞા અમુક ખાસ બાબતને સરળ રીતે લાગુ પાડવી. (જુઓ પ્રકરણ ૪.) આજ્ઞાનો ખુલાસો કરવાને માટે કોઈ બનેલી બિનાની હકીકત વાપરીએ તો આ પ્રમાણે થશે. પાઠની મુખ્ય વાત તરીકે કાર્મેલ પર્વત પર એલીયાહનો જય, એ વાર્તા પસંદ કરીએ. એ વાર્તા જો મનોરંજક રીતે કહીએ, તો આત્મિક મનોભાવ તથા નીતિ પાળવાની અપેક્ષા ઉત્પન્ન થશે.

પાઠની આત્મિક શિખામણ આ છે કે, સૌથી પહેલો પરમેશ્વર, ને પરમેશ્વર એકલોજ. વાર્તામાં જે આત્મિક શિખામણ સમાએલી છે તે જો સરળ રીતે ને અનાયાસે વાર્તા કહ્યાથીજ છોકરાંના મનમાં ઉતરે તોજ તેની અસર સારી થશે. એમ કરવું હોય તો આગળના પ્રકરણમાં બતાવ્યા પ્રમાણે વાર્તા તૈયાર કરતી

આત્મિક શિખામણ.

તથા શિખવતી વેળાએ આત્મિક શિખામણ હમેશાં ધ્યાનમાં રાખવી. શિખામણ ખંતથી સ્વીકારવામાં આવે, એ વાર્તા કહેવાની મુખ્ય અસર હોવી જોઇએ.

શિખામણ લાગુ પાડવા વિષે.

છોકરા તથા છોડીઓને આજે પણ મૂર્તિઓને રાખવાની લાલચ થાય છે. કેટલાએકને તો લાકડાંની, પત્થરની તથા પીતળની મૂર્તિઓને પૂજવાની લાલચ થાય છે. (વિદ્યાર્થીઓ વિધર્મી હોય તો ખુલાસાવાર આ વિષે વાત કરો). પણ ઘણું કરીને બધાંની પાસે બીજી જાતની મૂર્તિઓ હોય. જોકે તેઓ હાથથી નહિ પકડાય ને હથોડાથી તોડી નહિ શકાય, તોપણ બીજી મૂર્તિઓના જેવી તે પણ ભુંડી તથા બેડોળ છે. તે મૂર્તિઓ કઈ? તમારામાંનો કોણ કહી શકશે? **સ્વાર્થ** એ સૌથી મોટી ને બેડોળ મૂર્તિ છે. સ્વાર્થ કેવી રીતે દેખાડવામાં આવે છે, તે વિદ્યાર્થીઓ પાસે કહેવડાવો. જેમકે, પોતાની ઇચ્છા પ્રમાણે ચાલવાની હઠ, એકલપેટાપણું, સૌથી સારૂ જોઇને પહેલું લઈ લેવાની ઇચ્છા, બીજાના સુખ દુઃખ વિષે બેદરકારી-પણુ. કોઈ છોકરા હમેશા પોતાનાં વખાણ સાંભળવા ચાહે છે, ને પોતા વિષે ને પોતાનાં કૃત્યો વિષે વાત કરીને ડોળ દેખાડે છે. પોતાના વર્ગનાં છોકરાં જે જુદી જુદી રીતે સ્વાર્થની પૂજા કરે છે, તે શિક્ષક જાણતો હશે. જો વખત હોય તો વાર્તા કહીને દાખલો આપવો. જેમકે, મહમદે જવાહીર ભરેલી મૂર્તિ કેવી રીતે ભાગી નાખી તે; અથવા ઈબ્રાહીમ છોકરો હતો ત્યારે તેણે પોતાના બાપની દુકાનમાંની મૂર્તિઓ કેવી રીતે ભાગી નાખી તે. તમે પાઠ પુરો કીધા પહેલાં ખાતરી કરજો કે, આજ્ઞા-ઓના શબ્દો છોકરાંઓના મનમાં બરાબર ઠસ્યા છે કે નહિ.

રસિક વાત.

આ આખી વાત એવી રસિક છે કે, તે જુનિયર વર્ગના વિદ્યાર્થીઓના મનનું આકર્ષણ જરૂર કરશે. કદાપી એલીયાહની નિર્ભયતા તેઓને વિશેષ રસિક લાગશે.

૧ રાજાના ૧૮ મા અધ્યાયમાં જે હકીકત આવે છે તેનો અભ્યાસ ધ્યાન દઇને કરીએ, તો મુખ્ય ચાર ચિતાર આપણી નજર આગળ ખડા થશે. થોડા શબ્દોમાં આ વાર્તાનો સંબંધ આજ્ઞાની સાથે જોડો.

વાર્તા.

૧. કાર્મેલ પહાડ પરની સભા.

જુઓ, એક સપાટ ટોચવાળો પર્વત, પાણીની અછતને લીધે તે ઉજડ છે, તેના પર ઝાડ નથી; યહોવાહ તથા બઆલની મૂર્તિનું યુદ્ધ જોવાને એલીયાહના હુકમથી શ્રીમંત તથા ગરીબ, જુવાન તથા વૃદ્ધની મોટી સભા ભેગી થઈ છે. આહાબ રાજા તથા સુંદર પોષાક પહેરેલા તેના હજુરીઆ ત્યાં છે. બઆલના ચારસો ભવિષ્યવાદીઓ પોતાની નવી બાંધેલી વેદી પાસે ઉભા રહ્યા છે. એલીયાહ એકલો તથા નિર્ભય છે; તે ઉંટનાં રૂઆંનો ડગલો પહેરીને પરમેશ્વરની જુની તથા ભાંગી તુટી વેદી પાસે ઉભો રહ્યો છે.

૨. બઆલના યાજકો તથા તેમની વેદી.

છોકરાંને સમજાવો કે બઆલ અગ્નિનો દેવ હતો, માટે જે કામ તેણે કરવું જોઈએ, એટલે અગ્નિ સળગાવવાનું, તેજ કામ એલીયાહ તેને સોંપે છે. જે અગ્નિ આકાશથી પડીને અર્પણ બાળવાનો હતો તે અગ્નિદ્વારા ખરો દેવ યહોવાહ અથવા બઆલ ઉત્તર આપશે. એલીયાહ તેઓને કહે છે કે, પહેલાં તમે તમારા દેવને વિનંતી કરો.

એ યુદ્ધ સવારથી શરૂ થાય છે. જુઓ, બઆલની વેદી ને લાકડાં પર માંસના ટુકડા મુકેલા છે, ચારસો ભવિષ્યવાદીઓ બઆલને વિનંતી કરે છે, તેઓ આવેશથી ઘેલા જેવા થયા છે, તેઓ છરીઓથી પોતાને ઘાયલ કરે છે ને વેદીની આસપાસ કુદાકુદ કરે છે. રાજા તથા લોકો આશાથી રાહ જુએ છે, ધીમે ધીમે વખત વિતી જાય છે પણ કશો જવાબ મળતો નથી, ને એલીયાહ પાસે ઉભો રહીને તેમના ઠઠ્ઠા કરે છે (કલમ ૨૭).

૩. એલીયાહ વેદી પાસે.

બપોર પછીનો વખત થયો. એલીયાહે ઈસ્રાએલના દરેક કુળને માટે એક, એમ બાર મોટા પત્થર લઈને યહોવાહની વેદી સમારી. તે લોકોને પોતાની પાસે બોલાવે છે, ને પાણી મગાવે છે, અને જે ચમત્કાર થવાનો છે તેમાં કંઇ યુક્તિ નથી તે દેખાડવાને માટે ત્રણ વખત ચાર ચાર પાણીનાં ભરેલાં માટલાં દહનીયાર્પણ પર રેડે છે, ને વેદીની આસપાસની ખાઈ પણ પાણીથી ભરે છે. (કલમ ૩૧–૩૫).

૪. આકાશથી પડેલો અગ્નિ.

હવે એલીયાહને જુઓ, તે પ્રકાશીત ને આસમાની આકાશ તરફ પોતાના હાથ ઉંચા કરીને પરમેશ્વરની વિનંતી કરે છે કે, "અગ્નિદ્વારાએ ઉત્તર આપ" (કલમ ૩૬, ૩૭) તે અરસામાં લોકો આતુરતાથી જુએ છે, ઓચિંતો અગ્નિ પડીને દહનીયાર્પણ ભસ્મ કરે છે ને ખાઈમાં જે પાણી છે તે પણ ચાટી લે છે. લોકો અચંબો પામીને કહે છે કે, "યહોવાહ તેજ દેવ છે" બઆલના ભવિષ્યવાદીઓ જેઓએ લોકોને પાપની તરફ દોર્યાં તેઓ નાસી જવાનુ કરે છે, પણ લોકો નિશ્ચય કરે છે કે મૂર્તિપૂજાનો અંત આવ્યો છે. માટે તેઓ તેમને પકડીને મારી નાખે છે, ને આખી સભા પોકારીને કહે છે કે, "યહોવાહ તેજ દેવ છે."

રમતમાં એક પક્ષના કેટલા કપ્તાન હોવા જોઈએ? (એકજ). જો છોકરાંઓ કપ્તાનનું માનશે નહિ તો તમે તેને શું કરશો? (રમતમાંથી કહાડી મુકીશું). હવે જેઓ ઈસુના પક્ષના છે તેઓએ કેવળ તેનુંજ માનવું અને તેનીજ ભક્તિ કરવી. તે આપણો કપ્તાન છે (હેબ્રી. ૨; ૧૦). પહેલી આજ્ઞા આપણને એમ શિખવે છે. આપણે બધાઓ સાથે તે આજ્ઞા કહીએ અને ત્યાર પછી હું તમને તે વિષે એક સારી વાર્તા કહીશ.

પ્રસ્તાવના.

પ્રકરણ ૧૦ મું.

જીવનચરિત્રનો પાઠ. ગીદઓન.

શિક્ષકનો અભ્યાસપાઠ. ન્યાયા. ૬ : ૮.

સોનેરી વાક્ય.—"બળવાન તથા બહુ હિમ્મતવાન થા" યહો. ૧ ; ૭.

આ પાઠ જીવનચરિત્રનો છે, પરંતુ યાદ રાખવુ કે જુનિયર વિદ્યાર્થીઓ હજુ સુધી એવી ઉમ્મરે પહોંચ્યા નથી કે જીવન-ચરિત્ર તરફ તેમના મનનુ બહુ વળણ થાય. કારણ કે માણસ કેવો છે તે કરતાં તે શુ કરે છે તે તરફ તેઓનુ મન ખેચાય છે. માટે ગીદઓનનાં કેટલાંએક લક્ષણો વિષે બોલવાની જરૂર નથી. પણ જે લક્ષણોથી આ પાઠની શિખામણ છોકરાંના મનમાં ઠસી રહે, તેજ ઉપર વિશેષ ભાર મુકીશું. યાદ રાખવું કે, ગીદઓ-નની પુરી હકીકત શિખવવી એ આપણો હેતુ નથી, પણ તેની બહાદુર જીદગી ઉપરથી આત્મિક શિખામણ શિખવવી.

આત્મિક શિખામણ.

આ આત્મિક શિખામણ તે હિમ્મત છે, એટલે પરમેશ્વરની સેવા કરવાની ને સત્ય વિષે સાક્ષી પુરવાની હિમ્મત. હિમ્મતનાં વખાણ કરવાને છોકરાંઓ આતુર છે, અને આ પાઠ ઉપરથી આ શિખામણ આપવી કે, સત્યને લીધે હિમ્મતવાન થવુ તે માનયોગ્ય છે. તેઓએ ગીદઓન વિષે ધારવુ કે, તેણે પરમેશ્વરના મહિમાને અર્થે મોટાં પરાક્રમી કામ કરવાને છાતી ચલાવી.

શિખામણ કેવી રીતે લાગુ પાડવી

જે કામના સબંધમાં તેના ભાઇઓ ને સ્વદેશીઓ તેનાથી ઉલટા હતા, તે કામ કરવાને ગીદઓનને હિમ્મતની વિશેષ જરૂર હતી. તેમ આપણા વર્ગના વિદ્યાર્થી-ઓને હિમ્મતની જરૂર પડશે. આપણે જાણીએ છીએ કે, ખોટાં અને પરમેશ્વરને ખેદ ઉપજાવે તેવાં કેટલાંક કામ બીજા છોકરા ને છોડીઓ કરે

છે જો એમ કહેશો તો તમારા વર્ગનાં છોકરાંને થતી લાલચો વિષે બોલવાનો લાગ મળશે. જેમકે, જે ખોટાં કામ વિષે શિક્ષક જાણે છે કે છોકરાંના સાથીઓ તે કરે છે તે વિષે વાત કરશે, અને આની સામા દૃઢ ઉભા રહેવુ એવુ છોકરાંને સમજાવશે. ગીદઓને પરમેશ્વર પાસેથી હિમ્મત મેળવી તેમજ છોકરાંઓએ પણ મેળવવી જોઇએ.

આ વાર્તાની બિનાઓ પણ એટલી રસીક છે કે, તેઓમાંની દરેક વાત છોકરાંઓના મનનું આકર્ષણ કરશે. પણ તે બધી વાતોમાંથી ગીદઓન કેવી ગુપ્ત રીતે શત્રુઓની છાવણીમાં ગયો તે વાત તેઓને વિશેષ રસિક લાગશે.

રસિક વાર્તા.

ઘણી વાતોમાંથી જે વાતો આપણી ઇચ્છિત શિખામણ બરાબર દર્સાવી શકે તે પસદ કરવી. અને તે શિખામણ આ છે કે દેવની આગળ વિશ્વાસુ તથા હિમ્મતવાન થવું જોઇએ. આમ કરવાને માટે હમેશની રીત પ્રમાણે વાર્તાના મુખ્ય ચિતાર મન આગળ ખડા કરવા.

વાર્તા.

૧. ગીદઓનનું તેડું.

મીદ્યાનીઓ ઇસ્રાએલીઓને હરાવીને તેમને સતાવે છે. લોકોને છોડાવવાને માટે એક બચાવનાર જોઇએ, અને તે ઘણો હિમ્મતવાન હોવો જોઇએ. તે કામને માટે પરમેશ્વર એક જુવાન માણસ, ગીદઓનને, પસંદ કરે છે તેને જુઓ, તે બહાદૂર તથા શક્તિવાન છે, એક મોટા એલોનવૃક્ષ તળે ઘઉં ઝુડે છે, શત્રુની બીકને લીધે સતાએલો છે, ને પોતાના દેશ પરના જુલમને લીધે બહુજ દુખી થએલો છે. યહોવાહનો દૂત તેને દર્શન દઇને કહે છે કે, અશેરાહ કાપી નાખ. (૬ ; ૧૪--૨૬). જોકે ગીદઓન જાણતો હતો કે આ કામ કરવાથી મારા સગાં તથા મિત્રો મારી સામાં થશે, તોપણ કેવી રીતે એ કામ

કર્યું તે સંક્ષેપમાં કહી બતાવો. જ્યારે તે આ કામમાં પોતાને હિમ્મતવાન તથા વિશ્વાસુ દેખાડે છે, ત્યારે પરમેશ્વર તેને કહે છે કે મીદ્યાનીઓએ લડવાને મોટું લશ્કર મોકલ્યુ છે, તેની સામે લડવાને લોકોને ભેગા કર.

૨. ગીદઓનનું લશ્કર.

ગીદઓનને જુઓ, તે દૃઢ તથા નિર્ભય છે, તે રણશીંગડું વગાડે છે ને લોકોને લડાઇ કરવાને બોલાવે છે. તેના લશ્કરમાં હજારો લોકો આવે છે, બધા મળીને બત્રીસ હજાર. કલ્પના કરો કે એટલા બધા માણસો એકઠા થાય તો કેવા દેખાય. વળી અમારી મોટી સંખ્યાને લીધે અમે જય પામીશું એ ખાતરીપૂર્વક છે, એમ તેઓ ધારે છે, પણ પરમેશ્વરને આટલા બધા જોઈતા નથી. (એનું કારણ જુઓ ન્યાયા. ૭, ૨). કેવળ ત્રણસો માણસ પોતાના લશ્કરમાં રહે છે ત્યાં સુધી ગીદઓન કેવી રીતે લશ્કર ઓછું કરે છે તેનું વર્ણન કરો. જ્યારે એટલા બધા લોકો ભેગા થયા ત્યારે તેને ઘણો આનંદ થયો હતો, પણ હવે જ્યારે આટલા થોડા રહે છે ત્યારે તે આશાભંગ તથા ઉદાસ થાય છે.

૩. ગીદઓનને ઉત્તેજન.

બિહીકણ માણસ પરમેશ્વરને કામના નથી, માટે ગીદઓનને ઉત્તેજન આપવાને તે યુક્તિ યોજે છે. તે તેને કહે છે કે તું તથા તારો દાસ મિદ્યાનીઓની છાવણીમાં ઉતરી પડો, અને તેઓ જે કહે તે સાંભળો. વિદ્યાર્થીઓને પુછો કે, શુ તમને એકલાને શત્રુઓની છાવણી પાસે જવું ગમે?

જુઓ, ખીણમાં મોટી છાવણી છે, રાત પડી છે, બધુ શાંત છે ને અંધારૂ છે; ગીદઓન તથા તેનો દાસ છાનામાના પાસે આવીને સાંભળે છે, બે માણસો વાત કરે છે, એક સ્વપ્ન કહી સંભળાવે છે (૭; ૧૩, ૧૪). ગીદઓન ફરીથી હિમ્મતવાન થાય છે, અને યુદ્ધ કરવાને તત્પર થઈ પાછો જાય છે, કેમકે જય પામવાને પરમેશ્વરે તેને યુક્તિ બતાવી છે.

૪. ગીદઓનનો જય.

ગીદઓનના ત્રણસેં માણસો, એ યુદ્ધ કરવાને માટે કેવાં અજાયબ જેવાં હથિયારો ધારણ કરીને સજ્જ થાય છે, અને કેવી રીતે અંધારામાં મોટી છાવણીને ઘેરો ઘાલે છે તેનુ આબે-હુબ વર્ણન કરો. હવે મધ્યરાત છે, બધાં ઉંઘેલાં છે માટે છાવણીમાં અવાજ થતો નથી, ગીદઓન નિશાન બનાવે છે ને બધાં રણશીંગડાં વગાડવામાં આવે છે, ત્યારે છાવણીમાં અવ્યવસ્થા તથા ત્રાસ ઉત્પન્ન થાય છે તે જુઓ. જ્યારે ઘડા ફોડવામાં આવે છે ને ત્રણસો દીવા જોવામાં આવે છે, ત્યારે ભયભીત મિદ્યાનીઓને એમ લાગ્યું કે, મહા ભારે લશ્કરે અમને ઘેરો ઘાલ્યો છે. (કલમ ૧૯—૨૨). પછી બીજા ઇસ્રાએલીઓ જેઓ બિહીતા હતા અથવા ગીદઓનથી ઉલટા હતા, તેઓ આખા દેશમાંથી આવે છે ને યુદ્ધ લાગવામાં ભાગ લે છે

પ્રસ્તાવના

એક જુવાન માણસે પોતાના દેશને કેવી રીતે ભયંકર શત્રુથી બચાવ્યો, તેની વિચિત્ર વાર્તા આજના પાઠમાં આવે છે. પ્રસ્તાવના કરવાને માટે આટલુ કહેવું બસ છે, કારણકે તે બધાંનુ લક્ષ બરાબર ખેંચશે.

જુનિયર વિદ્યાર્થીઓના પાઠોના પ્રશ્નો.

૧. નીચે લખેલી હકીકતોમાં તમારા ધારવા પ્રમાણે જુનિયર વર્ગના વિદ્યાર્થીઓને કઇ કઇ વાત વિશેષ રસિક લાગે છે?

(ક) કર્નેલીયસની હકીકત (પ્રે કૃ. ૧૦;).

(ખ) કોટ બાંધવાની હકીકત (નહે. ૪;).

(ગ) યરેખોને ઘેરો ઘાલવા વિષે (યહો. ૬,)

૨. નીચે લખેલા પાઠો ઉપરથી તમારા ધારવા પ્રમાણે જુનિયર વર્ગના વિદ્યાર્થીઓને માટે કઈ આત્મિક શિખામણ વિશેષ અગત્યની છે?

(ક) પનીએલમાં યાકુબને જે અનુભવ થયો તે (ઉત્પ. ૩૨ ;).

(ખ) સમરૂનમાં જે બનાવ બન્યો તે (૨ રાજા. ૭ ,).

(ગ) લગ્નજમણનુ દૃષ્ટાંત (લુક ૧૪ , ૧૬–૨૪).

૩ નીચે લખેલા પાઠો ઉપરથી તમારે કઈ આત્મિક શિખામણ લેવી, અને તે જુનિયર વર્ગના વિદ્યાર્થીઓને કેવી રીતે લાગુ પાડવી ?

(ક) પાંચમી આજ્ઞા (નિર્ગ. ૨૦ , ૧૨)

(ખ) શાઉલ પ્રત્યે દાઉદની વર્તણુક (૧ શમૂ. ૨૬ ,).

(ગ) દ્રાક્ષવાડી તથા ખેડુતોનુ દૃષ્ટાંત (માર્ક ૧૨ ,).

૪. જુનિયર વર્ગના વિદ્યાર્થીઓને શિખવવાને માટે નીચે લખેલા પાઠોની ટુકી પ્રસ્તાવના કરો.

(ક) મિસરીઓનો નાશ (નિર્ગ. ૧૪ ;).

(ખ) યહોશુઆનુ દર્શન (યહો ૫ , ૧૩–૧૫)

(ગ) ભલા સમરૂનીનું દૃષ્ટાંત (લુક ૧૦ ,).

૫. આગળના પ્રકરણોના દાખલાઓને અનુસરીને જુનિયર વર્ગના વિદ્યાર્થીઓને માટે. નીચે લખેલા વિષય પર પાઠ તૈયાર કરો. (જવાબમાં પાંચસો શબ્દો કરતા વધારે શબ્દો ન લખવા).

વાર્તારૂપી પાઠ.

(ક) નાઈન શહેરનો જુવાન માણસ. (લુક ૭).

સોનેરી વાકય . મારા દીકરા, તારૂં અંત કરણ મને સોંપ. (દૃષ્ટાં. ૨૩ ; ૨૬).

(ખ) ભઠ્ઠીમાં નંખાયલા ત્રણ માણુસો. (દાની. ૩).

સોનેરી વાકય : અમારો દેવ જેની અમે સેવા કરીએ છીએ, તે અમને છોડાવવાને શક્તિમાન છે. (દાની. ૩ ; ૧૭).

(ગ) દાઉદ તથા ગોલ્યાથ. (૧ શમૂ. ૧૭).
સોનેરી વાક્ય. ૧ શમૂ. ૧૭, ૪૫.

દૃષ્ટાંત.

(ઘ) નિર્દય ચાકર (માત્થી ૧૮,).
સોનેરી વાક્ય. માત્થી ૬, ૧૪. ૧૫.

(ઙ) ખોવાએલું ઘેટું (લુક ૧૫,).
સોનેરી વાક્ય. લુક ૧૫, ૭

નીતિ બોધ.

(ચ) આઠમી આજ્ઞા (નિર્ગ. ૨૫. ૧૫ અને લેવીય ૬; ૧—૭).
સોનેરી વાક્ય નિર્ગ. ૨૦, ૧૫.

જીવનચરિત્રના પાઠ.

(છ) પીતરનું પડવું (લુક ૨૨. ૩૧-૩૪, ૫૪—૬૨)
સોનેરી વાક્ય ૧ યોહાન ૨, ૧.

(જ) શામશૂન (ન્યાયા. ૧૩—૧૬).
સોનેરી વાક્ય. ૧ કરી. ૧૦, ૧૨.

(ઝ) પાઉલનું બદલાઇ જવું (પ્રે કૃ. ૯. ૧-૨૦).
સોનેરી વાક્ય એફે. ૨. ૮, ૯.

ખંડ ૩ જો.

યુવાવસ્થાના વિદ્યાર્થીઓ.

પ્રકરણ ૧૧ મું.

ખાસ લક્ષણો.

યુવાવસ્થાવાળા અથવા સીનિયર વિદ્યાર્થીઓનાં ખાસ લક્ષણો વિષે વાસ્તવિક રીતે લખવું હોય તો એક પ્રકરણ તો શું, પણ આખું પુસ્તક લખવું પડે. પરંતુ જે લક્ષણો પર આપણી શિખવવાની રીતનો આધાર વિશેષ રહેલો છે, તે વિષે સંક્ષેપમાં લખીશું. આ વિદ્યાર્થીઓ એટલી ઉમ્મરે પહોંચ્યા છે કે, વિવેક, તર્કબુદ્ધિ તથા પ્રેરકબુદ્ધિ તેઓનાં લક્ષણોમાં પ્રધાન હોય છે. તેઓનુ મન તેઓના શરીર ઉપર અમલ ચલાવવા લાગ્યું છે. અમારે જે જાણવા લાયક છે તે બધુ અમે જાણીએ છીએ, એવા ડોળ તરફ સ્વાભાવિક રીતે તેમનું વલણ હોય છે. તેમનુ હુંપદ, ઘણી વાર શિક્ષકના મનમાં કંટાળો ઉપજાવે એવું થાય છે, ને તેનું કારણ એ છે કે, તેઓ હવે પુખ્ત ઉમ્મરના થતા જાય છે, માટે શિક્ષકે ડહાપણથી તથા સહાનુભૂતિથી તેઓને સન્માર્ગે દોરવા જોઇએ. તેઓ સ્વતંત્રતાથી વર્તવા ચાહે છે, અને પોતાને પુખ્ત ઉમ્મરના માણસની ગણનામાં લેખવવા ઇચ્છે છે. તેઓ નાની ઉમ્મરના હતા ત્યારે શિક્ષકના શિક્ષણ તરફ જેવું ધ્યાન આપતા ને માનસહિત સ્વીકારતા હતા, તેવું હમણાં કરતા નથી.

ખાસ લક્ષણો.

યુવાવસ્થાના વર્ગના વિદ્યાર્થીઓનાં વિશેષ જાણવાજોગ લક્ષણો ઉપર મુજબ છે, પણ બીજું એક લક્ષણ છે કે જે એવું સ્પષ્ટ દેખાય એમ નથી. તે એ છે કે પોતાની જીંદગીના મુખ્યાર્થ તરિકે તેઓની અભિલાષા તૃપ્ત થાય એવો કંઈ હેતુ તેઓ શોધે છે, પણ તે તેઓ પોતે સમજતા નથી. ફીકર નહિ, શિક્ષકે તે જાણવું જોઇએ, કારણ કે તે જાણવાથી તથા તેમનો હેતુ સમજવાથી તેનું કામ વધારે ફળીભૂત થશે.

આ અવસ્થાની અગત્ય વિષે આપણે જેટલુ કહીએ તે ઓછું છે. આ ઉમ્મરે જુવાનોનુ વર્તન ઘણે દરજ્જે જેવું તેમની જીંદગીભર થઇ રહેવાનું છે તેવું થવા માંડે છે. આ ઉમ્મરે તેઓ અગત્યની બાબતો વિષે નિશ્ચય કરે છે. વળી તે હૃદય ઉપર છાપ પાડવાનો વખત છે, ને તે વખત જલદી વિતી જાય છે. યુવાવસ્થાના વિદ્યાર્થીઓને અર્થે જે કામ કરવામાં આવે છે તે વિષે સૌથી ગંભીર વાત આ છે કે, આ ઉમ્મરે ભુંડા થવાનો જોખમ તેમજ ભલા થવાની આશા વિશેષ હોય છે. આ જુવાનોને કબજામાં લેવા સારૂ બે પક્ષ સામસામી લડાઇ કરે છે, પણ પરિણામ શું આવશે તે હજી નક્કી નથી. શિક્ષકે ડહાપણથી તપાસવુ જોઇએ કે વિદ્યાર્થીઓની આત્મિક સ્થિતિ કેવી છે, એટલે કે તેઓએ ખ્રીસ્તને પસંદ કર્યો છે કે નહિ અને જો એમ નહિ હોય તો તેઓ આકાશના રાજ્યથી કેટલા દૂર છે, તે જાણવાની તજવીજ કરવી જોઇએ. જેમ માણસ આતુરતાથી સુર્યોદયની રાહ જુએ છે, તેમ શિક્ષકે છોકરાંઓની ખ્રીસ્તની પાસે આવવાની ઇચ્છાની રાહ જોવી. પવિત્ર આત્મા તેઓમાંનાં કોઈ એકને પોતાને ઇસુ ખ્રીસ્તને અર્પણ કરવાને કયારે દોરી જશે તે તે જાણતો નથી, માટે જ્યારે તે વખત આવશે ત્યારે શુ બોલવું જોઇએ તે વિષે આગળથી તૈયાર રહેવુ.

આ અવસ્થાની અગત્યતા.

ધર્મની અભ્યંતર અથવા આત્મિક વાત યુવાવસ્થાના વિદ્યાર્થીઓનાં મન ઉપર હજુ સુધી બહુ અસર કરતી નથી, પણ તેની બાહ્ય વાતો અથવા ક્રિયાઓથી અસર થાય છે. જેમકે, આગેવાનો, મિત્રો અથવા ધર્મ તરફ વફાદારી રાખવી, કાયદાની આધીનતા, આજ્ઞાંકિતપણું, ને સેવા કરવી, મુસીબત ઉપર જય પામવો અને સ્વદમન એ બધાં તેઓનું આકર્ષણ કરે છે. તેઓનાં એ વળણને ખાસ રીતે ઉત્તેજન આપવું એટલે સ્પર્ધા કરવાનું વળણ

ધર્મ.

તથા વહેવારીક વળણ. જેમ તેઓ રમત ગમતના જયમાં અથવા યુદ્ધની બહાદુરીમાં મોટાઈ સમજે છે, તેમ તેઓ ખ્રીસ્તી ધર્મના વિજયોમાં મોટાઈ સમજી શકે છે; અને જો તેઓનો ધર્મ કંઈ ઉપયોગમાં આવવાનો હોય તો તે હોંસ ભરેલો હોવો જોઇએ. કારણકે તેઓમાં બેહદ હોંસ હોઇ શકે છે એવો તેઓનો સ્વભાવ હોય છે. તેઓ કરતાં મોટી ઉમ્મરના જુવાનો ઘણીવાર એમ સમજે છે કે, ધર્મ પાળવો હોય તો કંઈ કાર્ય કરવાનુ નથી, માત્ર સ્વસ્થ થઇ બેસવું, અને એ સમજ પ્રમાણે જાણે કે નિર્દોષ-પણું ને આળસ એ બંને લગભગ સરખાં ગણવામાં આવે છે: તેથી આવો ધર્મ તેઓનુ આકર્ષણ કરતો નથી. પરંતુ બીજાઓની સેવા કરવી એ તેઓની જીંદગીનો સોનેરી નિયમ હોવો જોઇએ. બીજાઓને મદદ કરવી, તેઓની ગરજ પુરી પાડવી, તેઓનાં દુ:ખ તથા કલેશ ઓછાં કરવાં અને મુગાં પ્રાણી પર દયા રાખવી, એવી એવી સેવા તેઓ કરશે તો તેમની કામ કરવાની સ્વાભાવિક ઇચ્છા પુરી પાડવામાં આવશે. આ અવસ્થાને અંતે જો તેઓ એકાગ્રહથી ખ્રીસ્તને પસદ કરશે, તો તેઓના ધર્મ ધીમે ધીમે પુખ્ત ઉમ્મરનાં માણસોના ધર્મ જેવો થશે.

રસિક વાત.

બહાદુરીની વાર્તાઓ અને જેથી કંઈ પણ કામ કરવામાં આવે છે, તે વિષેની વાર્તાઓ આ ઉમ્મરનાં છોકરાંઓને વિશેષ સારી લાગે છે. ખોટાં કામના દાખલા પાઠમાં ભાગ્યેજ દાખલ કરવા, કારણ કે એવા દાખલા ઘણું કરીને ઉપયોગી નથી, તોપણ પ્રસગોપાત એવા દાખલા વાપરવાથી પાપની અસર કેવી નુકસાનકારક છે એ દેખાડવામાં આવશે. મન ઉપર અસર કરનાર વાર્તાઓના સબ-ધમાં જુનિયર તથા યુવાવસ્થાના વિદ્યાર્થીઓમાં આટલો ફેર છે કે, પરાક્રમી કામ વિષે સાંભળ્યાથી જેમ જુનિયર વિદ્યાર્થીઓના મન પર અસર થાય છે તેમ યુવાવસ્થાના વિદ્યાર્થીઓને નથી થતી, પણ કામ કરનારના જીવનચરિત્રનું ને તેના જે સદ્‌ગુણોને લીધે તે એવાં કામ કરનાર થાય છે, તે વિષે સાંભળવાનું મન

થાય છે. જય તથા હારનાં ગુપ્ત રહેલાં કારણો ને હેતુઓની કદર તેઓ કરશે. તેમજ જે હેતુઓ ઉપર પરાક્રમી કામનો આધાર છે, ને જે પસંદગી તથા પ્રયત્ન કરવાથી વીર પુરૂષ પોતાનો ઠરાવેલો હેતુ પુરો પાડે છે, તેની કદર પણ તેઓ કરશે. ઉમદા તથા નીતિવાન જીંદગીનુ સૌંદર્ય સમજવામાં આવે છે, અને એવી જીદગી ગુજારવાની ઇચ્છા તેઓના મનમાં સહજ ઉત્પન્ન થાય છે મોટાં તથા ભલા પુરૂપો અને સ્ત્રીઓ સાથે સંબધ રાખવાથી સારી જીંદગી ગુજારવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે: માટે યુવાવસ્થાના વિદ્યાર્થીઓને શિખવવામાં જીવનચરિત્રો ખાસ ઉપયોગી છે

યાદ રાખવું કે જીવનચરિત્ર તે ઇતિહાસ છે એટલુજ નહિ પણ તે અમુક માણુસની જીદગીની હકીકત છે. બીજા જ્ઞાન કરતાં બૈબલનુ અક્ષરી જ્ઞાન વર્તણુક બદલાવવાને માટે વધારે શક્તિવાન નથી. જ્યારે જીવનચરિત્રનો પાઠ શિખવીએ છીએ ત્યારે છોકરાંના મન પર જે અસર પાડવી હોય, તે પાઠના વીર પુરૂષની આખી જીંદગીની સામાન્ય અસર હોવી જોઇએ. આ સામાન્ય અસર શરૂઆતથી તે અત સુધી ધ્યાનમાં રાખવી, પરંતુ શિખવતી વેળાએ વીર પુરૂષના હેતુઓ તથા કૃત્યોનાં પરિણામ શોધી કાઢવાને માટે તે સામાન્ય અસર કે જેમાં જુદી જુદી અસરો સમાયલી છે તે જુદી પાડવી.

યુવાવસ્થાના વિદ્યાર્થીઓને માટે બૈબલ વિશેષ લાયક છે. તે કેવળ વર્તણુકના કાયદા કાનુનનું પુસ્તક નથી, પણ ઘણું કરીને નિયમીત રીતે ગોઠવેલું હકીકતનું પુસ્તક છે. બૈબલમાં લગભગ પાંચ હજાર વિશેષ નામ આવે છે. તેમાંની ઘણીખરી ઐતિહાસિક વાતો કોઇ અનુપમ પુરૂષ અથવા સ્ત્રીને લગતી હોય છે. બૈબલમાંનું શિક્ષણ ઘણે ભાગે ખાસ દાખલાની મારફતે આપવામાં આવે છે.

જીવનચરિત્રની વાર્તા કહેવામાં શિક્ષકનો હેતુ એવો હોવો જોઇએ છે કે, પાઠના પાત્રના ઉદ્દેશો એવી મનોહર રીતે

દેખાડવા કે, તે છોકરાંને મન મોટો વીર પુરૂષ જેવો દેખાય.

હેતુ. વળી એવો યત્ન કરવો જોઇએ કે છોકરાંઓ વીર પુરૂપ તથા તેની જીંદગીનાં સદ્વર્તનની કદર કરે. છોકરાંને સારો હેતુ દેખાડવાથી તથા સારો અભિપ્રાય બાંધવામાં મદદ કરવાથી શિક્ષકે તેઓના ધાર્મિક સ્વભાવને પ્રફુલ્લીત કરવાને યત્ન કરવા જોઇએ. આ જીવન-ચરિત્રની વાર્તાઓ જો યોગ્ય રીતે કહેવામાં આવે તો તે વિદ્યાર્થીઓના અનુભવને લાગુ પડશે ને તેઓને ઇચ્છાતુર કરાવશે. જીંદગીનાં ધોરણો દેખાડવાથી તેઓએ નવા કરારના નીતિના કાયદાઓ તથા હેતુઓ કેળવવા અને ઠસાવવા. મુખ્ય હેતુ જ્ઞાન આપવાનો નથી, પણ છોકરાંનાં મન પર અસર પાડવાનો છે. તે એ માટે કે તેઓ ઇચ્છવા લાગે કે જે સદ્ગુણો આ વીર પુરૂપોમાં દેખાય છે, તે જો અમારામાં ઉત્પન્ન થાય તો સારૂં.

આ ઉમ્મરે છોકરા તથા છોડીઓનાં મન પર પડલી અસર સહેલથી તેઓ પ્રગટ કરતાં નથી, અને ઘણીવાર તેઓ એમ

પરિણામ. ધારતાં હશે કે, જો અમે અમારી લાગણીઓ પ્રગટ રીતે દેખાડીએ તો અમારી મશ્કરી કરવામાં આવશે. પરંતુ સારૂં પસંદ કરવાથી તેઓનાં મન પર પડેલી અસર જણાઇ આવશે. દરેક પાઠ એવો હોવો જોઇએ કે તે શિખવાથી છોકરાંઓને જીંદગીની કોઈ પણ બાબત વિષે પસંદગી કરવી પડશે. જેમ જેમ આ નાની પસંદગીઓ વધતી જશે, તેમ તેમ જીંદગીની મોટી પસંદગી કરવાનો માર્ગ ખુલ્લો થશે. આ મુખ્ય પસંદગી એટલે ખ્રીસ્તને સર્વસ્વ અર્પણ કરવું, એ આપણો મુખ્ય હેતુ તથા આપણા કામનું પરિણામ હોવુ જોઇએ. જો આ ભૂલી જઈશુ તો આપણું કામ જરૂર નિષ્ફળ જશે.

"દરેક માણસનો મુખ્ય ને શુભ રહેલો મહિમા તે ઇચ્છા શક્તિ છે." શિક્ષકે આ ઇચ્છાશક્તિરૂપ કિલ્લો સર કરવો

જોઇએ. જે વર્ણવેલાં પાત્રો વિષે છોકરાંઓ અભિપ્રાયો બાંધે છે, તેથી તે કિલ્લો ધીમે ધીમે સર કરવામાં આવે છે. કદાચ તેઓ પોતાના અભિપ્રાય તમને કહેશે નહિ, પરંતુ તેઓ પોતાના અભિપ્રાય પોતાના અંતઃકરણમાં ગુપ્ત રીતે નોંધે છે; અને તેઓ તે મોટી પસંદગી નક્કી કરશે કે નહિ તેનો આધાર આ અભિપ્રાય ઉપર છે એવો સંભવ છે. ઘણું કરીને તેઓ કંઈ પણ પસંદગી કર્યાં પછી આ વર્ગમાંથી જશે, ને ઘણે ભાગે તે પસંદગી જીંદગીભરની થશે.

પ્રશ્નો.

૧ યુવાવસ્થાના વિદ્યાર્થીઓમાં શિક્ષકનુ કામ વધારે સફળ થાય, માટે તેણે તેમનાં કયાં વિશેષ લક્ષણો ધ્યાનમાં રાખવા?

૨. યુવાવસ્થા તે શા માટે ઘણી અગત્યની અવસ્થા ગણાય છે?

૩. ચૌદ વરસના છોકરા કે છોડીનો ધર્મ કેવો હોવો જોઇએ, એ તમારા પોતાના શબ્દોમાં લખો.

૪. જે વાતોથી જુનિયર તથા યુવાવસ્થાના વિદ્યાર્થીઓનાં મન પર વિશેષ અસર થાય છે તેનો મુકાબલો કરો.

૫. યુવાવસ્થાના વિદ્યાર્થીઓને શિખવવાને વાસ્તે જીવન-ચરિત્રનો અભ્યાસ એ ખાસ ઉપયોગી છે તેનુ કારણ શુ?

૬. સીનિયર વિદ્યાર્થીઓને માટે શિક્ષક પાઠ તૈયાર કરે છે ત્યારે તેનો શો હેતુ હોવો જોઇએ?

૭. યુવાવસ્થાના વિદ્યાર્થીઓના દર રવિવારના પાઠની તરતની અસર કેવી હોવી જોઇએ, અને આ અસર ઇસુ ખ્રીસ્તને શરણે આવવાનો માર્ગ કેવી રીતે ખુલ્લો કરે છે?

૮. યુવાવસ્થાના વિદ્યાર્થીઓના શિક્ષકોએ શા માટે આગ્રહ કરવો કે વિદ્યાર્થીઓ ખ્રીસ્તને પસંદ કરે?

પ્રકરણ ૧૨ મું.

વાર્તારૂપી પાઠ. પહેલા શિષ્યોનું તેડું.

શિક્ષકનો અભ્યાસપાઠ. માર્ક ૧; ૧૪-૨૦. યોહા. ૧; ૪૦-૪૪. માત્થી ૪; ૧૭-૨૦.

સોનેરી વાક્ય:—ફસલ પુષ્કળ છે ખરી પણ મજુરો થોડા છે, એ માટે તમે ફસલના ધણીની પ્રાર્થના કરો કે તે પોતાની ફસલને સારૂ મજુરો મોકલે. માત્થી ૯; ૩૭, ૩૮.

આગળના વર્ગના વિદ્યાર્થીઓને શિખવવાને માટે સરળ વાર્તાની જરૂર હતી, પણ હવે વિદ્યાર્થીઓ યુવાવસ્થામાં આવ્યા છે માટે એ સરળ વાર્તાની અગત્ય ઓછી થઇ છે. પરતુ જો પાઠ વિશેષ અસરકારક કરવો હોય તો આગળના પાઠોની માફક આબેહુબ તથા ખાસ માણસને લાગુ પડે એવી રીતે શિખવવો જોઇએ, માટે અત્યાર સુધી જે રીતે પાઠ તૈયાર કરતા હતા તેજ રીત હમણાં પણ કામમાં લેવી.

કામ કરનારાઓની ઘણી જરૂર છે, માટે આ પાઠ આપણુ બધાને કામ કરવાને તેડે છે. ખ્રીસ્તની પાછળ જવાનો આ

આત્મિક બોધ.

માણસોએ જે નિશ્ચય કર્યો તેનો ખુલાસો કરવા જઇએ ત્યારે તેઓને મળેલુ તેડું સેવા કરવાનું તેડું હતું એ સાબિત કરીશું. તેઓ સેવા કરવા સારૂ તારણ પામ્યા હતા, સેવા કરવા સારૂ તેડાએલા હતા. આવી વાત યુવાવસ્થાના વિદ્યાર્થીઓનાં મન પર વિશેષ અસર કરે એ સ્વાભાવિક છે. આ દુનિયામાં જે લોકો કંઈ કરવા જેવું કરે છે તેમના વિષે તેઓ સાંભળવા ચાહે છે, તેઓના મનમાં ખ્રીસ્તની પાછળ જવાનો નિશ્ચય ઉત્પન્ન કરવાની સૌથી સારી રીત કદાચ આ હોય કે તેઓને દેખાડીએ કે પરમેશ્વરની સેવા કરવી એ સુંદર ને પસંદ કરવાજોગ કામ છે.

વિદ્યાર્થીઓને ખ્રીસ્તને પસંદ કરવાનું નોતરૂં આપવાની આ પાઠમાં સારી તક મળશે. શિખામણ એવી રીતે લાગુ પાડવી કે સેવા કરવાની અસર મન પર પડે.

શિખામણ કેવી રીતે લાગુ પાડવી.

આજે પોતાનું મોટું કામ અદલ કરવાને માટે ખ્રીસ્તને પુરૂષો તથા સ્ત્રીઓની અગત્ય છે. જ્યારે કોઇ માણુસ ખ્રીસ્તની સેવા કરવાનો નિશ્ચય કરે છે, ત્યારે તરતજ તેને આ કામમાં કોઇ અમુક ભાગ સોંપવામાં આવે છે. કોઈ બીજી સેવા આના કરતાં વધારે હિંમત માગતી નથી, અને એના કરતાં કોઈ બીજી સેવાથી મોટો બદલો મળતો નથી. આજે આ સેવામાં કોણ દાખલ થશે? જેઓ પોતાને ખ્રીસ્તને અર્પણ કરે છે તેઓને બીજા લોકોનો બચાવ કરવામાં મદદ કરવાની શક્તિ આપવામાં આવે છે. લોહચુંબકનો દાખલો આપો લોહચુંબકમાં અજાયબ જેવી શક્તિ છે કે જેથી તે સોય, ખીલા, પોલાદ અથવા લોઢાના કકડા પોતાની પાસે ખેંચી શકે છે. જ્યારે ખીલો લોહચુંબકને અડકે છે, ત્યારે તે પોતે પણ લોહચુંબક થાય છે, અને અસલના લોહચુંબકની પેઠે બીજા ખીલાઓને ખેંચી શકે છે.

જગતના અગ્રેસરો થવાને માટે ખ્રીસ્તે સાધારણ ધંધા કરનારાને પસંદ કર્યાં, એ વાત છોકરાંઓને વિશેષ અજાયબ જેવી લાગશે. વળી તેઓએ આનાકાની કર્યાં વગર તેનું તેડું તરત સ્વીકાર્યું, એથી તેઓનાં મન પર વધારે અસર થશે.

રસિક વાત.

વખત.—પરીક્ષણ પછી લગભગ એક વરસ.

વાર્તા.

ઠેકાણું.—કાપરનાહુમ પાસે ને ગાલીલના સમુદ્રની વાયવ્ય કોણમાં.

ઇસુનું કામ શું હતું તે કલમ ૧૪ તથા ૧૫ માં મળે છે. તેનું કામ પુરૂષો તથા સ્ત્રીઓને પાપથી પરમેશ્વર ગમ ખેંચવાનું હતું. તેઓને કહેતું કે આકાશનું રાજ્ય સ્થાપન થાય છે. જે

ભુંડી શક્તિઓ તેઓને ગુલામ કરતી હતી, તેઓ ઉપર હુમલો કરવાનુ કામ હતું. એક વરસ સુધી તે એકલો આ કામ કરતો હતો, પણ તે વખતે તે આ શુદ્ધપ્રયુદ્ધ કેવળ શરૂ કરતો હતો. મદદગાર, હા, ઘણા મદદગાર જોઈતા હતા, અને હમણાં તે કામ કરવાને માટે માણસોને પસંદ કરવા માંડવુ જોઈએ.

૧. ચારનું તેડું.

સમુદ્રનુ પાણી લાંબે સુધી દેખાય છે. હોડીઓ ઘણી છે, તેઓમાંની કોઈએક સમુદ્ર પર ચાલતી દેખાય છે. કેટલીએક હોડીઓ સમુદ્ર કિનારે લાંગરેલી છે પણ ઘણીખરી કિનારે પડેલી છે. મોટું શહેર કાપરનાહુમ કે જેમાં સુંદર મહેલ તથા રસ્તા છે તે ઠેઠ કિનારા સુધી બંધાયલુ છે શહેર બહાર ઈસુ કિનારે ચાલે છે. પીતર તથા આંદ્રિયા છીછરા પાણીમાં જાળ નાખે છે ત્યાં સુધી તે આવે છે. હમણાં તેઓએ થોડાં લુગડાં પહેરેલાં છે; તેઓ જબરા અને તાપથી કાળા પડેલા માછીઓ છે. પોતાનું કામ મુકી દેવાને ને તેની સાથે આવવાને ઇસુ તેમને તેડું કરે છે (કલમ ૧૭). તરતજ (આ શબ્દ પર ભાર મુકવો) તેઓ પોતાની જાળ મુકીને ને પોતાના ડગલા પહેરીને આનંદસહિત તેની પાછળ જાય છે. આગળ જતાં થોડે દૂર માણસોનું નાનું ટોળું દેખાય છે. તેઓની હોડી નજીક છે ને તેઓ ખડક પર બેસીને પોતાની હોડીની પાસે જાળ સાંધે છે. ઘરડો ઝબદી ને તેના બે દીકરા યાકૂબ તથા યોહાન અને કેટલાક ચાકરો; એ બધા સાથે કામ કરે છે. ઇસુ ધીમા સ્વરે કહે છે કે, આવો; તમારી જાળ મુકી દઇને મારી પાછળ આવો. જે આનંદથી યાકૂબ તથા યોહાન ઈસુનુ તેડું તરતજ સ્વીકારે છે તેની કલ્પના કરો.

૨. નવું ટોળું.

હમણાં ઈસુના લશ્કરના પહેલા ચાર સિપાઇઓ કામ કરવાને તેડાયલા છે. જુઓ, તેઓ કેવા આનંદથી સાથે જાય છે. તેઓ શાના વિષે વાત કરે છે? માછલી પકડવા

વિષે. તેઓ નાનપણથી માછીઓ છે. તેની કળા તથા તેના બધા નિયમો તેઓ સમજે છે, અને હવે માછલીને બદલે માણસોને કેવી રીતે પકડવાં તે કળા ઇસુ તેમને શીખવે છે. હવે પછી તેઓ પકડનારા રહેવાના છે ખરા, પણ માણસોના પકડનારા. આ કામ ઘણું મોટું છે તેમાં હિમ્મત, સમય-સુચકતા, ધ્યાન, ધીરજ તથા જે સદગુણો તેઓ ગાલીલના સમુદ્ર પાસે શીખતા આવ્યા છે, તે બધાની હમણાં જરૂર છે.

હવે તેઓ કેવા માણસો હતા તે જોઇએ પહેલો પીતર. તે ઉતાવળો, સાહસિક, નિર્ભય અને ચંચળ છે. તે પોતાની હોડીનો નાખુદા છે, પછી તેનો ભાઇ આંદ્રિયા; તે શાંત માણસ છે, પણ ભલા તથા આતુર સ્વભાવવાળો છે. યાકૂબ પોતાની હોડીનો નાખુદા છે અને આંદ્રિયાની માફક તે ભલો તથા સ્થાયી કામ કરનાર છે. યાકૂબનો ભાઇ યોહાન તે ટોળામાં સૌથી નાનો છે: તે બહુ તેજ સ્વભાવનો તથા બહાદૂર છે, પણ ઇસુ પર તે ઘણો પ્રેમ રાખે છે.

તેઓમાં ખાસ લક્ષણોની જરૂર હતી મોટું કામ કરવાને માટે અથવા મોટા યુદ્ધમાં લડવાને માટે અથવા મોટી રમત જીતવાને માટે આપણે ગમે તેવા માણસની પસંદગી ના કરવી, ચોકસાઇથી તપાસીને પસંદગી કરવી. તે પ્રસંગે ઇસુએ તે પ્રમાણે કર્યું હતું, અને આજે પણ તે એ પ્રમાણે કરે છે. આ લક્ષણો કયાં છે? તે વિદ્યા નથી, કારણ કે ભણેલાં માણસો યરૂશાલેમમાં ઘણાં હતાં જો તેઓની મરજી એવી હોત તો તેઓ પણ આવી શકત, પણ વિદ્યા તે સહુથી અગત્યની વાત ન હતી ઇસુને સાધારણ ઉદ્યોગી માણસો જોઇતા હતા (લુક ૫; ૨, ૫. માર્ક ૧; ૧૯). તે હોંસીલા માણસોને ચહાતો હતો, જેઓ કેવળ પરાણે કામ નહિ કરે (૧ કાળ. ૧૯; ૫). તે પ્રવીણ માણસોને ચહાતો હતો, પોતાના ધંધામાં આ માણસો ફતેહમંદ હતા. તે વફાદાર માણસોને ચહાતો હતો, શરૂઆતથી તેઓએ ઇસુ પર પ્રેમ રાખ્યો (યોહા. ૧; ૪૦).

ઉપરનાં અગત્યનાં લક્ષણો કહેવાથી આપણે બે કામ કરીએ છીએ. પહેલુ એ કે, વિદ્યાર્થીઓને દેખાડીએ છીએ કે જે માણસોની ઇસુ પસંદગી કરે છે, તેઓ એવા છે કે તમે પોતે કહેશો કે તેઓ લાયક છે. અને બીજુ એ દેખાડીશુ કે, આ માણસોનાં સુલક્ષણો એવાં છે કે તેઓ કોઈ પણ માણસથી પ્રાપ્ત કરી શકાય કદાચ જો એમ કરશો કે, વિદ્યાર્થીઓ પોતે આ પહેલા શિષ્યોના જેવા માણસોના સદ્ગુણો કહેશે તો વધારે સારૂં.

આજનો પાઠ માછલીઓ પકડવા વિષેનો છે, એવા રીતે પ્રસ્તાવના કહીએ. માછલીઓ પકડવા વિષે તમે શું કહેશો તે સાંભળવાને બધા છોકરા તથા છોડીઓ તત્પર રહેશે. તેઓને પુછો કે માછલી પકડવાના કોઈ નિયમો તમે જાણો છો? વિવાદ કર્યા વિના તે નિયમો સ્વીકારો ને કહો કે, ઇસુએ માણસોને શિખવ્યું કે તેઓ ઉત્તમ જાતના પકડનારા થાય. આ પ્રસ્તાવના કહેવાને કેવળ એક બે મિનીટ લેવી. ત્યાર પછી અભ્યાસક્રમના ગયા પાઠ સાથે આ પાઠનો સંબંધ દેખાડીને શિક્ષકે ઉપર આપેલી સૂચના પ્રમાણે પાઠના ઐતિહાસિક સંબંધનો અર્થ દર્શાવવો.

પ્રસ્તાવના.

પ્રકરણ ૧૩ મું.

જીવનચરિત્રનો પાઠ: દાનીયેલ તથા તેના મિત્રો.

શિક્ષકનો અભ્યાસપાઠ: દાની. ૧;

સોનેરી વાક્ય: (બાર્નાબાસે) તેઓ સર્વને મનના નિશ્ચયથી પ્રભુને વળગી રહેવાનો બોધ કીધો પ્રે. કૃ. ૧૧. ૨૩

આ જીવનચરિત્રના પાઠમાં યુવાવસ્થાના વિદ્યાર્થીઓને માટે એક ઉત્તમ વિષય મળે છે, કે જેમાં આપણે એક મોટી ને ફતેહમંદ જીંદગીનો પાયો દેખાડવો જોઇએ. વિચારથી પસંદ કરેલા અભ્યાસક્રમમાં દાનીયેલની હકીકત કડીબંધ ગોઠવાયલી હશે, અને આજનો પાઠ એવી કડીઓમાનો પહેલો પાઠ હશે બાઇબલ તો શું, પણ જગતના ઇતિહાસમાં જે સૌથી સારી બહાદુરી તથા વિશ્વાસુપણું મળશે, તેના દાખલાઓ દાનીયેલના પુસ્તકમા મળશે પણ યાદ રાખવુ કે, ખાસ હેતુથી આપણે જીવનચરિત્રનો અભ્યાસ કરીએ છીએ માટે આપણી હમેશની રીત પ્રમાણે પહેલા પુછવુ કે, આમાં શી આત્મિક શિખામણ છે.

યાદ રાખો કે, જીવનના મુદ્દા તે હૃદયમાં છે (દૃષ્ટાંત ૪; ૨૩), અને તેની સાથે માત્થી ૧૫, ૧૯, ૨૦ માં આપણા પ્રભુનાં વચનો આવે છે તે સરખાવો. માત્ર થોડાજ લોકો આ આત્મિક વાત બરાબર સમજે છે, માટે તે શિખવવામાં વિશેષ ધ્યાન આપવું જોઇએ. આ આત્મિક બોધ જો વિદ્યાર્થીઓ પોતાના અંત:કરણમાં સ્વીકારશે, તો ભવિષ્યમાં જ્યારે તેઓને નિશ્ચય ઉપર આવવાની વિનતી કરીશુ ત્યારે તે સાધનરૂપ થશે દાનીયેલ વિષેનો પાઠ આ આત્મિક બોધ આબેહુબ તથા મનોરંજક કરવાને માટે તક આપે છે. ઝીણી ઝીણી વાતો વિષે લંબાવીને બોલવાથી આ અગત્યની વાત ભુલી ન જવાય તે વિષે સંભાળ રાખજો.

આત્મિક શિખામણ.

આપણે બાબેલોન, લન્ડન, મદ્રાસ જેવાં મોટાં શહેરોમાં કે નાનાં ગામડાંમાં રહીએ તોપણ આ વાત આપણને સરખી રીતે લાગુ પડે છે. દરેક દેશના લોકોનું વળણ એવું છે કે, માણસોની કિમ્મત તે પૈસા ખાનદાની ને વિદ્યાથી ગણાય એવું તેઓ ધારે છે, પણ એ વાત ખરી નથી. પૈસાદારની જીંદગી નિરર્થક હોય, ખાનદાન નિર્માલ્ય હોય તથા વિદ્વાન કંઈ લેખામાં ન હોય, પરંતુ માણસની કિમ્મતનો આધાર તેના હૃદય ઉપર છે. હવે એમ ધારો કે, સર્વ લોકના દેખતાં આપણું હૃદય ખુલ્લુ કરવામાં આવે તો શું જોવામાં આવે? શું સદાના જય તથા ઉમદાપણાનાં બી ત્યાં વાવેલાં જોવામાં આવે? અથવા જેથી ભયંકર અને નાશવંત પાક થાય એવાં બી વાવેલાં છે? જેઓએ પોતાનાં હૃદયમાં નિશ્ચય કર્યો છે કે અમે પ્રભુને વળગી રહીશું, અને જે સારૂં, શુદ્ધ તથા સાચ્ચું છે તેના પક્ષના થઈશું, એવા આપણે છીએ કે નહિ?

જો શિક્ષકને એવુ લાગતુ હોય કે વિદ્યાર્થીઓને ખ્રીસ્તની પસંદગી કરવાનો વખત પાસે આવ્યો છે, તો વિનંતી કરવાને આ તકનો ઉપયોગ કરે, પણ યાદ રાખવુ કે હમેશાં વિનંતી કર્યા કરવાથી તેની અસર ઓછી થાય છે.

નબૂખાદનેસ્સારે જે પરીક્ષા લેવાનો ઠરાવ કર્યો હતો તે, અને દાનીયેલ તથા તેના મિત્રો તે પરીક્ષામાં આશ્ચર્યકારક રીતે પસાર થયા, એ વાતો વિશેષે કરીને યુવાવસ્થાના વિદ્યાર્થીઓનાં મન ઉપર અસર કરશે.

રસિક વાત.

વખત.—ઈ. સ. પૂ. છસેં વરસ. યરૂશાલેમના તથા સમરૂનના લોકો ગુલામગીરીમાં હતા.

વાર્તા.

બાબેલોનના રાજ્યની આબાદીના છેલ્લા દિવસો આવ્યા હતા.

ઠેકાણું.—બાબેલોન તે જમાનાના સૌથી બળવાન રાજ્યનું રાજ્યસ્થાન.

યાદ રાખવું કે, આ પાઠના હેતુ બે છે. એક આ છે કે વિદ્યાર્થીઓ પોતાના ખરા હૃદયથી પાઠના વીર પુરૂષોને વખાણે. બીજો આ છે કે, છોકરાંઓને સમજાવીએ કે, હૃદયમાં જીવનના મુદ્દા છે. શું તમને એવું લાગે છે કે, દાનીયેલ વખાણ પામવા લાયક છે, એવો સવાલ તમે પુછશો નહિ, પણ વિદ્યાર્થીઓ સ્વાભાવિક રીતે તથા પોતાની મેળે દાનીયેલને માન તથા વખાણ પામવા લાયક જાણે એવી રીતે પાઠ શિખાડો.

૧. દાનીયેલ કોણ હતો?

(ક) તે યહુદી હતો, બંદીવાન હતો, પોતાના દેશને હરાવી નાખનાર રાજાના હાથમાં ગુલામ હતો. તે હજુ નાનો છોકરો હતો એટલામા તેને જોર-જુલમથી પોતાના ઘર તથા દેશથી લઇ જવામા આવ્યો હતો.

(ખ) તે અમીર વર્ગનો હતો. કદાચ તે રાજકુટુંબનો હશે, પણ કુલીન કુટુંબનો હતો એ નક્કી છે.

(ગ) તે ખુબસુરત હતો, હોશીયાર તથા સમર્થ હતો. તેની ખુબસુરતી પર ભાર મુકો. એમજ તેનુ મજબુત શરીર, ચપળ મન તથા તેનો અભ્યાસપરનો પ્રેમ એ બધાં પર ભાર મુકો. (કલમ ૪.) નબૂખાદનેસ્સાર રાજા ગુલામોમાંના સૌથી ઉત્તમને પોતાની સેવા માટે માગતો હતો. કદાચ તે જાણતો હતો કે યહુદીઓ વિશેષ કૌશલ્યવાળા હતા, અને જાણતો હતો કે, મારા પોતાના લોકો નબળા પડી ગયા છે, માટે ભવિષ્યમાં પોતાના રાજ્યના આગેવાન થવાને માટે પારકા લોકોને શોધતો હતો. આ ઉપરથી જણાય છે કે રાજા ડાહ્યો હતો.

આ ચાર છોકરા તરફ જુઓ. તેઓ ચૌદ પંદર વરસના છે. તેઓ મજબુત, ખુબસુરત, સારા પોષાક પહેરેલા તથા ઉત્સાહી

છે. કદાચ બીજા ત્રણ છોકરાઓ પણ દાનીયેલના જેવા કુલીન હતા, અને બધા ભાઇબંધો હતા.

૨. દાનીયેલનો હેતુ.

દાનીયેલ તથા તેના ત્રણ મિત્રો તથા બીજા ઘણા યહુદી છોકરાઓ રાજાથી પસંદ કરાયલા હતા, એ માટે કે, તેઓ મુખ્ય કારભારીની પાસે શીખીને રાજદરબારમાં રહેવાને માટે ખાસ કેળવણી પામે (કલમ ૫, ૧૧). રાજાના ખાણામાંથી તથા તેના પીવાના દ્રાક્ષરસમાંથી તેઓને આપવાનો હુકમ થયો, અને કુલીન વર્ગના છોકરાને શોભે તેવી તેઓને દૈહિક તથા માનસિક કેળવણી આપવી હવે એવા મોટા પૈસાદાર શહેરમાં કે જ્યાં ઘણાં અધર્મી માણસો હોય, તેમાં એ ચાર વિદ્યાર્થીઓ કે જેઓ રાજ્ય મહેલમાં રહેતા હતા અને રાજાનો ખોરાક ખાતા હતા, તેઓ કેવી રીતે જીંદગી ગુજારતા હશે તેનું વર્ણન કરો.

આ સંપૂર્ણ રીતે સમજવુ હોય તો જાણવું કે (ક) બાબેલોન જેવા શહેરમાં અમીર વર્ગના જુવાન માણસોને કેટલી બધી લાલચો થતી હતી, જેમકે દુરાચાર, આળસ, દૈહિક સુખભોગ ઈત્યાદિની લાલચો. પોતાના શાંત દેશ યહુદાહમાં ને આ મોટા શહેરમાં કેટલો બધો ફેર છે? આના જેવા સંજોગોમાં ઘણા છોકરાઓ બગડી ગયા છે (ખ) રાજાના ખોરાકમાથી ખાવું તથા તેના દ્રાક્ષરસમાંથી પીવુ તેનો અર્થ આ હતો કે ઓછામાં ઓછા બાહ્ય રીતે બાબેલોનના લોકોનો ધર્મ સ્વીકારવો, અને યહોવાહનો પક્ષ તજી દેવો, કારણ કે આ બધો ખોરાક મૂર્તિનું નૈવેદ હતું. (ગ) આ મિષ્ટાન્ન બહુ સ્વાદિષ્ટ હતું, પરંતુ તેને લીધે શરીર તથા મન બન્ને નબળાં થઇ જશે. દારૂ પીવાની અસર વિષે થોડી વાત કરો.

દાનીયેલ પોતાના ત્રણ મિત્રોનો આગેવાન થાય છે, ને તેમની સાથે તે રાજાના ખોરાક તથા દ્રાક્ષરસને અડકવાની ના પાડે

છે (કલમ ૮, ૧૪). તેઓના સાથી જેઓ સારા છે, તેઓને તે પોતાની હિમ્મત તથા સદ્વર્તનને લીધે વ્હાલો લાગે છે. અભ્યાસ તથા કેળવણીમાં તે બધાથી આગળ વધતો જાય છે (કલમ ૧૫, ૧૬). તેના સદ્વર્તનને લીધે તે ફતેહમંદ થયો. હવે વિશેષ સમજાવવું કે જેઓમાં દાનીયેલના જેવાં ઓછાં વધતાં સદ્વર્તન હશે તેઓ ફતેહમદ થશે. દાનીયેલના હૃદયમાં એક મજબુત તથા દૃઢ નિયમ છે, એટલે પરમેશ્વર પ્રત્યે વિશ્વાસુપણું રાખવું. અધર્મી રાજદરબારમાં કે જ્યાં પાપ કરવાની તક તથા લાલચ નિરતર છે ત્યાં દાનીયેલ દૃઢ રહ્યો, અને તેની દૃઢતાની અસર બીજા પર પડે છે કે જેથી તેઓ પણ તેના જેવા દૃઢ રહે છે.

૩. દાનીયેલની પરીક્ષા.

શીખવાનો વખત થઈ રહ્યો છે. નબૂખાદનેસ્સારની કલ્પના કરો તે મહા મોટો તથા ભયાનક ચક્રવર્તી રાજા છે. તે સુદર પોષાક પહેરે છે, મુલ્યવાન સિહાસન જેની બે બાજુએ આરસપહાણના સિહ ગોઠવેલા છે તે પર તે બેઠો છે, તેની ચોમેર તેના અમીરો તથા અમલદારો છે.

પાછલા વર્ગના વિદ્યાર્થીઓ માટે જેવો વિગતવાર ચિતાર જોઇએ, તેવા વિગતવાર ચિતારની જરૂર યુવાવસ્થાના વિદ્યાર્થીઓને નથી. નબૂખાદનેસ્સારનું પરાક્રમ તથા જુવાનોની નિર્ભયતા દેખાડવી. નબૂખાદનેસ્સાર પોતાના મહેલમાં બેઠેલો છે એવું કે એને મળતું કોઇ પણ ચિત્ર મળે તો બતાવો. બધા દેશનિકાલ કરાએલા જુવાનોને રાજાની હજુરમાં બોલાવવામાં આવે છે. તે તેમની દૈહિક તથા માનસિક પરીક્ષા લે છે. તે છોકરાઓ ઘણા તલપાપડ થએલા છે, કારણ કે ભવિષ્યમાં તેઓનું શું થશે તેનો આધાર આ પરીક્ષા ઉપર છે. દાનીયેલ પરીક્ષામાં સહેલાઈથી પહેલો આવે છે, અને તેના ત્રણ મિત્રો તેનાજ વર્ગના છે, ને બીજો કોઇ તેમની બરોબરી કરી શકતો નથી. રાજા પોતાની હજુરમાં તેમને મોટી જગ્યા આપે છે.

દાનીયેલે ઉચ્ચ પદવી કરતાં ધર્મ ઉપર વધારે ભાવ રાખ્યો, માટે પરમેશ્વરે તેને મોટી પદવી પણ આપી એ વાત પર છોકરાંઓનું લક્ષ ખેચો. તે દિવસે દાનીયેલે લાંબી તથા ફતેહમંદ નોકરીની શરૂઆત કરી. ઓછામાં ઓછા ચાર રાજાની હજુરમાં તેણે સીત્તેર વરસ સુધી નોકરી કરી. તે ભાગ્યશાળી થયો એટલુજ નહિ, પણ ખરેખર મોટો માણસ થયો.

પ્રસ્તાવના

આજનો પાઠ રસિક છે, કારણ કે દેશનિકાલ કરાયલો છોકરો તે જમાનાના સૌથી મોટા રાજ્યમા સૌથી મોટી પદવી મેળવે છે. છોકરાઓ નકશામાં બાબેલોન ક્યા છે તે દેખાડે, ને તે રાજ્ય વિષે જે જાણતા હોય તે કહી બતાવે

પ્રકરણ ૧૪મું.

જીવનચરિત્રનો પાઠ: એસ્તેર.

શિક્ષકનો અભ્યાસપાઠ. એસ્તેરનુ પુસ્તક.

સોનેરી વાક્ય · "જે પોતાનો જીવ બચાવે છે તે તેને ખોશે ને મારે લીધે જે પોતાનો જીવ ખોએ છે, તે તેને બચાવશે." માત્થી ૧૦; ૩૯.

જોકે આગળના પાઠના સિદ્ધાંતો છોકરા તથા છોડીઓના વર્ગને સરખી રીતે લાગુ પડે છે તોપણ આ જીવનચરિત્રનો પાઠ વિશેષે કરીને છોડીઓના શિક્ષકને ઉપયોગી પડે એમ છે ફરીથી યાદ રાખવુ કે અમુક હેતુથી જીવનચરિત્રના પાઠનો અભ્યાસ કરીએ છીએ. એસ્તેર વિષેના પાઠ ઉપરથી આ બોધ લેવો કે, બીજાને માટે પોતાનો નકાર કરવો એ ખ્રીસ્તી છોડીની ફરજ છે. જોક, નિ.સ્વાર્થ એ સદ્ગુણ તેઓમા દેખાતો નહિ હોય, તોપણ યુવાવસ્થાના વિદ્યાર્થીના વધતા જતા આયુષ્યમાં તે હોય છે

આત્મિક શિખામણ.

ખરો તેના તરફનુ વલણ સ્વાભાવિક રીતે જોતાં નબળુ છે, માટે તેને દૃઢ કરવું, કેળવવુ તથા દોરવું જોઇએ. પરંતુ એ વલણ ઉપરથી માલમ પડે છે કે, યુવાવસ્થાના વિદ્યાર્થીઓ આખરે ખ્રીસ્તની પસંદગી કેવી રીતે કરશે. દેખાડો કે, એસ્તેરનું સ્વાર્પણ તે ધાર્મિક હતું. વળી દેખાડો કે જોકે પરમેશ્વર પર તેનો ભાવ હતો તે સ્પષ્ટ રીતે દેખાડેલું નથી તોપણ એવું અનુમાન કરવુ જોઇએ. એવી રીતે શીખવો કે વિદ્યાર્થીઓ તેની હિમ્મતને લીધે એસ્તેરનાં વખાણ કરશે, કારણ કે એમ કરવાથી નિઃસ્વાર્થ સદ્ગુણની મોટાઇ દેખાઈ આવશે.

એસ્તેર એ નામનો એક અર્થ તારો થાય છે. આપણને દોરવાને વાસ્તે તે એક તારો છે. આપણા જાણવા પ્રમાણે

એસ્તેરને એકજ બક્ષિસ હતી, એટલે તેની ખુબસુરતી. ઘણી સ્ત્રીઓ આ બક્ષિસ કેવળ પોતાના સ્વાર્થને માટે વાપરે છે, ને અભિમાની, આડંબર ભરેલી તથા સ્વાર્થી થાય છે. પણ પરમેશ્વરની સેવા કરવાને એસ્તેરે પોતાને અર્પણ કરી. પરમેશ્વર તથા પોતાના દેશને માટે તેણે પોતાનો નકાર કર્યો હતો, ને તે ગણતી હતી કે મારો સૌથી મોટો આનંદ આમાં છે. દેખાડો કે છોડીઓ સેવા કરવાને માટે કેવી રીતે પોતાનો નકાર કરી શકે છે. ઉત્તમ સ્વદેશાભિમાન દેખાડવાને માટે તેઓ શું કરી શકે છે? તેઓને સમજાવો કે પોતાનાં ભાઇબહેનોને સુધારવા માટે તથા તેઓને ભુંડાઇથી બચાવવા માટે તેઓની મદદ કરવાથી તેઓ સૌથી મક્કમ તથા સફળ રીતે પોતાના જમાનાની સેવા કરશે.

આત્મિક શિખામણ કેવી રીતે લાગુ પાડવી.

આ મનોરંજક વાર્તામાં જે એક વાત બીજી કરતાં છોડીનું મન વધારે ખેંચશે, તો કદાચ તે આ હશે કે એક સાધારણ કન્યાને કેવી રીતે રાણીનો હોદ્દો મળ્યો.

રસિક વાત.

વખત.—બંદિપ્રવાસથી પાછા આવ્યા ને દાનીયેલના વખતથી થોડી મુદત પછી કેટલાક યહુદીઓ પાલેસ્ટાઇનમાં પાછા ગયા હતા, પણ બીજા કેટલાક યહુદીઓ બાબેલોનમાં વેરાએલા હતા.

ઠેકાણું.—શૂશાન નામનું ફારસી રાજ્યનું એક રાજ્યસ્થાન, જે ફ્રાત નદીના મુખ પાસે હતું.

એસ્તેરની વાર્તા ઘણી રમુજી છે, ને તેમાં ઘણી જૂદી જૂદી શિખામણદાયક વાતો છે; પણ શિક્ષકે એસ્તેરનાં પરાક્રમી કામ પર વિશેષ ભાર મુકવો. એસ્તેર શી રીતે રાણીની પદવીએ પહોંચી હતી તેની સંક્ષિપ્ત હકીકત કરવી જોઇએ (અધ્યાય ૧ અને ૨), અને તે કોણ હતી, અને અહાશ્વેરોશ રાજા કેવો

આગખુદી હતો એ પણ ટુંકામાં કહી બતાવવું. આ કરવામાં પાંચ મિનીટથી વધારે વખત લેવો નહિ જોઇએ, પણ આટલી થોડી મુદતમાં આટલું બધુ કહેવું હોય તો કાળજીથી તૈયારી કરવી જોઇએ.

૧. હામાનની યુક્તિ તથા મોર્દખાયનો સંદેશો.

આ યુક્તિ કહેવાને ધ્યાનથી તૈયારી કરો, ને વિશેષે કરીને દેખાડો કે (ક) આગાગી હામાન તે અમાલેકી હતો, કે જેઓ યહુદીઓના જુના શત્રુઓ હતા. (ખ) મોર્દખાયની બહાદુરીથી તે આ ભયંકર વેર વાળવાને માટે ઉશ્કેરાયલો હતો, અને (ગ) લાંચ આપવાથી તથા મોતને માટે ઠરાવેલા લોકોનાં નામ રાજાથી છુપાવવાથી તેણે હુકમ નક્કી કરાવ્યો (અધ્યાય ૩ જો)

આ હુકમની ખબર દેશના બધા પ્રાંતોમાં ફેલાઇ, ત્યારે બધા યહુદીઓને શોક ઉત્પન્ન થયો. શૂશાનમાં ઘણા લોકો સાથે મોર્દખાયને જુઓ. ટાટ પહેરીને રાજાના દરવાજા સામે તેઓ બેસે છે. પોતાના લોકનાં દુ:ખથી તેઓ આકુળવ્યાકુળ થઇને વિલાપ કરે છે. એસ્તેર મહેલમાં સાંભળે છે ને તેનું કારણ પુછવા મોકલે છે. મોર્દખાયનો જવાબ તથા એસ્તેર પાસે તેની વિનતી વાંચો (૪ ; ૬ -૮). તેડા વગર રાજાની હજુરમાં જવાને એસ્તેર આંચકો ખાઇને મોર્દખાય પાસે પોતાનો જવાબ મોકલે છે. (કલમ ૧૧). તે કેવી ગુંચવણમાં સપડાયેલી છે! પોતાને અપમાન કે મરણના જોખમમાં નાખવાના સંભવથી તે બીહે છે. હવે મોર્દખાયનો પ્રત્યુતર આવે છે તેનો અભ્યાસ કરો (કલમ. ૧૩, ૧૪). તેના છેલ્લા શબ્દો પર ભાર મુકો. કોણ જાણે છે કે તને રાજ્ય પ્રાપ્ત થયું છે, તે આવાજ સમયને સારૂ નહિ થયું હોય ?

૨. એસ્તેરનો નિશ્ચય તથા પરાક્રમી કામ.

એસ્તેર નિશ્ચય કરે છે (કલમ ૧૫-૧૭). ત્રણ દિવસના ઉપવાસ તથા પ્રાર્થના કર્યાં પછી તે રાજાની હજુરમાં જવાનું

સાહસ કરીને વિનંતી કરે છે કે, "રાજા, મારા પ્રિય લોકો પર દયા રાખો." દેખાડો કે તેવી પસંદગી કરવી કેટલી મુશ્કેલ હતી, અને તેનો નિશ્ચય ખરેખર વખાણ પામવાજોગ લાગે એવી રીતે શીખાડો.

હવે ત્રીજો દિવસ આવ્યો છે. ઘણી કાળજીથી તે પોતાનાં વસ્ત્ર પસંદ કરે છે, કારણકે અહાશ્વેરોશના મન પર સારી અસર પાડવી તે અગત્યનું છે. આખરે તે જવાને માટે તૈયાર છે. તેનો સૌથી સુંદર મુગટ માથા પર પહેરે છે. તેની દાસીઓ તેની સાથે છે. ધ્રુજતાં ધ્રુજતાં તે રાજ્યગ્રહ પાસે જાય છે. અહાશ્વેરોશ પોતાના રાજ્યાસન પર બીરાજેલો છે, તેના પોષાકનાં જવાહિર સૂર્યની પેઠે ચળકે છે, તેનો સોનેરી રાજદંડ જેના પર મરણ તથા જીવનનો આધાર છે તે તેના હાથમાં છે. રાણીને રાજસભામાં આવતી જોઈને રાજાના હજુરીઆ અચબો પામે છે. આ દેખાવની કલ્પના કરો, તે રાજાથી હજી થોડે છેટે છે, તે નમે છે, તેનુ મ્હો ઉતરી ગએલુ છે ખરૂં, પણ તેમાં દઢતા માલમ પડે છે, તેનો બુરખો ખોલી નાખેલો છે, હાથ જોડીને છાનીમાની વિનંતી કરતી હોય એવી રીતે ઉભી રહી છે. હવે શું થશે તે જોવા બધા સ્તબ્ધ થઈ ઉભા છે. રાજા આજ્ઞા કરે અથવા તો હાથથી ઇસારો કરે, તો બહાદુર રાણીને મારી નાખવા સારૂ ઘાતકીપણાથી ખેંચી લેવામાં આવે. તે પોતાના લોકોને માટે ખરેખર પોતાને અર્પણ કરે છે. કોઇ વિદ્યાર્થીની પાસે અધ્યાય ૫, ૨, ૩ વંચાવો. શું હજી સુધી તેણીની ઇચ્છા ફળીભૂત થએલી હતી? ના, તેના બોલવામાં કશી ગફલત થાય તો તેની બધી મહેનત નિષ્ફળ જવાની. ત્યારે તે શું કરે છે? (કલમ ૩-૫ વાંચો).

૩. મિજબાની.

રાજમહેલના વર્ણનને વાસ્તે અધ્યાય ૧; ૫–૭ વાંચો. રાણીની ખાનગી કોટડીઓની કલ્પના કરીને અધ્યાય ૫; ૬–૮ વાંચો. હવે તેને લાગે છે કે રાજાના મન પર વધારે અસર

પાડવી જોઇએ. તેજ રાત્રે બહુ ખુશી થઇને હામાન મોર્દખાયને ફાંસીએ દેવાને માટે પચાસ હાથ ઉંચી ફાંસી તૈયાર કરાવે છે. બીજી વાર આગળની મિજબાની કરતાં વધારે મોટી મિજબાનીમાં રાજા તથા હામાન એસ્તેરને ત્યાં આવ્યા અધ્યાય ૭, ૩–૭ સુધીમાં જે આબેહુબ બનાવની હકીકત આવે છે તે પર ભાર મુકો તે બનાવને અંતે એસ્તેર ઉભી રહે છે. ક્ષોભથી તેનો ચહેરો લાલ થઈ ગયો છે, ને હામાન જે મરણતોલ બીકથી પાછો ખસે છે તેની તરફ આગળી બતાવીને કહે છે કે "તે વૈરી તથા શત્રુ આ દુષ્ટ હામાન છે."

એસ્તેરનાં કામનાં પરિણામની હકીકત કહો

(ક) હામાને જે ફાંસી ચોઢાવી તે પર તેનેજ ફાંસીએ દેવામાં આવે છે

(ખ) એક નવો કાયદો જાહેર કરવામાં આવે છે ને યહુદીઓ બચી જાય છે

(ગ) મોર્દખાય ને એસ્તેર માન પામે છે

(ઘ) ખુશી થએલા યહુદીઓ એસ્તેરનો આભાર માને છે. આ વાત પર વિશેષ ભાર મુકો કારણ કે શિખામણ લાગુ પાડવામા તે વિશેષ ઉપયોગી થશે. રાજા, મોર્દખાય તથા યહુદીઓ એ બધા તેનો ઉપકાર માને છે

બાયડી પોતાની હિમ્મતથી લોકોનો બચાવ જવલ્લેજ કરી શકે છે, પણ આજના પાઠમાં એવી બાયડીની હકીકત છે

પ્રસ્તાવના. આશ્શૂરીઓ હારી ગયા ત્યારે ફારસી લોકોનું રાજ્ય સૌથી મોટુ થયુ હતું તેઓના રાજાઓ મહા મોટા હતા, તેઓમાંનો એક અહાશ્વેરોશ હતો. તેની કારકીર્દીમાં આ પાઠના બનાવો બન્યા

પ્રકરણ ૧૫ મું.

દૃષ્ટાંત: તાલંતો.

શિક્ષકનો અભ્યાસપાઠ: માત્થી ૨૫, ૧૪-૩૦.

સોનેરી વાક્ય: "શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું થોડામાં વિશ્વાસુ થયો છે, હું તને ઘણા પર ઠરાવીશ, તું તારા પ્રભુના આનંદમાં પેસ" (માત્થી ૨૫; ૨૧).

યુવાવસ્થાના વિદ્યાર્થીઓને માટે આ દૃષ્ટાંત વિશેષ લાયક છે. કારણ કે તે વિવેકબુદ્ધિને તથા પ્રેરકબુદ્ધિને ઉશ્કેરવાની સારી તક આપે છે.

જો કોઇ સેવા કરશે તો તેની સેવાનો પૂરો બદલો મળશે આપણો પ્રભુ તેના બોધમાં આ દલીલ ઘણી વાર વાપરતો હતો,

આત્મિક શિખામણ.

અને તે કાચા મનવાળા માણસોને માટે વિશેષ ઉપયોગી છે, તોપણ આત્મિક જીંદગીમાં તેની અસર થયા વગર રહેતી નથી. જો વિદ્યાર્થીઓને દેખાડી શકીએ કે, જીંદગીની સાધારણ બાબતોમાં તેમજ સેવા કરવામાં માણસને તેના કામ પ્રમાણેજ બદલો મળે છે, તો આપણો મુખ્ય હેતુ પૂરો પાડવાને આપણે ઘણું કર્યું ગણાશે

જ્યારે આપણે પ્રભુ તરફથી મળેલાં કૃપાદાનો તેની સેવા કરવામાં વાપરીએ છીએ, ને તેને તેઓને અર્પણ કરીએ છીએ,

આત્મિક શિખામણ કેવી રીતે લાગુ પાડવી.

ત્યારેજ આપણે તેનો સારો ઉપયોગ કર્યો કહેવાય. જો કે આપણી શક્તિઓ પ્રગટ રૂપે દેખાતી ન હોય તોપણ આપણ બધાની પાસે એવી કેટલીક શક્તિઓ છે. કેટલાએકની શક્તિઓ કદી પ્રફુલ્લિત થતી નથી, કારણ કે દૃષ્ટાંતમાંના એક તાલંત-

વાળા માણુસની પેઠે તેઓ પોતાની શક્તિઓ સંતાએલી રહેવા દે છે. પરમેશ્વર એકલો આપણી શક્તિઓ સંપૂર્ણ રીતે કામમાં લાવી શકે છે, અને જે માણસો વિષે આપણને કદાચ એવું લાગે કે તેઓમાં કંઈ શક્તિ નહિ હોય તેઓમાં અજાયબ જેવી શક્તિ તે પ્રફુલ્લિત કરી શકે છે. દાખલા તરીકે જોન બન્યન, કે તે દારૂ પીનાર કલાઇગર હતો. જો પરમેશ્વરે તેની ઢંકાએલી શક્તિ પ્રફુલ્લિત થવા દીધી નહિ હોત તો 'યાત્રાકારી' જેવુ અત્યુત્તમ પુસ્તક લખી શકત નહિ. કોણ જાણે કે આ સાબ્બાથશાળાના વર્ગમાં કેટલી બધી શક્તિઓ ઢંકાએલી હશે. આપણ બધા પોતાને પરમેશ્વરને સપૂર્ણ રીતે અર્પણ કરીએ, એ માટે કે જે શક્તિઓ તેણે આપણને આપેલી છે તેઓનો સારો ઉપયોગ કરવાને તે મદદ કરે.

પાઠની રસિક વાત ત્રણ છે.

૧—શારીરિક વાત. આ પાઠની વાત તે મનની વૃદ્ધિ વિષેની નથી, પણ શરીરનાં કામ વિષેની છે, માટે કામ તે તેની મુખ્ય વાત છે.

રસિક વાત

૨—માનસિક વાત. આ પાઠ બરાબર શિખવીશું તો વિદ્યાર્થીઓને પોતાની વિવેકબુદ્ધિને વાપરવાની તક મળશે.

૩—નૈતિક વાત વિદ્યાર્થીની પ્રેરકબુદ્ધિને આ વાત સારી લાગે છે. કારણકે તેમાં બદલો તથા શિક્ષા સાફ જોવામાં આવે છે. અને તેઓ એકાયદે આપવામાં આવતા નથી, પણ તેઓ વર્તણૂકનુ સ્વાભાવિક પરિણામ છે.

વખત.—ઈશુ ખ્રીસ્ત પરસ્વાધીન કરાયો તેના બે દિવસ પહેલાં, માટે તે તેના સૌથી છેલ્લાં ભાષણોમાંનુ એક છે.

વાર્તા.

ઠેકાણું.—જૈતુન પહાડના ઢોળાવમાં, જ્યાંથી યરૂશાલેમ ઊંચે દેખાય છે ત્યાં.

૧. **ધણી.**—પૈસાદાર ધણીને જુઓ. થોડી વાર પછી તે પરદેશ જવાનો છે, સુંદર પોષાક પહેરીને તે પોતાની ઓફીસમાં બેઠેલો છે, તેના કારભારીઓ એક પછી એક તેની પાસે આવે છે ને પોતાની ગેરહાજરીમાં તેઓએ શું કરવું તે કહી દેખાડે છે. વેપાર (કામ કરવું) કરવાને માટે દરેકને પૈસાની રકમ આપવામાં આવે છે. જેઓનું સામર્થ્ય વધારે છે ને જેઓનો અનુભવ વધારે છે તેઓને વધારે સોંપવામાં આવે છે. કામ પુરૂ થાય છે ત્યારે તેના ચાકરો સહિત તે ધણી જાય છે. અને કામ કાજ ચલાવવાને માટે કારભારીઓ પાછળ રહે છે. જે વખતે આ બનાવ બન્યો, તે તરફ છોકરાંઓ ધ્યાન ખેંચો. ઇશુ ત્યાંથી જવાની તૈયારીમાં હતો એટલામાંજ. આ કારણુને લીધે દૃષ્ટાંત વધારે મનોરંજક છે. ખ્રીસ્ત પોતે ધણી છે કે જે પરદેશમાં જઇને પાછો આવવાનો છે, માટે આ દૃષ્ટાંતની વાત તેનું પ્રોગ્રામ હતું બરાબર સમજાવો કે, પામનારના ગજા પ્રમાણે તાલંતો આપવામાં આવ્યાં હતા. તાલંત તે પૈસાની ઘણી મોટી રકમ હતી, તેના આજ કાલના આસરે દોઢ લાખ રૂપીઆ થાય. વિદ્યાર્થીઓને પુછો કે, ખ્રીસ્ત પોતાના લોકોને કેવાં તાલત આપે છે. [તદુરસ્તી, દ્રવ્ય, ખાનદાની, શારીરિક શકિત, ઉત્સાહ, કેળવણી, અનુભવ. છોકરાઓ એવો જવાબ આપે એવો યત્ન કરો]. વાંચો યાકૂ. ૧, ૧૭.

૨. પાંચ તાલતવાળો માણુસ.

કલમ ૧૬ અને ૧૯-૨૧ સુધી વાંચો. તે કેટલુ કમાયો હતો? તેને તેની મહેનતનો કેવો બદલો મળ્યો? છોકરાં બેબલમાંથી સવાલનો જવાબ શોધી કાઢે એવુ ઉત્તેજન તેઓને આપો.

૧. જેની પાસે વધારે થાપણ છે તે વધારે મોટો માણુસ ગણાય છે. છોકરાને સમજાવો કે, ખ્રીસ્તને માટે કામ કરવાથી તેઓ સહુથી મોટું માન મેળવી શકે છે.

૨. ધણીની શાબાશી. "શાબાશ, ભલા તથા વિશ્વાસુ ચાકર." માત્થી ૧૩; ૪૩ વાંચો. જો એવો બદલો મળે તો આખી સૃષ્ટિ કેટલી બધી પ્રશંસા કરશે.

૩. ચઢીઆતી નોકરી. પહેલવહેલાં તે ચાકર હતો, પણ હમણાં તે કારભારી થઈ ગયો છે. "હું તને ઘણાં પર ઠરાવીશ." (જુઓ પ્રકટી. ૩, ૨૧) તેનો બદલો ચઢીઆતી પદવી છે. દાખલાને માટે બતાવો કે સરકારમાં તેમજ બીજા કામોમાં સારૂં કામ કર્યાનો બદલો તે 'પ્રોમોશન' છે. માણસો હમેશાં સંસારની મોટી પદવી શોધે છે પણ જે મોટી પદવી પરમેશ્વર આપે છે તે કેટલી વિશેષ મોટી છે?

૪. તે ધણીના આનંદનો ભાગીદાર થયો. (જુઓ હેબ્રી. ૧૨; ૨).

૩. બે તાલંતવાળો માણસ.

કલમ ૧૭ મી વાંચો. આ માણસ કેટલુ કમાયો હતો? તે બીજા બે તાલત કમાયો. એટલે જેમ પહેલા માણસે તેમ તેણે પણ પોતાનું બમણું કર્યું હતુ. તેનો તથા પહેલા માણસનો બદલો લગભગ સરખો છે (કલમ ૨૨, ૨૩). પહેલા માણસને જે ચાર બદલા મળ્યા, તે વિદ્યાર્થીઓ પાસે ફરી કહેવડાવો. ધણીએ ઠરાવ્યું કે પહેલાએ જેવું સારૂં કર્યું હતું, તેટલુજ સારૂં બીજાએ કર્યું હતું. એ કેમ બની શકે? કેટલાએક માણસો ખિન્ન થાય છે, કારણ કે તેઓનું સામર્થ્ય બીજાઓ કરતાં ઓછું છે. શું આ બાબતમાં પરમેશ્વર પક્ષપાતી છે? ના, કારણ કે શરૂઆતમાં જેની પાસે પાંચ તાલંત હોય તેની જવાબદારી વિશેષ છે. જો પાંચ તાલંતવાળાએ કેવળ બીજાં ચાર તાલંત મેળવ્યાં હોત, ને બે તાલંતવાળાએ બીજાં બે તાલંત મેળવ્યાં હોત તો પાંચ તાલંતવાળો બે તાલંતવાળા જેવો સારો ગણાત નહિ.

૪. એક તાલંતવાળો માણસ.

કલમ ૧૮મી વાંચો. શરૂઆતથી તે પોતાના ધણી ઉપર દ્વેષ રાખતો હતો. આનું કંઈ પણ કારણ નહોતું, કારણ કે આપણે જોયું હતું કે કેવો બદલો મળશે તે મળેલાં તાલંતના ઉપયોગ ઉપર આધાર રાખે છે. જેઓનું કામ નિષ્ફળ થાય છે તેઓ ઘણીવાર પરમેશ્વર પર દોષ મુકે છે. આ ચાકરે પોતાનું તાલંત દાટી મુકયું. આપણે તાલંત કે સામર્થ્ય કેવી રીતે દાટી મુકીએ? બેદરકારીથી, વૃથાભિમાનથી આપણે ઘણીવાર સામર્થ્યનો ઉપયોગ કરતા નથી, આપણે કંઇ પરાક્રમી કામ કરવા ચાહીએ છીએ, માટે સાધારણ કામ કરવા કંટાળીએ છીએ. બીજા માણસે પોતાનાં તાલંતનો સારો ઉપયોગ કરવાથી વધારે મેળવ્યું, અને આ માણસ પણ તેજ પ્રમાણે કરી શકત.

કલમ ૨૪, ૨૫ વાંચો. પોતાના મ્હોડેથીજ તે દોષિત ઠર્યો હતો. તેને કેવી શિક્ષા મળી? કલમ ૨૬—૩૦ વાંચો.

૧. તેણે પોતાની જગ્યા તથા ધણીની મહેરબાની ખોઇ. શું તે આવી શિક્ષા પામવાને પાત્ર હતો?

૨. તે જેવો હતો તેવોજ પ્રગટ કરવામાં આવ્યો, ને તેથી તેની ફજેતી બધાની આગળ થઇ હતી.

૩. તેણે પોતાનું તાલંત ખોયું. આપણે પોતાને મળેલી વસ્તુઓ ન વાપરવાથી તેમને ખોઇએ છીએ.

૪. તે કાઢી મુકાયો. એ વાત બહુજ ત્રાસજનક છે.

પ્રસ્તાવના.

જ્યારે હરીફાઇની શરતમાં દાખલ થઇએ છીએ ત્યારે કેવું ઇનામ મળશે તે વિષે વિચાર કરીએ છીએ, અને જીંદગીરૂપી મોટી હરીફાઇમાં કેવાં ઇનામ મળશે તે આપણે સ્વાભાવિક રીતે જાણવા ચાહીએ છીએ. તે વિષે પરમેશ્વરે આપણને અજ્ઞાનપણામાં મુકયા નથી, અને તાલંતના દ્રષ્ટાંતમાં પ્રભુ ઇસુએ તે વિષે આપણને ખબર આપેલી છે.

પ્રકરણ ૧૬ મું.

એક ગીત. ગીત. ૩૨

શિક્ષકનો અભ્યાસપાઠ: ૨ શમૂ. ૧૧; ૧૨, અને ગીત ૫૧.

સોનેરી વાક્ય: ગીત ૩૨. ૧, ૨.

આના જેવા ગીતનું શિક્ષણ આપવામાં શિક્ષકને બોધભાષણ કરવાનું મન થાય એમ છે, અને આપણે જોયુ છે કે એવું કરવાથી છોકરાંનું લક્ષ જરૂર ઉઠી જશે. પાઠની તૈયારી કરીએ છીએ ત્યારે ધ્યાનમાં રાખવું કે આપણા વિદ્યાર્થીના સ્વભાવને શું વિશેષ અનુકૂળ પડે છે. યુવાવસ્થાના વિદ્યાર્થીઓને જીવન-ચરિત્ર કે જેમાં આશ્ચેર્ય તથા ફતેહમંદ કૃત્યો આવે છે તે વિશેષ સારાં લાગે છે, માટે પુછવું જોઇએ કે શું આ ગીત તેવી રીતે શીખવી શકાય એમ છે? જે કોઇ શિક્ષક પાઠની તૈયારી કરવામાં તસ્દી લેવા ખુશી છે તેને એ પ્રમાણે આ પાઠ શિખવવામાં કંઇ હરકત થાય એમ નથી. દાઉદની જીંદગીના એક વિશેષ અગત્યના તથા બોધકારક બનાવની સાથે આ ગીતનો સંબંધ છે. તે બરાબર સમજવાને માટે દાઉદનું ચરિત્ર વાંચવું જોઇએ, એ માટે કે તે ગીત લખવાનું પ્રયોજન જાણવામાં આવે. આ ગીતના સ્વાભાવિક રીતે બે ભાગ છે. એક ઐતિહાસિક અથવા અનુભવને લાગુ પડે એવો, ને બીજો બોધદાયક; પણ આ બે ભાગ સાફ જુદા પાડવા નહિ, કે રખેને બીજો ભાગ શીખવીએ ત્યારે છોકરાંનું લક્ષ પહેલા ભાગ પરથી ઉઠી જાય.

આત્મિક શિખામણ.

ગીત રચનારની મુખ્ય વાત પાપની માફી મળવાથી ઉપજતો આનંદ છે. પાપ કેવું ભયંકર છે ને તેનું ફળ કેટલું અચુક છે તે દેખાડવું. પણ જેનાં પાપ માફ થાય છે તે કેટલો ધન્યવાદી છે તે પર વિશેષ ભાર મુકવો. પાપને લીધે દાઉદના ભારે દુઃખનું અને માફીને લીધે

તેના અપાર આનંદનું એવી રીતે વર્ણન કરો કે છોકરાંઓ પણ તેના આનંદનો અનુભવ લેવા ચાહે. તેઓ અલબત દાઉદને ચાહે છે, માટે તેના જીવનચરિત્ર પરથી આ શિખામણ આપવાની અગત્ય સાફ દેખાશે.

ખોટું કરીને ગુન્હો છુપાવવાનું કર્યાંથી કેવું દુ:ખ થાય છે તે તમે બધા જાણો છો. (કોઈ અમુક છોકરા કે છોડીનો દાખલો જો ટુંકામાં ને આબેહુબ આપી શકાય તો સારૂ). હ્રદયનું પાપ તે પગમાં વાગેલા કાંટા જેવુ છે. તે સડે છે. પરૂ થાય છે ને કાઢવામાં આવે ત્યાં સુધી દરદ કરે છે. પાપ કબુલ કરવામાં તથા માફી મેળવવામાં દાઉદે એટલો બધો વિલંબ કર્યો એ કેવી દુ ખની વાત છે. એક દિવસનો પણ વિલંબ કરવાની જરૂર નથી. પ્રભુ ઇસુએ વધસ્તંભ પર પોતાનું લોહી વહેવડાવ્યું, એ માટે કે બધાં પાપ ધોઇ નાખવામાં આવે પાપ ધોવાનો બીજો ઉપાય નથી. જો હ્રદયમાં છુપાવીએ તો દુ:ખ ને નિરાશા ઉત્પન્ન થાય છે. કેવળ કબૂલ કરવાથી ને માફી મેળવવાથી શાંતિ તથા આનદ થાય છે. શુ આપણ દરેકે તારનાર પાસે એવુ માગ્યું છે કે મને માફી આપ ને મને શુદ્ધ કર?

શિખામણ કેવી રીતે લાગુ પાડવી.

રસિક વાત.

ગીતમાં જે જીવનચરિત્રની હકીકત આવે છે તે સૌથી રસિક વાત છે

વખત.—દાઉદની ઉત્તરાર્દ્ધ જીંદગીમાં—બળવા પછી તેણે ફરીથી રાજ્ય મેળવ્યુ—ત્યાર બાદ.

ઠેકાણું.—દાઉદના રાજ્યસ્થાન યરૂશાલેમમાં.

(૨ શમૂએલ તથા ગીત. ૫૧ મુ તથા બીજા અધ્યાયોમાંથી તે જ્ઞાન મેળવીએ છીએ. જ્યારે તેનો ઉપયોગ કરીએ છીએ ત્યારે તે બધું પાઠના ગીત સાથે જોડવું જોઇએ, એ માટે કે તે ગીત કેવળ આધારવાક્યની માફક નહિ વાપરીએ).

૧. દાઉદનું પાપ.

દાઉદ પાપ વિષે કેવી રીતે બોલે છે તે ગીતની પહેલી વાત છે. તેનું વર્ણન કરવામાં જે જૂદા જૂદા શબ્દો તે વાપરે છે તેઓનો અર્થ તપાસીએ. ઉલ્લંઘન એટલે હદથી બહાર જવું, રખડવું; પાપ એટલે હાર, પરાજય; અન્યાય એટલે વાંકું વળેલું; કપટ એટલે દગો, કુયુક્તિ. હવે આ બધુ શાને લાગુ પડે છે? વિદ્યાર્થીઓની ઉમ્મર પ્રમાણે દાઉદનાં પાપ વિષે ઓછું વધતું કહેવુ જોઈએ. પહેલાં તે આળસુ હતો ને પોતાના ઠરાવેલા કામ પર ગયો ન હતો (૨ શમૂ. ૧૧; ૧ જુઓ). પછી તેમાંથી તે ઉરીયાહની વહુને લેવાની ઈચ્છા કરવા લાગ્યો, અને ત્યાર પછી તેને લેવા સારૂ તેના ધણીને મારી નંખાવ્યો. ઉરીયાહનો ભરોસો તેના બહાદુર રાજા પર પૂરો હતો તે તરફ વિદ્યાર્થીઓનું મન ખેંચો. રાજા દેશનિકાલ કરાયો હતો ત્યારે ઉરીયાહ તેની સાથે હતો, તે કારણ માટે આ પાપની અધમતા વિશેષ છે. એક પાપ બીજા પાપ તરફ માણસને કેવી રીતે ખેંચે છે, ને સૌથી બહાદુર તથા ભલા માણસો પાપના ઉંડાણમાં ડુબી શકે છે તે બતાવવુ જોઇએ.

૨. દાઉદનું દુ:ખ.

કલમ ૩, ૪ વાંચો. "હુ છાનો રહ્યો." એક વરસ કરતાં વધારે વખત સુધી દાઉદે પોતાના અત:કરણમાં પોતાનું પાપ છુપાવ્યું. "આખો દિવસ કણવાથી મારાં હાડકાં જીર્ણ થયાં." તેના હૃદયમાં જે પાપરૂપી ભુત ભરાયું હતું તેથી તે બિહીતો હતો. પાપ કબૂલ કરવામાં છાનો રહ્યો, પણ રડવાની બાબનમાં તે છાનો ન રહ્યો. "રાત દહાડો"—રાત્રે તેને મીઠી નિદ્રા આવી નહિ. અજવાળું થયું ત્યારે તેના દુ:ખી હૃદયમાં કંઈ ફેરફાર નહોતો થયો. બિચારો દાઉદ તેના માનસિક દુ:ખને લીધે તેનું શરીર પણ માંદું ને દુ:ખી થયું ને તેને એમ લાગ્યું કે હું સુકાઈ જાઉ છું. તેને પોતાના રાજ્યાસન પર બેઠેલો જુઓ. ચોમેર તેના હજુરીઓ છે, જયવંત સેનાપતિ તથા સિપાઇઓ

યુદ્ધમાંથી પાછા આવે છે, પણ ઉરીયાહ તેઓની સાથે નથી. દાઉદના હૃદયને ચેન પડતું નથી, તે પોતાના સિપાઈ તરફ જોવાથી શરમાય છે ને પોતાના લોકોના હર્ષમાં ભાગ લઈ શકતો નથી. ગીત. ૪૨ ; ૩, ૪ વાંચો. પરંતુ તે નિયમિત રીતે પવિત્ર મંદિરમાં જાય છે પણ તે જાણે છે કે હું તે કરવામાં ઢોંગ કરૂ છુ.

૩. દાઉદનું ગીત.

કલમ ૫-૭ સુધી વાંચો. દાઉદમાં કેવો ફેરફાર થયો છે? તેનો બોજ પડી ગયો છે, તેની શાંતિ ને તેનો આનંદ પાછાં આવ્યાં છે. આખરે તેણે પરમેશ્વર આગળ પોતાનુ પાપ કબૂલ કર્યું છે પાપનાં બહાનાં કાઢયાં નહોતાં અથવા પાપની ભુંડાઇ ઓછી લાગે એવો પ્રયત્ન તેણે કર્યો ન હતો. પણ નમ્રતાથી તથા ખેદથી એ વિષે પરમેશ્વરને બધુ કહ્યુ હતું, અને પરમેશ્વરે તરતજ તેને માફી આપી. ફરીથી પહેલી તથા બીજી કલમ વાંચો. છોકરાંઓને સમજાવો કે હજી સુધી તેનાં પાપનાં ઘણાં પરિણામો ભોગવવાનાં હતાં. જો શિક્ષકને લાગે કે છોકરાંની ઉમ્મર એટલી છે કે આવી વાત વાંચવાથી તેમને લાભ થાય, તો એવી સૂચના આપે કે ૨ શમૂએલ અધ્યાય ૧૩ થી ૧૯ સુધી ઘેર વાંચે. એ માટે કે તેઓ સમજે કે દાઉદના પાપનુ પરિણામ શું હતું? જો કે એ પાપની માફી મળી હતી તો પણ તેનાં પરિણામથી તે મુક્ત થયો ન હતો એ છોકરાંઓને સમજાવો. જે કરવું જોઇએ તે દાઉદે કર્યું છે, માટે દુઃખરૂપી તોફાન બંધ થયુ છે.

૪. દાઉદનો તારનાર.

કલમ ૮–૧૧ સુધી વાંચો. બદલાયલા માણસ સાથે પરમેશ્વર વાત કરે છે. તે વચન આપે છે કે હુ તને દોરીશ તથા શિખવીશ. દાઉદની નજર ઉરીયાહની સ્ત્રી ઉપર પડેલી હતી, અને તે નજરને લીધે તે પાપના ખાડામાં પડેલો હતો; હવે પરમેશ્વર તેને કહે છે કે મારી નજર તારા ઉપર રાખીને હુ

તને બોધ કરીશ. તેનો અર્થ આ હતો કે ભવિષ્યમાં દાઉદે પોતાની નજર પ્રભુ ઉપર રાખવી. જેમ છોકરાંની રમતનો ઉપરી પોતાના પક્ષનાં છોકરાંને કહે છે કે રમતમાં મારા પર નજર રાખવી, તેમ દાઉદે પ્રભુ પર નજર રાખવી. ગીતને અંતે દાઉદના આનંદનો પોકાર આવે છે તે ફરીથી વાંચો. પણ દાઉદ પોતા વિષે કેવી રીતે કહી શકે છે કે હુ હૃદયનો યથાર્થી છું. ગીત ૫૧ ; ૭–૧૦ વાંચો, કે જે ગીત દાઉદે તેજ વખતે લખ્યુ હતું. દાઉદ સંપૂર્ણ રીતે જાણતો નહોતો કે માણસનુ હૃદય કેવી રીતે શુદ્ધ તથા પવિત્ર થાય, પણ આપણે તે જાણીએ છીએ (૧ યોહા. ૧ , ૭).

પ્રસ્તાવના

છોકરાંને પુછો કે ગીતના પુસ્તકનો વિશેષ ભાગ કોણે લખ્યો? દાઉદે. તેનાં ગીત વાંચવાથી તેના જીવનચરિત્ર વિષે ઘણું શીખીએ છીએ કેટલાંકમાં તે ઘેટાપાળક છે, બીજાં કેટલાંકમાં તે દેશનિકાલ કરાયલો માણસ છે ને બીજાઓમાં તે રાજા છે. ૩૨ મુ ગીત તેના અનુભવના એક બહુજ દુઃખી બનાવને લાગુ પડે છે.

યુવાવસ્થાના વિદ્યાર્થીઓના પાઠના પ્રશ્નો.

૧. નીચે લખેલા વિષયોમાં યુવાવસ્થાના વિદ્યાર્થીઓને કઈ વાત વિશેષ રસિક લાગે છે :—

(ક) યરૂશાલેમ તરફ એઝરાની મુસાફરી (એઝ. ૧ ;)
(ખ) માત્થીનું તેડુ (માત્થી ૯ . ૯-૧૩).
(ગ) જાખીનું બદલાવું (લુક ૧૯ ;).

૨. નીચે લખેલા પાઠ ઉપરથી યુવાવસ્થાના વિદ્યાર્થીઓને જે આત્મિક શિખામણ વિશેષ લાગુ પડે છે તે આપો.

(ક) ફારૂન રાજા ઈસ્રાએલીઓની પુઠે લાગ્યો (નિર્ગ. ૧૪ ;).
(ખ) સુકાઇ ગએલા હાથવાળાને સાજો કર્યો (માત્થી ૧૨ ; ૧-૧૪).

(ગ) અશુદ્ધ આત્માનું દષ્ટાંત (માત્થી ૧૨; ૪૨-૪૫).

૩. નીચે લખેલા પાઠો ઉપરથી યુવાવસ્થાના વિદ્યાર્થીઓને માટે કઇ આત્મિક શિખામણ લેવી ને તે કેવી રીતે લાગુ પાડવી ને સંક્ષેપમાં લખો.—

(ક) લુતનો બચાવ (ઉત્પ. ૧૪;).

(ખ) ચાકરોનું દષ્ટાંત (લુક ૧૨; ૩૫-૪૮).

(ગ) સ્તેફનનુ મરણ (પ્રે. કૃ. ૭;).

૪. યુવાવસ્થાના વિદ્યાર્થીઓને શિખવવાને માટે નીચે લખેલા પાઠોની પ્રસ્તાવના કેવી રીતે કરશો:—

(ક) દાઉદ પર યોનાથાનનો પ્રેમ (૧ શમૂ. ૧૮,).

(ખ) નાઝારેથમાંથી ઇસુને કાઢી મુકે છે (લુક ૪; ૧૬-૩૧).

(ગ) લાજરસ તથા દ્રવ્યવાનનું દષ્ટાંત (લુક ૧૬,).

૫. આગળનાં પ્રકરણોના દાખલાઓને અનુસરીને યુવાવસ્થાના વર્ગના વિદ્યાર્થીઓને માટે નીચે લખેલા વિષય પર પાઠ તૈયાર કરો. (જવાબમાં પાંચસો શબ્દ કરતાં વધારે ન લખવા).

વાર્તારૂપી પાઠ.

(ક) એલીયાહનું નાસી જવું. ૧ રાજા. ૧૯;
સોનેરી વાકય: યશા. ૪૧: ૧૦.

(ખ) ખ્રીસ્ત તથા યોહાન બાપ્તિસ્મા કરનાર. માત્થી ૧૧; ૧–૧૫.
સોનેરી વાકય: ૧ પીત. ૧; ૮.

જીવનચરિત્રનો પાઠ.

(ગ) યોઆસ. ૨ કાળ. ૨૪.
સોનેરી વાકય: દષ્ટાં. ૧૬; ૧૮.

(ધ) રૂથ. રૂથનું પુસ્તક.
સોનેરી વાક્ય ગીત. ૫૫ , ૭.

(ડ) યાકૂબ તથા યોહાનની વિનંતી. માત્થી. ૨૦ , ૧૭–૨૮.
સોનેરી વાક્ય . પ્રકટી. ૩ , ૨૧.

(ચ) હબસી ખોજાનુ બદલાવુ. પ્રે કૃ ૮.
સોનેરી વાક્ય કલો ૧ . ૧૩, ૧૪.

(છ) બંદીખાનાના દરોગાનુ બદલાવુ પ્રે. કૃત્ય ૧૬
સોનેરી વાક્ય ૩૧ મી કલમ

દૃષ્ટાંત

(જ) દ્રવ્યવાન મૂર્ખ. લુક ૧૨ ;
સોાનેરી વાક્ય . માત્થી ૬ ; ૩૩

(ઝ) ઉડાઉ દીકરો લુક ૧૫ ,
સોનેરી વાક્ય યશા ૫૫ , ૭

ગીત.

(અ) ત્રીજુ ગીત (પોતાના દીકરા આબ્શાલોમથી નાસી જતી વખતનુ દાઉદનુ ગીત)
સોનેરી વાક્ય · ગીત ૫૯ . ૧૬